
# વિહંગ

પક્ષીનિરીક્ષકો વચ્ચેનો સેતુ

શિશિર ૨૦૦૪



*He receives 'Excellence in Ornithology'*

પરામર્શક : લાલસિંહ રાઓલ

સંપાદક : ડૉ. બકુલ ત્રિવેદી

# પંખીઓના વ્યાપમાં થતા ફેરફાર

લાલસિંહ રાઓલ

પંખીઓના વ્યાપમાં થતી વધઘટ અંગે ગયા અંકમાં થોડો ઉલ્લેખ કરેલો. હવે તેવા એક બે દાખલા જોઈએ. મોટાં પંખીઓની હાજરી - ગેરહાજરી વહેલી ધ્યાનમાં આવે. ગાજહંસ (Graylag Goose) અને રાજહંસ (Barheadad Goose) આવાં પંખીઓ છે. વ્યાપમાં વધારાની વાત તે બે હંસોથી કરીએ.

ગુજરાત રાજ્ય અંગેની ગાજહંસ માટેની પહેલી સત્તાવાર નોંધ ઈ.સ.૧૮૭૬ની મળે છે. હ્યુમે શરૂ કરેલ પંખીઓ અંગેના સામયિક 'Stray Feathers' (IV : 26)માં બટલરે તેને ઉત્તર ગુજરાત અને અમદાવાદ આસપાસ વિરલ (rare) કહ્યો છે.

સન ૧૯૩૦ પહેલા કચ્છના છારી ઢંઢમાં ગાજહંસ શિયાળામાં દર વરસે-સેંકડોની સંખ્યામાં આવતા. કચ્છના મહારાવ સ્વ.શ્રી વિજયરાજજીએ B.N.H.S.ના જર્નલ (વૉ. ૨૧, પૃ. ૬૭૮-૭૯)માં તે જણાવેલ. કચ્છમાં થઈને થોડા ગાજહંસ જામનગર પંથક અને ઉત્તર ગુજરાતમાં આવતા હતા. કચ્છમાં ઉત્તરોત્તર ફેરફારને કારણે પછી છારી ઢંઢ સૂકાઈ જતાં ગાજહંસ કચ્છમાં આવતા બંધ થઈ ગયા. સ્વ. સલીમઅલીના પુસ્તક 'Birds of Kutch' માં તે અંગેનો સ્વતંત્ર લેખ બહુ રસપ્રદ છે.

સન ૧૯૩૦ પછીના ઉલ્લેખો જોઈએ તો, આર.એમ.સીમન્સે ૧૯૩૨માં કરેલા બતકોના શિકારમાં ૧-૨થી વધારે હંસ ભાગ્યે જ મળતા, એમ લખ્યું છે. 'જર્નલ' (વૉ. ૨૬, પૃ. ૬૭૪)માં એક અંગ્રેજ અમલદારે આપેલ નોંધ મુજબ બાલંભા આસપાસ (જિ. જામનગર) ૩-૪ દિવસમાં તેણે કરેલ બતકોના શિકારમાં અડધો ડઝન ગાજહંસ મારેલા. ૧૯૪૭ના શિયાળામાં વાંકાનેરથી જે એક મરેલ પંખી ઓળખ માટે સ્વ. ધર્મકુમારસિંહજીને મોકલવામાં આવેલ તે ગાજહંસનો નર નીકળ્યો. આ બાબતોના આધારે તેમણે પોતાના પુસ્તક ' Birds of Saurashtra' માં ગાજહંસનો સમાવેશ કરેલો.

ગુજરાતનાં પશુપંખીઓનાં અવલોકનો કરી તેમને વિશે વ્યવસ્થિતપણે લખવાની શરૂઆત કરનાર 'વનેચર' (સ્વ. હરિનારાયણ આચાર્ય)ને ગાજહંસ ગુજરાતમાં જોવા મળેલ નહીં.

સ્વ. સલીમ અલીને સને ૧૯૪૪ અને '૪૬માં એકથી પાંચ માસ સુધી જુદી જુદી વખત કરેલ ગુજરાતનાં પંખીઓનાં સર્વેક્ષણોમાં તથા ૧૯૪૮માં કરેલ એક ટૂંક સફરમાં ગાજહંસ મળેલા નહીં. તા. ૨૩-૧૧-૮૪ના રોજ સ્વ. સલીમ અલીને લઈને મારે નળ સરોવર જવાનું થએલું. બે હોડીઓ કરી અમે સરોવરમાં પંખીઓ જોવા નીકળ્યા. થોડે જતાં એક નાના બેટડા ઉપર ૮-૧૦ પંખીઓ અડોઅડ બેઠેલા મારી નજરે ચડ્યાં. મને તે નવીન લાગ્યાં. કદમાં બતકોથી મોટાં હતાં. દૂરબીન માંડી જોયું તો ગાજહંસ! હું ખુશ થઈ ગયો. આગલી હોડીમાં બેઠેલા સ્વ. સલીમ અલીનું મેં તે તરફ ધ્યાન ખેંચ્યું. તેમણે દૂરબીનથી તેનું નિરીક્ષણ કર્યું અને મારી ઓળખ માન્ય રાખી. આ પછી તો તે ગોબળજ (જિ.અમદાવાદ) અને થોળ (જિ. મહેસાણા)નાં તળાવોમાં પણ મને જોવા મળતા.

દર વરસે જાન્યુઆરીમાં થતી જળપંખીઓની ગણતરીમાં ગાજહંસ અમને પહેલાં બનાસકાંઠા અને સાબરકાંઠાનાં જળાશયોમાં મળવા માંડ્યા. દર વરસે ક્રમશઃ તેઓ દક્ષિણ તરફ આગળ વધતા જતા હતા. પરિણામે નવાં નવાં જળાશયોમાં ઓછી વધતી સંખ્યામાં તે દેખાતા. હવે શિયાળામાં ગાજહંસોનું ગુજરાતમાં આગમન સામાન્ય બની ગયું છે. ખેડા જિલ્લાનાં ત્રાજ, નારદા, પરિએજ, કનેવાલ તથા બીજાં જળાશયોમાં તેઓ દર વરસે આવે છે. વડોદરા અને પંચમહાલ તથા દક્ષિણ ગુજરાતના જિલ્લાઓમાં તેની હસ્તી નોંધાય છે. રાજકોટના ન્યારી -૧ ડેમ ઉપર શ્રી રાજદીપ ઝાલા અને અશોક મશરૂને તા. ૩૦ -૧-૦૧ના રોજ બે ગાજહંસ જોવા મળ્યા.

(અનુસંધાન પા.૩૦ ઉપર)

## સૂચિ




| | |
|---|---|
| પંખીઓના વ્યાપમાં થતાં ફેરફાર | ૨ |
| નિરીક્ષણ નોંધ | ૪ |
| સારસ વોચ | ૨૧ |
| નીંધ પર જાપતો | ૨૨ |
| પત્રસેતુ | ૨૪ |
| પક્ષીનો બચાવ તથા સંભાળ | ૩૧ |
| મારો પક્ષીનિરીક્ષણનો શોખ | ૩૨ |
| પક્ષીઓમાં શ્રાવ્ય વ્યવહાર | ૩૪ |
| મ.કુ.હિંમતસિંહજીની કલમે | ૩૮ |


આવરણ

શ્રી લવકુમાર ખાચર

રેખાચિત્ર : ડૉ. બકુલ ત્રિવેદી


# વિહંગ

વર્ષ-૭ સળંગ અંક ૨૧ શિશિર ૨૦૦૪

પરામર્શક લાલસિંહ રાઓલ    સંપાદક ડૉ. બકુલ ત્રિવેદી

સંપાદક મંડળ

પી.એસ.ઠક્કર, ડૉ.આર.બી.બલર, કે.ડી.વૈષ્ણવ

પત્રવ્યવહાર

૧૯/૪૧૪, સત્યાગ્રહ છાવણી, સેટેલાઇટ રોડ, અમદાવાદ-૩૮૦૦૧૫

E mail : vihangujarat@yahoo.co.in

સ્વૈચ્છિક લવાજમ : વાર્ષિક રૂા.૧૦૦-૦૦ (શુભેચ્છા ફાળો આવકાર્ય - 'વિહંગ' ના નામે ચેક / ડ્રાફ્ટ અથવા મ.ઓ.થી.)

પ્રકાશક : લાલસિંહ રાઓલ, સી-૨, હરિઓમ એપાર્ટમેન્ટ, ટાઇમ્સ ઓફ ઇન્ડીયા પ્રેસ રોડ, જીવરાજ પાર્ક, અમદાવાદ-૩૮૦૦૫૧.

મુદ્રક : ડૉ. બકુલ ત્રિવેદી, મુદ્રણસ્થાન : 'શારદ પ્રકાશન', ૫, સનપોઈન્ટ કોમ્પ્લેક્ષ, ગુરુકુળ સામે, અમદાવાદ-૩૮૦૦૫૨.


## સંપાદકીય



'શરદ' અંકમાં મોડું થઈ જતાં, શરદ-શિશિર સંયુકત અંક, વધુ પાના સાથે પ્રસ્તુત કરીએ છીએ. વિક્રમ સં.૨૦૬૦ તથા ઈ.સ. ૨૦૦૪ને વધાવી લઈએ અને પ્રકૃતિ- સંરક્ષણના આપણા પ્રયાસોમાં નવું જોમ લાવીને ઝુકાવી દઈએ.

નવા વર્ષની શરૂઆત જ કેટલી સુંદર રહી! આપણા સૌના વડીલ, પ્રકૃતિવિદ્ શ્રી લવકુમાર ખાચરને બી.એન.એચ.એસ. તરફથી 'Excellence in Ornithology'નો ખિતાબ મળ્યો. ગુજરાતને 'પ્રકૃતિ શિબિર'ની વિભાવનાનો ઉપહાર આપનાર આ મહાનુભાવ, જેમણે પર્યાવરણ- સંરક્ષણનાં જુદાં જુદાં ક્ષેત્રે મહત્ત્વનું યોગદાન આપ્યું છે તેમનું, આંતરરાષ્ટ્રીય ખ્યાતિ ધરાવતી, પ્રકૃતિસંરક્ષણ માટે કાર્યરત, ભારતની સર્વોચ્ચ સંસ્થા બી.એન.એચ.એસ તરફથી સન્માન થવું, એ સમગ્ર ગુજરાત માટે ગૌરવની વાત છે.

તેઓના સીધા પ્રભાવ હેઠળ તૈયાર થયેલા કે પ્રકૃતિશિબિરના અભિયાન વડે સંસ્કારિત થયેલા સેંકડો યુવાનોએ પર્યાવરણ-સંરક્ષણ ક્ષેત્રે એક બીજી હરોળ ઊભી કરી છે. સંયુકત રીતે કે વ્યકિતગત રીતે તેઓ સૌ પોતાની આગવી શૈલીમાં પોતાનો ફાળો આપ્યા કરે છે. હું આને એક મહત્ત્વની ઉપલબ્ધિ સમજું છું.

આ જ પ્રકૃતિશિબિરોની પ્રવૃત્તિને ગંભીર રીતે અસર કરે તેવી ઊભી થયેલી એક નવી પરિસ્થિતિની જાણ હમણાં થઈ. ઑક્ટો.ના અંતમાં ડાંગ જિલ્લાના પૂર્ણા અભયારણ્યમાં જવાનું થયું, ત્યારે જાણવા મળ્યું કે, વનવિભાગ તરફથી અભયારણ્યની અંદર આયોજિત પ્રકૃતિશિબિરના આયોજકો પાસેથી શિબિરના પ્રત્યેક દિવસપેટે બેથી અઢી હજાર રૂપિયાનો ફાળો ઉઘરાવવાનું નક્કી થયું છે. પ્રકૃતિશિબિરોની પ્રવૃત્તિ ભલે ક્યારેક વ્યાવસાયિક ધોરણે થતી હોય, છતાં તેનો ઉદ્દેશ શૈક્ષણિક છે, વિદ્યાર્થીઓ, યુવાનોને નિસર્ગ પ્રત્યે અભિમુખ કરવાનો છે. આ શિબિરો, પ્રકૃતિસંરક્ષણ પ્રત્યે સમાજમાં એક વ્યાપક જાગૃતિ ઊભી કરવાનું તો કાર્ય કરે જ છે, સાથે સાથે, વનવિભાગ માટે આયોજકો- સ્વંયસેવકો પાયાના પ્રતિનિધિ તરીકે તથા અસરકારક રીતે દેખરેખ રાખવાનું પણ કાર્ય કરી શકે છે.

અભયારણ્યમાં આચરિત ગેરરીતિઓ અંગેની તથા ત્યાંની જૈવિક સમૃદ્ધિ અંગેની માહિતી તેઓ એકઠી કરી વનવિભાગને તથા પ્રકૃતિસંરક્ષણ

અંગે કામ કરતાં સંસ્થાનોને પહોંચાડી શકે છે. આ એક ઉપયોગી બાબત છે. એક બાજુ પ્રકૃતિ- પ્રવાસનને વધારે વિકસાવવાની ચર્ચા સંભળાય છે, ત્યારે પ્રકૃતિશિબિરો જેવી પર્યાવરણલક્ષી પ્રવૃત્તિમાં અવરોધ શા માટે?

વિશેષ ધ્યાન, અભયારણ્યોમાં થતાં શિકાર અટકાવવા બાબતે તથા તેમાં ઊભી થતી ગેરકાયદેસર વસાહતો અને ખેતીને લીધે થતા જંગલ-કપાત ઉપર આપવાની જરૂર છે. પૂર્ણા અભયારણ્યના આરામગૃહથી થોડેક જ દૂર અંદરના ભાગમાં મોટા પાયે વાંસ કપાતો જોઈ આશ્ચર્ય થયું. પાછા ફરતાં સોનગઢ પાસે આવેલા કાગળના કારખાના પાસે મોટા પ્રમાણમાં ખડકાયેલા વાંસને જોઈને તાળો મળી ગયો. આ એક જ કારખાનાને જીવતું રાખવા જંગલના કેટલા મોટા વિસ્તારમાંથી વાંસ કપાતો હશે!?

અને માત્ર અભયારણ્યો સાચવીને સંતોષ માનવાનો નથી. શ્રી લવકુમાર ખાચરના કહેવા મુજબ આખું ગુજરાત અભયારણ્ય બનવું જોઈએ. આપણે સૌએ સાથે મળીને એ ધ્યેય હાંસિલ કરવાનું છે.

# નિરીક્ષણ નોંધ



## પ્રકૃતિ શિબિર : વઘઈ, 'કિલાદ કેમ્પસાઈટ' ખાતે

પ્રકૃતિશિક્ષણ, વનપરિભ્રમણ, પક્ષીનિરીક્ષણ, આકાશદર્શન, વગેરે પ્રવૃત્તિઓમાં કાર્યરત એવી વડોદરાની 'પરિવર્તન' સંસ્થાના શ્રી ભૂપેશ શાહ સાથે અમે ૧૦ સભ્યોએ સંસ્થા દ્વારા તા. ૧૨-૧-૦૩ થી તા. ૧૫ - ૦૧ - ૦૩ દરમિયાન દક્ષિણ ગુજરાત ખાતેના' વાંસદા રાષ્ટ્રીય ઉદ્યાન' ખાતે યોજાયેલ પ્રકૃતિ - પક્ષીદર્શન શિબિરમાં ભાગ લીધો હતો.

ઉપરોક્ત સમયગાળા દરમિયાન 'વાંસદા રાષ્ટ્રીય ઉદ્યાન', વનવિભાગની કિલાદ 'કેમ્પ સાઈટ' તથા 'બોટનીકલ ગાર્ડન', વઘઈ ખાતે નીચે જણાવ્યા મુજબનાં પક્ષીઓ જોવા મળ્યાં.

સોનેરી લક્કડખોદ, કાળો કોશી, ભીમરાજ, દૂધરાજ, મોટો લીલો કંસારો, શ્યામશિર ટપૂશિયું - ('કીલાદ કેમ્પ સાઈટ'ની વનકેડી પર બપોરે ૪-૦૦ના સુમારે સૂકા ઝાડની ટોચની ડાળીઓ પર નિરાંતે બેસીને પાંખો સાફ કરતાં હતાં (સંખ્યા - ચાર), ટપૂશિયું (વનકેડી પર), તુતવારી - ('કેમ્પ સાઈટ' પાસે - નદી કિનારે), પતરંગા, કાજિયા - (સાંજના સમયે કેમ્પ સાઈટ પરથી ઊડીને પસાર થતાં (સંખ્યા -૧૫), ટિટોડી, સફેદપેટો કોશી, પીળક, શ્યામશિર પીળક, વગેરે.

આ ઉપરાંત ઘણાં પક્ષીઓના કર્ણપ્રિય અવાજો સતત સંભળાતા હતા. કેટલીક વાર તો ખૂબ નજીકના કે માથા પરના ઝાડ પરથી પક્ષીઓનો અવાજ આવે પણ પક્ષી જોવા ન મળે, એવું પણ થયું.

'કિલાદ કેમ્પ સાઈટ' ખાતે દૂધરાજ અવશ્ય જોવા મળી જાય છે, એવું ત્યાંના કર્મચારીઓ તથા સુરત પ્રકૃતિ મંડળના ત્યાં આવેલા સભ્યોએ અમને જણાવેલું, પરંતુ બે દિવસના અમારા મુકામ કે પરિભ્રમણ દરમિયાન તેની ઝાંખી પણ ન થઈ, તેથી થોડી નિરાશા પણ થઈ હતી. પરંતુ તા. ૧૫-૧-૦૩, અમારે ત્યાંથી વિદાય લેવાનો દિવસ, અમારા માટે ઉત્સાહવર્ધક અને ચિરસ્મરણીય બની ગયો. સવારે ૮-૩૦ વાગ્યાના સુમારે 'કિલાદ કેમ્પ સાઈટ'ની ડંકી પરથી પાણી લેતી વખતે ધ્યાન ગયું, કે અચાનક ઊડીને આવેલા દૂધરાજે અમારાથી ફક્ત ૧૨-૧૪ ફૂટ દૂરના ઝાડની ડાળીના છેડે ઉતરાણ કર્યું છે! ત્યાં હાજર અમે ત્રણ જણ એને ઉત્સાહથી જોતા જ રહ્યાં. પછી અન્ય મિત્રોને ઈશારાથી બોલાવી લાવીને સૌએ એનું નિરીક્ષણ કર્યું. ત્યાં સુધી એ ઝાડ પરની તથા બાજુના ઝાડ પરની એક પછી એક ડાળીઓ પર ઠેકતો - ઊડતો છેવટે અદૃશ્ય થયો.

ત્યાર બાદ આશરે ૧૦-૦૦ વાગે અમે 'બોટનિકલ ગાર્ડન', વઘઈ પહોંચ્યાં. ત્યાં ખાસ કરીને ઔષધિય વનસ્પતિનો વિભાગ કે જ્યાં મુલાકાતીઓની અવર-જવર નહીવત્ હતી ત્યાં, ઉમરડાનાં વૃક્ષો પાસે તથા અશોક વૃક્ષોની હારમાળા છે તે ભાગમાં,ઉપર જણાવ્યા મુજબનાં પક્ષીઓ જોવા મળ્યાં. અમુક નાનાં પક્ષીઓને અમે ઓળખી શકીએ એ પહેલાં અમારી દષ્ટિને ચકમો આપીને જાણે સંતાકૂકડી રમતાં હતાં.

આ સૌમાં વિશેષ ઉલ્લેખનીય ખેલ હતો, દૂધરાજનો. અમે આયુર્વેદિક વનસ્પતિઓના વિભાગમાં શાંતિથી બેઠાં હતાં. તે દરમિયાન સામેની ઝાડીમાં દૂધરાજને કેટલીય વાર ઝાડ પરથી અચાનક ત્રાટકીને હવામાંથી જીવડા પકડતાં જોયો.

એક વાર દૂધરાજનો વાર નિષ્ફળ જતાં તરત જ, અત્યાર સુધી અમને નહીં દેખાયેલી દૂધરાજની માદાએ ઓચિંતી ઝાપટ મારી સફળ વાર કર્યો. આમ દૂધરાજ અને તેની માદાને સંયુક્ત રીતે શિકાર કરતા જોયા.

ત્યાર બાદ અશોક વૃક્ષોની હારમાળા પાસેથી પસાર થતી વખતે બે વાર વૃક્ષની અંદરની ડાળીઓ પર બેઠેલા અને ઊડી જતા દૂધરાજને જોયો.

આ અશોક વૃક્ષોની પાછળ, ડાબીબાજુએ નાનકડું તળાવ જેવું બનાવેલું છે, જેના ફરતે ચારેક ફૂટ ઊંચી તારની જાળી લગાડેલી છે. દૂધરાજે અહીં કાબરા કલકલિયાની જેમ પાણીમાં ખાબકી કાંઈક પકડ્યું અને તારની જાળી પર જઈને બેઠો. બે વાર આ ક્રિયા કરતા -'કરતા એની પૂંછડી પણ પલળી. પરંતુ એ તારની જાળી પર બેસે ત્યારે એની પીઠ અમારા તરફ હોઈ,એણે શું પકડ્યું તે જોઈ શકાયું નહીં. આસપાસ રંગબેરંગી પતંગિયા, ફૂદાં વગેરે વિપુલ માત્રામાં હોવા છતાં એણે પાણીમાં કેમ તરાપ મારી હશે ? જે હોય તે,પણ શિકાર કરવાની દૂધરાજની આ અનોખી અદા અમારી સ્મૃતિમાં એવી તો કેદ થઈ ગઈ છે કે અવિસ્મરણીય રહેશે.

'સુરત પ્રકૃતિ મંડળ'ના શ્રી મુકેશભટ્ટ, સ્નેહલ પટેલ કે જેઓથી અમે જરાય પરિચિત ન હતા, તેમને 'વિહંગ'માંથી સરનામું મેળવી,વાંસદા પ્રકૃતિ ઉદ્યાન વગેરે વિષે માહિતી માટે લખતા તેઓએ ખૂબ જ ઉત્કટતાથી જરૂરી સહકાર આપ્યો. કિલાદ કેમ્પ સાઈટ ખાતે શ્રી સનમ પટેલ, જીજ્ઞેશ વગેરેએ પણ તેઓના અનુભવોથી માહિતગાર કર્યા, પરિભ્રમણમાં સાથે આવ્યા. આમ અપરિચિતોને પરિચિત બનાવવામાં અને પક્ષીનિરીક્ષકો વચ્ચેની કડી બનવામાં 'વિહંગ' માધ્યમ રહ્યું છે. પક્ષીનિરીક્ષક મિત્રોનું આપણું વર્તુળ ખૂબ વિસ્તરે અને કાર્યસિધ્ધિમાં સાધક પરિબળ બની રહે, તેવી શુભેચ્છાઓ સહ,

**કલ્પના પરીખ, અનારકલી પરીખ**

*ગિરિધર નિવાસ, મજમુંદારની ખડકી, ધોળીકૂઈ, બાજવાડા, વડોદરા/*
*એ-૪૬, ઉદ્યોગનગર સોસાયટી, પાણીગેટ બહાર, વડોદરા*

## મહુવાની આસપાસ પક્ષીનિરીક્ષણ

શિયાળાની શરૂઆતથી આજ દિવસ સુધી મહુવાની આજુબાજુ જોવા મળેલ પક્ષીઓની નોંધ નીચે મુજબ છે.

### ૧. નીકોલ બંધારો :

વરસાદનું પાણી દરિયામાં જતું અટકાવવા બનાવેલ આ બંધારામાં આ બીજા વર્ષે પણ પાણી ભરાતાં મોટી સંખ્યામાં પક્ષીઓ આવેલાં છે. કરકરા ખૂબ જ મોટી સંખ્યામાં જોવા મળે છે. યાદી આ મુજબ છે.

Lesser Whistling Teal, Comb Duck, Spot-billed Duck, Wigeon, Common Teal ,Garganey, Pintail, Shoveller, Common Pochard, Tufted Pochard, Blue cheeked Bee-eater, Little Crake, Purple Moorhen, Great Stone Plover, Small Pratincole, Osprey, Marsh Harrier, Great Crested Grebe, Greater Flamingo, White Pelican, Bluethroat, Black - headed Gull.

### ૨. મહુવાથી પિંગળેશ્વર સુધી

રસ્તાની બન્ને બાજુ ભરાતું પાણી, થોડા ચેક ડેમ, ખુલ્લાં મેદાનો, વાડીઓ, મીઠાનાં અગરો, મોટાં વૃક્ષો અને દરિયાકિનારો ધરાવતો આ માર્ગ પક્ષીનિરીક્ષણ માટે ઉતમ જગ્યા પૂરવાર થયો છે. અહીં જોયેલાં પક્ષીઓની યાદી

Painted Partridge, Jungle Bush Quail, Mallard, Coppersmith, Hoopoe, Common

Kingfisher, Pied Crested Cuckoo, Spotted Dove, Whimbrel, Curlew, Turnstone, Indian Courser, Stone Curlew, Golden Plover, Little Stint, Temminck's Stint, Dunlin, Curlew Sandpiper, Grey Plover, Night Heron, Glossy Ibis, Paradise Flycatcher, Red - breasted Flycatcher, Tickell's Blue Flycatcher, Bluethroat, Black Redstart, Indian Nightjar, Sanderling, Oriental Honey Buzzard, Desert Wheatear.

**જયદેવ ધાધલ , પ્રવિણસિંહ ડોડિયા**
*કિષ્નકૃપા, પ્લોટ - ૬૨, જવાહર સો. કોલેજ રોડ, મહુવા*
*પીંગાળી, તા. તળાજા, જિ. ભાવનગર : ૩૬૪૦૦૩*

## ગાંધીનગરમાં શ્યામશિર કશ્યાનો માળો

ગાંધીનગર ખાતે, આટલાં વર્ષોમાં પહેલી વાર, શ્યામશિર કશ્યા (**Blackheaded Cuckoo -Shrike**)નો માળો જોવા મળ્યો. ૨૯-૬-૦૩ના રોજ સાબરમતી નદીના પશ્ચિમ કાંઠે, કોતર વિસ્તારમાં, બાસન ગામના રસ્તાથી અડધો કિ.મી. અંદર તરફના ભાગે, દેશી બાવળ ઉપર, લગભગ ૩૫ ફૂટની ઊંચાઈ પર, શાખાના વિભાજન સ્થાને (Fork) તે માળો બાંધતા જોવા મળ્યો. ૨૯-૬-૦૩ પછી દરેક અઠવાડિયે તેની મુલાકાત લીધી. ૧૦-૮-૦૩ના રોજ બે બચ્ચાં જોવા મળ્યાં. નર - માદા બંનેએ સાથે મળીને માળો બાંધ્યો હતો. ઈંડાં સેવવામાં પણ બંને વારાફરતી ફરજ બજાવતાં હતાં. માળો બંધાયા પછી ઘણા સમય પછી ઈંડાં મુકાયા હોય તેમ લાગ્યું કારણ કે, ૨૦ -૭-૦૩ અગાઉ કયારેય માળા પર પક્ષી દેખાતાં ન હતાં. બચ્ચાં થયા પછી એક પક્ષી કાયમ માળાની આજુબાજુ રક્ષણ માટે રહેતું હોય, તેમ લાગ્યું.

## કાળા કોશીનો સથવારો

ઘણાં પક્ષીઓ, કાળાકોશી (Black Drongo) નો માળો હોય તેની આજુબાજુ જ માળો કરવાનું પસંદ કરતા હોય, તેમ જણાય છે. છેલ્લાં ૬-૭ વર્ષોથી કરેલાં મારાં માળાનાં નિરીક્ષણો, આ બાબતની પુષ્ટિ કરે છે. આ વર્ષે સાબરમતીના પશ્ચિમ કાંઠે, બાસન ગામના રસ્તા ઉપર અંદરના ભાગે, કાળા કોશીનો માળો હતો. તેની આસપાસના ૧૦૦૦ ચો.મી.થી ઓછા વિસ્તારમાં પીળક (Golden Oriole) , દૂધરાજ (Paradise Flycatcher), શોબિગી (Common Iora), પચનક લટોરો (Baybacked Shrike), નાચણ (Whitebrowed Fantail Flycatcher), ટપકીલી નાચણ (Whitespotted Fantail Flycatcher), લોટણ હોલો (Red Turtle Dove), હોલો (Ring Dove), શ્વેતનયના (White -eye), અને બુલબુલ (Redvented Bulbul) ના માળા હતા. આયુર્વેદિક ઉદ્યાનમાં કાળાકોશીના માળાની આજુબાજુના થોડાક જ વિસ્તારમાં દૂધરાજના બે માળા, ટપકીલી નાચણ, કંસારો (Coppersmith) તથા પીળકના માળા હતા. ઈન્દ્રોડા પાર્કમાં કાળાકોશી, નાચણ, વનકશ્યો (Common Wood-Shrike) અને દૂધરાજના માળા નજીક નજીકમાં હતા.

## દૂધરાજના તપખિરિયા નરનું હમેશાં સફેદ રંગમાં પરિવર્તન થાય છે?

આ વર્ષે દૂધરાજના કુલ પાંચ જ માળા શોધી શક્યો. દર વર્ષે ૮ થી ૧૦ માળા જોવામાં આવે છે. આ તમામ માળા રતુંબડા - કેસરી રંગ(cinnamon or rufous colour)ના નરના હતા. અગાઉના વર્ષોમાં પણ સફેદ નરના એક કે બે માળા જ મળ્યા છે, જ્યારે બાકીના રતુંબડા - કેસરી રંગના નરના હોય છે.

ગાંધીનગરમાં, દૂધરાજના માળાના મારા નિરીક્ષણમાં, આ પક્ષીઓએ સામાન્યતઃ અગાઉનાં વર્ષોમાં જ્યાં માળા કર્યા હોય, એ જ વિસ્તારમાં માળો કરતા જણાયા છે. ઘણા કિસ્સામાં તો એ જ વૃક્ષ અને એ જ ડાળી ઉપર પણ માળો કરતાં હોય છે, જ્યારે મોટાં ભાગનાં, અગાઉના માળાની આજુબાજુનાં વૃક્ષો ઉપર. એટલે, જો એ ભારતીય પ્રજાતિ (*Terpsiphone paradisi*) હોય તો, બે-ચાર વર્ષે સફેદ થવી જોઈએ. પરંતુ તેમ થતું હોય તેમ લાગતું નથી. શું આપણા વિસ્તારમાં શ્રીલંકામાં થતી પ્રજાતિ (*T. ceylonesis*) સ્થળાંતર કરીને આવતી હોય તેવું બને? કારણ કે, આ પ્રજાતિનો નર ક્યારેય સફેદ રંગ ધારણ કરતો નથી.

## નડી બગલા (Purple Heron) ના માળા

સાબરમતીના પશ્ચિમ કાંઠે, આયુર્વેદિક ઉદ્યાનની

પાછળ નડી બગલા (Purple Heron) ના પાંચ માળા, દેશી બાવળ ઉપર જોવા મળ્યા. અગાઉનાં વર્ષોમાં, દસથી બાર માળા વર્ષોવર્ષ થતા હતા. ગયું વર્ષ દુષ્કાળનું વર્ષ હતું, તેની અસર હશે કે કોઈ અન્ય કારણ હશે તે ચોક્કસ કહી શકાય નહીં.

## ચરકલામાં મોટી વાબગલી (CaspianTern)નું પ્રજનન

૨જી જુલાઈના રોજ ચરકલા (જિ. જામનગર) જવાનું થયું. દરિયાઈ રાષ્ટ્રીય ઉદ્યાનના વનસંરક્ષકશ્રી અસારીએ દરિયાકાંઠે, ટાટા કંપનીનાં અગરોમાં મોટી વાબગલીના પ્રજનનની નોંધ કરી હતી. અગરની વચમાં આશરે એક ચો.કિ.મી.ના ટેકરા ઉપર ૪૫૦થી વધુ માળા હતા. સાથે સાથે આ વિસ્તારમાં વાધોમડી (Slenderbilled Gull) નું પણ પ્રજનન થયું હશે તેમ લાગ્યું. તેનાં ૧૮ થી ૨૦ બચ્ચાં જોવા મળ્યાં.

## શેખુપુરની માળાવસાહત

ખેડાથી પરિએજ તરફના રસ્તે શેખુપુર ગામને અડકીને રસ્તાની બાજુએ આવેલા ૮-૧૦ ઘેઘૂર લીમડા, તેમજ ગાંડા બાવળ તથા ગોરસ આંબલીનાં વૃક્ષો ઉપર, ઢોર બગલા, નાના કજિયા અને નાના બગલાની માળાવસાહત આવેલી છે. બધા મળીને કુલ ૫૫૦ જેટલા માળા હતા. ગામ લોકો પ્રેમથી સાચવે છે. ''ચરકનો ગંદવાડો થાય છે, પણ બિચારાં ક્યાં જાય ? અહીં ગોઠી ગયું છે એટલે છોને રે'તા'', એમ કહી સાચવે છે.

**ઉદય વોરા**

*જી-૨, સ્વીટહોમ એપાર્ટ, પ્લોટ નં. ૧૬૮, સેક્ટર - ૨૯, ગાંધીનગર*

******

## કચ્છમાં પક્ષીનિરીક્ષણ

### ➡ કેટલીક પ્રજનન-નોંધ

◈ તા. ૧૫ - ૬- ૦૩ના રોજ માધાપરના ચંચળ હનુમાન મંદિર નજીકના ઝાડ ઉપર શકરાનો માળો જોયો, જેમાં બે બચ્ચાં હતાં.

◈ તે જ દિવસે નજીકની ધોળાલા નદીમાં સુગરી (Baya Weaver Bird) ના અર્ધ તૈયાર થયેલા માળા જોયા. માળા નજીક પાંચ નર સુગરી જોવા મળી.

◈ અહીં, નજીકની વાડીમાં સૂકા ખજૂરીના ઝાડની બખોલમાં ચાષ (Indian Roller) નો માળો હતો. પક્ષી અંદર પ્રવેશતું નજરે પડ્યું.

◈ આ જ દિવસે, ચંચળ હનુમાન નજીકની વાડીમાં કાગડા (House Crow) ને ચાંચમાં સળી લઈ જતો જોયો. તે માળાની તૈયારી કરતો હોય, તેમ લાગ્યું.

◈ તા. ૨૨-૬-૦૩ના રોજ ચાડવા રખાલ (તા. ભુજ)માં કાગડાનો માળો જોયો. કાગડો ઈંડાં સેવતો જણાયો.

◈ તા. ૨૮-૬-૦૩ના રોજ, ભુજમાં, 'જ્યુબિલિ ગ્રાઉન્ડ' જેવા ભરચક વિસ્તારમાં નીલગિરીમાં ઝાડ ઉપર કાળી કાંકણસાર (Black Ibis)નો માળો જોયો. મા-બાપ, બચ્ચાંને ખવડાવવાની પ્રવૃત્તિમાં મશગૂલ હતાં.

◈ તા. ૧૯-૬-૦૩ના રોજ, ભુજમાં સિંચાઈ - સદનની કચેરીમાં વેલ નીચે, શક્કરખોરા (Purple Sunbird)ને માળામાં પ્રવેશતો જોયો.

◈ તા. ૨૧-૬-૦૩ના રોજ માધાપર, નવા વાસના મકાનની દિવાલ નીચે, નાની અબાલી (Dusky Crag Martin)નો માળો જોયો. નર-માદા, માળા નજીક હતાં.

તા. ૬-૭-૦૩ના રોજ માંડવી તાલુકાના જ્યોતેશ્વર મંદિર નજીક, દિવાલમાં, આ જ પક્ષીનો માળો જોયો. અહીં પણ નર-માદા હાજર હતાં.

◈ તા. ૨૨- ૬ - ૦૩ના રોજ ચાડવા રખાલના ડેમની દિવાલમાં કાબર(Common Myna) નો માળો જોયો. કાબરને તેની ચાંચમાં ખેતર સાંઢા (Fan-throated Lizard) સાથે જોઈ, જે બચ્ચાંને ખવડાવવા માટે હશે.

◈ તા.૨૫-૬-૦૩ના રોજ મ.કુ.શ્રી હિંમતસિંહજીની ભુજ ખાતેની વાડીમાં શકરા (Shikra)નું બચ્ચું જોયું. તેઓના કહેવા મુજબ, આ પક્ષીનું તેમની વાડીમાં પ્રજનન થયું છે.

◈ તા. ૬ - ૭ - ૦૩ના રોજ જ્યોતેશ્વર ડેમ પાસે દરજીડા (Tailor Bird)નો માળો જોયો, જે બે પાંદડાં સીવીને બનાવેલો હતો. નર, લાલ ટોપીમાં સુંદર લાગતો હતો.

◈ તા. ૫ - ૭ - ૦૩ના રોજ સૈયદપર રખાલ (તા.ભુજ) નજીક તેતર (Grey Partridge)ની જોડીને, ૭

બચ્ચાં સાથે જોઈ.

◉ ભુજમાં તા. ૨૫ - ૭- ૦૩ના રોજ ઝાડ ઉપર કાગડાના બે માળા જોયા.

### ➡ કાશ્મીરી વાબગલી (Whiskered Tern) ની ખાવાની વિચિત્ર ટેવ

તા. ૧૫ - ૬- ૦૩ના રોજ માધાપરના ચંચળ હનુમાન મંદિર નજીકની વાડીમાં કાશ્મીરી વાબગલીને રજકાના પાકમાંથી ઈયળ પકડી, ખાતાં જોઈ. ખાવાની આ પદ્ધતિ નવાઈ ભરેલી લાગી. લગભગ ૧૫ કાશ્મીરી વાબગલી આ પ્રવૃત્તિમાં રોકાયેલી નજરે પડી. અમુક વાબગલી, નજીકના પાણીના હોજમાં ચાંચ બોળતી પણ નજરે પડી.

### ➡ પાંખાળી ઊધઈ ખાતાં પક્ષીઓ

વરસાદ પડ્યા બાદ, જમીનમાંથી મોટા પ્રમાણમાં પાંખાળી ઊધઈ (Winged Termite) નીકળતી જોવા મળે છે.

તા. ૫ - ૭ - ૦૩ના રોજ સૈયદપર રખાલ (તા.ભુજ) નજીક, નીચેનાં પક્ષીઓને પાંખાળી ઊધઈ ખાતાં જોયા.

ઘોડા કાબર (Bank Myna), શક્કર ખોરો (Purple Sunbird), ચકલી (House Sparrow).

તા. ૧૫ - ૭ - ૦૩ના રોજ સુતેશ્વર (?) તા. ભુજ ખાતે નીચેનાં પક્ષીઓને પાંખાળી ઊધઈ ખાતાં જોયા.

ચકલી (House Sparrow), બુલબુલ (Redvented Bulbul), રણબુલબુલ (Whitecheeked Bulbul).

આ સમયે પક્ષીઓની પ્રજનન ઋતુ ચાલતી હોય છે અને આ ઊધઈ, પક્ષીઓ તેમનાં બચ્ચાંને પણ ખવડાવતાં હોય છે.

### ➡ તા. ૨૦ - ૭- ૦૩ની પાલારની ધુનાની અશ્વિન પોમલ સાથેની મુલાકાતમાં નીચેનાં વિશિષ્ટ પક્ષીઓ જોયાં.

કચ્છી પિદ્દો (Brown Rock Chat) ૧, ગિરનારી ગીધ (Longbilled Vulture) ૨.

નદીની ભેખડમાં નીચેનાં પક્ષીઓના માળા જોયા.

◉ સુગરી (Baya Weaver Bird) ના ૩૦ માળા, ઝાડ ઉપર. ૧૫માં પ્રવૃત્તિ ચાલુ. અમુકમાં બચ્ચાં હતાં. ૧૫ નર તથા ૧૦ માદા માળા વસાહત પાસે જોવા મળ્યાં.

◉ ભેખડમાં નાની અબાલી (Dusky Crag Martin) ના ૪ માળા.

◉ કેરના ઝાડ ઉપર શક્કરખોરા (Purple Sunbird) નો માળો.

### ➡ ઢોર બગલાની માળાવસાહત

તા. ૩૦ - ૭- ૦૩ના રોજ ભુજના હમીરસર તળાવ પાસે વડના ઝાડ ઉપર ઢોર બગલા (Cattle Egret) ના માળા જોયા. આશરે ૧૦૦ માળા હશે. પચાસેકમાં પ્રવૃત્તિ ચાલુ હતી. મોટા ભાગના માળામાં બચ્ચાં હતાં.

તા. ૨૦ - ૮-૦૩ના રોજ ભુજના હમીરસર તળાવ પાસે રાજેન્દ્ર બાગના પીળા ગુલમહોરના ઝાડ પર, ઢોરબગલાના ૨૦ માળા જોયા, જેમાં ઈંડાં સેવવાની કામગીરી ચાલુ હતી.

### ➡ નલિયા તથા જખૌમાં પક્ષીનિરીક્ષણ

તા. ૧૭ - ૮ - ૦૩ના રોજ મ.કુ.હિંમતસિંહજી, આર.ડી. જાડેજા, કવિ તેજ તથા અશ્વિન પોમલ સાથે નલિયા - જખૌમાં પક્ષીનિરીક્ષણ કર્યું. વિશિષ્ટ પક્ષીઓની નોંધ આ મુજબ છે.

**નલિયા ઘાસિયો પ્રદેશ :** ખડમોર (Lesser Florican)૧ (ઠેકડા મારતો નર), ઘોરડ (Great Indian Bustard) ૧ (માદા), કૂહુકંઠ (The Cuckoo) ૧, વૈયાં (Rosy Pastor) ૨૦ (ઋતુમાં પ્રથમ વાર), નાચણ પિદ્દો (Rufous Chat) ૧, કાળો તેતર (Black partridge) ૪ ( બે જોડી), સાપમાર (Short - toed Eagle) ૧, લગ્ગડ (Laggar Falcon) ૧, દેશી ઝૂમ્મસ (Tawny Eagle) ૨, સુગરી (Baya) ૧૧૨ (ઘાસનાં બી ખાતી).

**જખૌ :** સફેદપીઠ ગીધ (Whitebacked Vulture) ૧૨ (મકાન પર બેઠેલાં), મોટાં હંજ (Greater Flamingo)

૨૧ (જખૌ અગર પાસે).

શાંતિલાલ વરૂ
મંદિરવાળો ખાંચો, જૂનાવાસ, માધાપર, ભુજ - ૩૭૦૦૨૦

## સુરતની આજુબાજુ પક્ષીનિરીક્ષણ

➡ સુરતની આજુબાજુ છેલ્લા પાંચેક વર્ષ થયા દૂધરાજના માળા જોવા મળે છે. તા. ૨૫ -૫-૦૩ ના રોજ ડુમસ પાસે, ગાંડા બાવળમાં, નવ ફૂટ ઊંચે દૂધરાજનો માળો જોવા મળ્યો.

### ➡ એક જ દિવસમાં ત્રણેય પાનબગલીના દર્શન

તા. ૯-૮-૨૦૦૩ના રોજ 'નેચર કલબ' માટે પક્ષીના અવાજનું 'રેકોર્ડિંગ' કરી રહ્યો હતો ત્યારે, દ.ગુ. યુનિવર્સિટીના પાછળના ભાગમાં ચિયામાં ત્રણ સુરંગીપાન બગલી (Chestnut Bittern) જોઈ. ત્યાર પછી, દાંડી (સુરત) રોડ તરફ જતા પીળી પાનબગલી (Yellow Bittern) અને કાળી પાનબગલી (Black Bittern) જોવા મળી. પીળી પાનબગલી અમારાથી ત્રણેક મીટર દૂર ખુલ્લામાં,ચિયા પર બેઠી હતી. અમે કારમાં હોવાથી, આટલી નજીકથી જોઈ શક્યા!

➡ તા. ૭ - ૬- ૨૦૦૩ના રોજ દ.ગુ. યુનિવર્સિટી પાછળ, ૬-૩૦ વાગ્યે, ખુલ્લામાં, જલમુરઘો (Watercock), અડધો કલાક સુધી જોયો. એ ઉપરાંત, દાંડી (સુરત) રોડ પર એક જલમુરઘો ખુલ્લામાં બેઠેલો જોયો. બાજુમાં જ ૧૦૦ મીટરના અંતરેથી બીજા એક જલમુરઘાનો અવાજ સાંભળ્યો.

### ➡ સોનેરીભાલ હરેવાનો માળો

તા. ૧૬-૭-૦૩ના રોજ સુરતથી ચીખલી જતા, શનવેલી કલા ગામે,મારા મિત્ર પ્રવીણભાઈના ફળિયામાં, આંબાના ઝાડ પર સોનેરીભાલ હરેવા (Goldmantled Chloropsis)નો માળો જોયો. ૬ ફૂટ ઊંચે હતો. માળામાં બે ઈંડાં હતાં. ફરી મુલાકાત લેતાં, તેમાં બે બચ્ચાં જોયા. પીંછામાં લીલો રંગ આવી ગયો હતો. હરેવો સવારે વધારે બોલતો જોવા મળ્યો. તેનો, કાળાકોશીને મળતો અવાજ સાંભળ્યો. એ ઉપરાંત, વનલેલા (Jungle Babbler)ના અવાજની નકલ, થાપ ખાઈ જવાય એટલી હદે કરતો હતો.

તે જ ગામથી આગળ સરસ જંગલ છે. પક્ષીઓની સંખ્યા સારી છે. શિકાર બિલકુલ થતો નથી. વાંસના ઝાડ પર નીલપંખો(Blacknaped Blue Flycatcher)ના બે માળા જોવા મળ્યા, જે બન્ને જમીનથી ત્રણ ફૂટ ઊંચે હતા. એકમાં બે ઈંડાં હતા, બીજામાં માદા ઈંડાં સેવતી હતી. તે જ જગ્યા પર મારા મિત્ર પ્રવીણભાઈએ એક સાથે ૧૦ થી ૧૧ ચિલોત્રા (Grey Hornbill) જોયા હતાં. હું પણ અચંબામાં પડી ગયો હતો. પણ તે જગ્યા પર રખડપટ્ટી કરતા અમને ચાર - પાંચ ચિલોત્રાના અવાજ સાંભળવા મળ્યા. વરસાદ હતો એટલે બહુ આગળ જવાયું નહીં. શનવેલી કલામાં શોબીગી (Iora) પુષ્કળ છે. સોનેરી શોબીગી (Marshall's Iora) પણ જોવા મળી જાય છે. શ્યામશિર કશ્યો (Black headad Cuckoo Shrike) અહીં અચૂક જોવા મળે છે. છેલ્લી ચારેક મુલાકાતમાં બોલતો જોવા મળ્યો હતો.

સુરતમાં, મારા મિત્ર રાજેશ જાદવે સુગરી (Baya)નો ગયા વર્ષનો, ત્યજી દિધેલ માળો લાવી પોતાના ફળિયામાં લગાવતા ત્યાં મુનિયા(Whitethroated Munia) એ આવીને કબજો જમાવી દીધો હતો.

## ઘોરડ (Great Indian Bustard) ની મુલાકાતે

તા. ૧૪ - ૮- ૦૩ના રોજ હું મારા મોટાભાઈ, રાજેશ જાદવ, સિદ્ધાર્થ શાહ, પ્રવીણભાઈ, શૈલેષ માસ્ટર, તુષાર લાડ વગેરેએ કચ્છમાં નલિયાના ઘાસબીડની મુલાકાત લીધી. ઘોરડનાં પાંચ નર અને ૪ માદા જોવા મળ્યાં. મારા સિવાયના મિત્રો, પ્રથમ વાર ઘોરડ જોતા હોવાથી અત્યંત આનંદ થયો. એ સિવાય, અહીં કાળાતેતર(Black Partridge)ની સંખ્યા સારી છે.

## 'વાંસદા નેશનલ પાર્ક'માં પક્ષીનિરીક્ષણ

તા. ૮ ફેબ્રુ. ૨૦૦૩ના રોજ 'વાંસદા નેશનલ

પાર્ક'ની મુલાકાત લીધી. દરવાજામાં પ્રવેશતાં જ શામા(Shama)એ દર્શન આપ્યા! ગભરાયા વગર જીવાત પકડતો હતો. અમે શાન્તિથી બેસી રહ્યા. લગભગ ૧૦ ફૂટ નજીક આવી જતો. દૂધરાજ (Paradise Flycatcher) તો જાણે મેળામાં આવ્યા હોય એટલા! (આશરે કેટલા ?સં.)

ટપકીલી લલેડી(Spotted Babbler)ની તો જાણે સભા ભરાઈ હોય તેમ, લગભગ ચાલીસેક જેટલી! જે તરફ 'ડીશ' ફેરવો, અવાજનું 'રેકોર્ડીંગ' કરી શકાય! આખું જંગલ મીઠી સિસોટીથી ગાજતું હતું.

દૂર દૂર, વાંકી ચાંચ લેલાં (Schimitar Babbler) બોલતાં હતાં. આગળ જતા, ભરાડી (વાંસદાનો ૫ ચો. કિ.મી.નો વિસ્તાર)ના જંગલમાં રસ્તામાં રાખોડી કૂકડો (Grey Jungle Fowl) લગભગ ૨૦ ફૂટ દૂરથી રસ્તો ઓળંગતો જોયો. થોડી વારે ટપકીલા લક્કડખોદ (Heartspotted Woodpecker)ના અવાજથી કાન ચમક્યા. એ દિશામાં 'બાયનોક્યુલર' ગોઠવતા ઝાડના થડમાંથી જીવાત ખાતો દેખાયો. ભાગ્યે જ લાકડું ખોદવાનો અવાજ કરતા આ લક્કડખોદે તીણું 'ડ્રમીંગ' કર્યું. આકાશમાં ચોટલિયો સાપમાર (Crested Serpent Eagle) ચકરાવા મારતો બોલ્યા કરતો હતો. વાતાવરણ અત્યંત રોમાંચક હતું!

ઘુવડના અવાજ 'રેકોર્ડ' કરવાના હોવાથી આખી રાત જાગવાનો કાર્યક્રમ બનાવી ત્યાંના સ્થાનિક રહેવાસીને તેની જગ્યાની બાબતે પૂછપરછ કરી. સાદડદેવી ગામ પાસે શાળાના ફળિયામાં અડ્ડો જમાવ્યો. રાત્રે બાર વાગ્યા પછી બાજઘુવડે (Brown Hawk Owl) બોલવાનું ચાલુ કર્યું. તે દિશામાં લગભગ અડધો કિલોમીટર ચાલતા ગયા. ઝાડ રસ્તા પર જ હતું પણ ચોક્કસ ખ્યાલ ન આવ્યો. ઘટાટોપ વૃક્ષમાં ૨૦ ફૂટ ઊંચે બોલતું હતું. અત્યંત સુંદર 'રેકોર્ડીંગ' કર્યું. લગભગ અડધો કલાક તપાસ કરી પણ જોવા ન મળ્યું. અવાજથી સંતોષ માની પાછા ફર્યા. સ્થાનિક વ્યક્તિના જણાવ્યા અનુસાર આખી રાત બોલ્યું. લગભગ સવારે ૫ વાગ્યે જ્યારે મારી સાથે આવેલ સાથીદાર ઊંઘી ગયેલા ત્યારે હુ સતત જાગતો હતો. દક્ષિણ દિશાએથી એક ઘુવડનો અવાજ આવતા હું 'ડીશ' અને 'ટોર્ચ' લઈને એકલો જ ચાલતો ગયો. ગાઢ જંગલ અને તમારાના અવાજથી વાતાવરણ રોમાંચક હતું. ચારે દિશા તરફ 'ડીશ' ગોઠવતા, જગ્યા પકડાઈ એટલે ધીરે ધીરે આગળ વધ્યો. જાણે ઘુવડ કાનમાં બોલતુ હોય એટલો સરસ અવાજ આવતો હતો! ટોર્ચ ચાલુ કરી અવાજની દિશામાં લગાવી. મારી સામે ૩૦ ફૂટ દૂર મોટો ઘુવડ (Geat Horned Owl) બેઠો હતો. બે 'કોલ' લગાવી ચીચયારી બોલાવી ઊડી ગયો, અવાજ કેદ થઈ ગયો.

તા. ૨૮-૧૨-૨૦૦૨ના રોજ 'વાંસદા નેશનલ પાર્ક'ની મુલાકાત લીધી. આ વખતે દર વર્ષ કરતા દૂધરાજની સંખ્યા વધારે જણાઈ. વાંકીચાંચ લેલાં (Schimiter Babbler) અને સીટીમાર લલેડી (Quacker Babbler)ની સંખ્યા પહેલા કરતા સારી વધેલી જણાઈ છે. એ ઉપરાંત, લાલપીઠ સોનેરી લક્કડખોદ (Large Golden Woodpecker), ટપકીલો લક્કડખોદ (Heartspotted Woodpecker), મોટો લક્કડખોદ (Great Black Woodpecker , પાંચથી ૭ ફૂટ દૂરથી જોયો), લીલો લક્કડખોદ (Small Yellownaped Woodpecker) , નાનો લીલો કંસારો (Small Green Barbet) તથા મોટો લીલો કંસારો (LargeGreen Barbet) જોયા. એ સિવાય, શ્વેતનયના (White eye) , ફૂલરાજ (Yellowbacked Sunbird) , રાખોડી કૂકડો (Grey Jungle Fowl) , સુહાગણ (Malabar Trogon) , કીડીઘર લક્કડખોદ (Rufous Woodpecker) , અધરંગ (Tickel's Blue Flycatcher), ખેરખટ્ટો (Treepie) , ભીમરાજ (Recket-tailed Drongo), મોરબાજ (Crested Hawk Eagle) વગેરે પક્ષીઓ જોયા.

## દક્ષિણ ગુજરાતમાં કાળાઢોંકની મારી પ્રથમ નોંધ

તા. ૩-૧-૨૦૦૩ના રોજ માંડવી(તા. સુરત)ના જંગલની મુલાકાત લેતા, નીચેનાં પક્ષીઓ જોવા મળ્યાં. ચોટલિયો સાપમાર (Crested Serpent Eagle) , મોરબાજ (Crested Hawk Eagle) , ટીસો (White-eye Bazzard) , તરવરિયો માખીમાર (Greyheaded Flycatcher) , દૂધરાજ (Paradise Flycatcher), હરિતનીલ માખીમાર (Verditer Flycatcher), ચટકી માખીમાર (Redbreasted Flycatcher) , અધરંગ

(Tickel's Blue Flycatcher) , ચિલોત્રો (Grey Hornbill).

એ પછી બાજુમાં આવેલા આંબલી ડેમની પક્ષીગણતરી 'નેચર ક્લબ' દ્વારા કરવાની હોવાથી જંગલમાં થઈને જતા હતા. ત્યાં બે કાળા ઢોંક લગભગ ૨૦ ફૂટ દૂરથી જોયા. ત્યાંથી આંબલી ડેમ પર જતા, ત્યાં એક સાથે ૫ કાળા ઢોંક જોયા. દક્ષિણ ગુજરાતમાં કાળો ઢોંક(Black Stork) મને પ્રથમ વાર જોવા મળ્યો. માંડવીનાં જંગલોમાં 'નેચરક્લબ' દ્વારા અમે અંતરિયાળ ગામડાનાં આદિવાસી બાળકોને 'પક્ષી ન મારવા' અને 'પક્ષીના રક્ષણ' માટે સમજાવ્યા હતા. માંડવીના આર.એફ.ઓ.શ્રી રાજપૂત તથા આર.એફ.ઓ. શ્રી મંદોદના સહકારથી આ કાર્ય કર્યું.

| સ્થળ | પક્ષી | સંખ્યા |
|---|---|---|
| આંબલી ડેમ | સીંગપર (Pintail) | ૧૦૦ થી ૧૫૦ |
| | રાજહંસ (Barheaded Goose) | ૬ |
| | કાળો ઢોંક (Black Stork) | ૭ |
| | ચમચા (Spoonbill) | ૧૦ |
| | ગયણા (Shovellar) | ૨૦૦ |
| કેવડી ડેમ | સર્પગ્રીવ (Darter) | ૨ |
| | કબૂત બગલા (Grey Heron) | ૨ |
| | રાખોડી કારચિયા (Common Pochard) | ૨૦ |
| લાખી ડેમ | ગયણા (Shovellar) | ૭૦૦ |
| | રાખોડી કારચિયા (Common Pochard) | ૨૦ |
| | સીંગપર (Pintail) | ૨૦ થી ૨૫ |
| ઈશ્વર ડેમ | મત્સ્યભોજ (Osprey) | ૨ |
| | કબૂત બગલા (Grey Heron) | ૨ |
| | ગયણા (Shovellar) | ૨૦ |
| રતનીયા | નાની ડૂબકી(Little Grebe) | ૭ |
| દોસવાડા (વ્યારા) | ભગતડા (Coot) | ૨૦૦ |
| બરબોધન (સુરત) | કરકરા (Demoiselle Crane) | ૪૦૦ |
| | ભગતડા (Coot) | ૨૦ |
| | શ્વેતપાંખ જલમાંજર (Pheasant-tailed Jacana) | ૧૭ |
| | કાળી જલમાંજર (Bronzwinged Jacana) | ૧૪ |
| તાપી | ભગવી સુરખાબ (Brahminy Duck) | ૭૮ |

**મુકેશ ભટ્ટ**
*૧૦૧, સારસ, ચંદન પાર્ક સામે, સીટીલાઈટ રોડ, સુરત-૭*

## રાજુલા પાસે ઘુવડની જમી

અમારા ઘરની સામે વિશાળ જગ્યામાં ઘેઘૂર વૃક્ષો છે. એમાં માળો છે. રોજ વિચાર કરતા હતા, કોનો માળો હશે? એક દિવસ ધ્યાન રાખી જોયું તો શકરાનો માળો *નીકળ્યો. મા-બાપ બંને ખોરાક લાવીને બચ્ચાંને ખવડાવે* છે. ૪ બચ્ચાં છે.

ત્રણ દિવસ પહેલાં, જંગલ અધિકારી શ્રી ચાવડા, વહેલી સવારે પોતે રૂબરૂ બોલાવી ગયા. બે ઘુવડો, એક નિવૃત જંગલ અધિકારી પાસેથી કબજે કરેલા અને મને ઓળખવા બોલાવેલો. મેં તેમને મોટા ઘુવડ (Great Horned Owl) તરીકે ઓળખ્યાં. અમારી આસપાસ પથ્થરની ખાણો છે. જેમાં ઘુવડોની વસ્તી ખરી. મેં ઘણી વાર સાંજે બેઠેલા જોયા છે.

અમારા જિલ્લામાં સામાન્ય જનમાં પર્યાવરણની સારી જાગૃતિ દેખાય છે.

**ડૉ. પી.પી. મૂછડિયા**
*મૂછડિયા સર્જિકલ હોસ્પિટલ, જાફરાબાદ રોડ, રાજુલા ૩૬૫ ૫૬૦.*

## ધર્મજની આસપાસ પક્ષીનિરીક્ષણ

આ વર્ષે, તા. ૨ - ૫- ૦૩ થી ૨૦ -૬- ૦૩ સુધી શકરાના માળાનું અવલોકન કરવાનો મોકો મળ્યો. પેટલાદથી ધર્મજના રસ્તા ઉપર ગુલમહોરના વૃક્ષ ઉપર આ માળો હતો. જ્યારે માળો બનતો હતો ત્યારે, નર-માદામાંથી એક પક્ષી માળા પાસે બેસતું, બીજું ,માળાની સામગ્રી લાવતું. બીજું પક્ષી આવતું ત્યારે માળા પાસેનું પક્ષી ''ટી.....ટી...ટી...'' બોલતું. માળામાં બે બચ્ચાં હતાં.

જ્યારે બચ્ચાં નાનાં હતાં ત્યારે પણ એક પક્ષી માળા પાસે રહેતું, બીજું ખોરાક શોધતું. તા. ૧૮- ૬ - ૦૩ના રોજ જોયું ત્યારે બચ્ચાં મોટા થઈ ગયા હતાં અને એક બચ્ચું નજીકની ડાળી ઉપર જતું, પાછું આવતું. બીજુ બચ્ચું માળામાં જ હતું. તા. ૨૦ - ૬ - ૦૩ના રોજ માળામાં બચ્ચાં ન હતાં. બાજુના જ વૃક્ષ ઉપર સમડીનો માળો હતો. બંને માળા રસ્તાની બાજુનાં વૃક્ષો ઉપર જ હતા.

તા. ૧૦ -૭-૦૩ના રોજ મોટી ટોકરી (ક્વાંટ પાસે)માં મોગરાના છોડમાં ફૂત્કી (Plain Wren Warbler)નો માળો જોયો. અડધો બની ગયો હતો. સરસ કોથળી જેવો બન્યો હતો. તેનાથી ૧૫ ફૂટ દૂર નાનો લીમડો ઉગ્યો છે, જેના ઉપર બુલબુલ (Redvented Bulbul)નો માળો હતો. તેમાં છાંટણાવાળા બે ઈંડાં હતાં. ત્યાં જ, મકાનની બારીમાં દેવચકલી (Indian Robin) નો માળો હતો. માદા ઈંડાં સેવવા બેઠી હતી ને નર તેના માટે ખોરાક શોધી લાવીને, થોડી થોડી વારે ખવડાવતો હતો. ત્યાંથી ૪૦-૫૦ ફૂટ દૂર એક ગુલમહોર જેવા (શીંગો થાય છે) વૃક્ષ ઉપર શોબિગી (Common Iora) ના નર-માદા માળો બનાવી રહ્યાં હતાં. આ જગ્યાએ, ધીમે - ધીમે વૃક્ષોનું સંવર્ધન થયું હોવાથી, જુદાં - જુદાં પક્ષીઓ માળા માટે ઉપયોગ કરતા થયા છે. અહીં મુનિયા (Whitethroated Munia), પીળી આંખ લેલા (Yelloweyed Babbler), પચનક લટોરો (Baybacked Shrike), તલિયો હોલો (Spotted Dove), બટેર (Quail) (ઓળખી નથી શક્યો. લાલ, કાટ જેવા રંગની ઈંડાં પણ એવા જ રંગનાં હતાં, ૭ ઈંડાં હતાં.) વગેરેના માળાની નોંધ કરી છે.

તા. ૬-૭-૦૩ના રોજ અબાલી(Dusky Crag Martin) ના માળાને જોયો. ધર્મજ બજારની વચ્ચોવચ એક દુકાનની ઉપર છે. વર્ષોથી ત્યાં જ બનાવે છે. આ વર્ષે તે માળો બનાવતું હતું, ત્યારથી જોવાનો મોકો મળ્યો. પલળેલી માટી જ્યાં હોય ત્યાંથી નીચે બેસીને નર - માદા બન્ને માટી લઈ જતાં. અવર-જવરને લીધે વારે ઘડીએ ઊડી જતાં. અત્યારે ત્રણ બચ્ચાં છે. તા. ૩૧-૭-૦૩ના રોજ મોટા થઈ ગયા છે અને મા-બાપ ઊડતાં ઊડતાં આવીને, ફટાફટ ખવડાવીને પાછા ઊડી જાય છે. તેની ઉડાન જોવાનો આનંદ આવે છે.

ગયા વર્ષે જૂન-જુલાઈમાં ધર્મજ ગામમાં બે જગ્યાએ નકટા (Combduck)ના માળા હતા, તેમાંથી એક માળો શમડા(?) ના ઝાડની બખોલમાં હતો, જે તળાવની બિલકુલ નજીક હતું. તેમાંથી ત્રીસ (૩૦) બચ્ચાં થયાં હતાં. તળાવમાં બતક જ્યારે બચ્ચાં સાથે તરતી હતી, ત્યારે સુંદર દૃશ્ય સર્જાતું હતું. પરંતુ ત્રણ દિવસ પછી માદા બચ્ચાંને લઈને માણસોની વસ્તી તરફ આવી ગઈ ને નોળિયાએ પાંચ જ મિનિટમાં ૭ બચ્ચાંને મારી નાખ્યા, તેથી તેને દોરી જઈને તળાવમાં પાછી મુકી આવ્યો. ત્યાર બાદ, ધીરે ધીરે ૧ બચ્ચું મોટું થયું, જે તેની મા સાથે હતું. પછી એકલું પણ રહેવા લાગ્યું.

બીજો માળો, ત્રણ માળના મકાન ઉપર નળિયા ખસેડીને બખોલમાં બનાવ્યો હતો. તેમાંથી ૨૭ બચ્ચાં નીકળ્યાં. મારો મિત્ર મને બોલાવી ગયો. બચ્ચાં છેક ઉપરથી પડતાં હતાં. ફક્ત એક બચ્ચું, ઉપરથી પડવાને કારણે મરી ગયું, બાકીનાંને કાંઈ થયું નહીં. તેઓનાં શરીર કેવાં સ્થિતિસ્થાપક હશે! ઘરોની વચ્ચે હોવાથી 'મા', બચ્ચાંને ક્યાં લઈ જાય? એક બચ્ચું કૂતરું લઈ ગયું. સાંજે 'મા' પાછી ના આવી. ઘરને કોટ હતો, તેથી પાછળથી ૪ બચ્ચાં ઉછેરી મોટાં કર્યા. તેમને નાની તલાવડીમાં છોડ્યાં. ત્યાં પહેલેથી એક મોટું બચ્ચું હતું, તેની સાથે ભળી ગયા. ચાર - પાંચ દિવસ સુધી તેમની મેં કાળજી લીધી હતી. આજુબાજુના ખેતરવાળા સંભાળ રાખતા. તે બચ્ચાં મોટાં થઈ ગયાં. આ વર્ષે પણ એ જ ઘરમાં નકટાંએ માળો કર્યો છે. એક રાત્રે નકટા તેના માળા માટે સાફસફાઈ કરતી હશે. નીચે મારો મિત્ર રહે છે. તેને થયું, ઉપરથી મકાન પડવા માંડ્યું કે શું? પછી તેણે ઉપર જઈને ટોર્ચથી જોયું, પણ તે ગયો ને પડવાનું બંધ થઈ ગયું. પાછો નીચે આવ્યોને પડવાનું શરૂ થયું. ત્યારે જ એને ઝબકારો થયો કે, ગઈ સાલ વાળું બતક, જે સાંજે ઉપર બેઠું હતું તે જ આ કરતું હશે. બીજે દિવસે મને કહ્યું એટલે ખબર પડી કે, અહીં પાછો માળો થયો છે.

તા. ૧૬ - ૭- ૦૩ના રોજ વરસાદનું વાતાવરણ હતું. હું મારી અગાસીમાં ઊભો હતો ને બે નકટા આવ્યા. મારી સામેના ઘેર બેઠાં. મને થયું કે, આ માળાની જગ્યા શોધતાં જ બેઠા છે. ત્યાં એક પક્ષી ઊડીને બીજા ઘર પર

બેઠું. ને માળાની જગ્યા શોધતું હોય તેવું લાગ્યું. પાછું બીજે ગયું. ત્યાં સુધી એક પક્ષી તો મારા ઘરની સામે જ બેઠું હતું. ૧૫-૨૦ મિનિટમાં બંને ઊડી ગયા. તેનો માળો પણ મારા ગામમાં થયો જ હશે. હવે બચ્ચાં નીકળે ત્યારે ખબર પડે કે, ક્યાં કર્યો છે. આમ બે જોડી નકટાએ ફરી આ વર્ષે પણ ધર્મજમાં માળા કર્યા છે.

નાચણ (Whitespotted Fantail Flycatcher) નો એક માળો, ધર્મજમાં, વિરક્તાશ્રમમાં તા. ૮-૫-૦૩ના રોજ જોયો. તેમાં ત્રણ બચ્ચાં હતાં. તા. ૨૧-૫-૦૩ના રોજ બચ્ચાં ઊડી ગયા. ત્રણ બચ્ચાં ત્રણ દિશામાં બેસતાં, જોવા જેવાં હતાં!

તા. ૨૬-૭-૦૩ના રોજ દરજીડા (Tailor Bird)નો માળો આસોપાલવમાં ત્રણ પાન સીવીને બનાવેલ હતો, જેમાં ત્રણ ઈંડાં હતાં. ગઈ સાલ એ જ આસોપાલવમાં માળો બનાવ્યો હતો. તેવી જ રીતે 'Money Plant'નાં મોટા પાનમાં મારા મિત્રના ઘરના વાડામાં આ વર્ષે માળો તા. ૧૨-૬ -૦૩ના રોજ જોયો. છેલ્લાં ચાર વર્ષથી ત્યાં જ બનાવે છે. તેનાં ચાર ઈંડાં હતાં. આમ પક્ષી પોતાની ગમતી જગ્યાનો ઉપયોગ વર્ષો - વર્ષ માળો બનાવવા કરતાં હશે.

નીલ જલમુરઘા (Purple Moorhen)નો માળો બોરસદના ગટરના તળાવમાં થાય છે! એક માળો જોયો, તેમાં એક ઈંડું હતું. આજુબાજુમાં ગાયો ખૂબ હતી તેનાથી પક્ષી ને ખૂબ તકલીફ પડતી હતી. વારંવાર ઈંડાને, માળામાંથી ખસી જાય તો ઉપર લાવવું પડતું. ફરી અવલોકન થશે તેમ મોકલીશ.

**યજ્ઞેશ ભટ્ટ**

આઝાદ ચોક, ધર્મજ- ૩૮૮૪૩૦

## ટિટોડીનું વિસ્મયકારક ઊતરાણ!

એપ્રિલ માસનો અનુભવ આપને મોકલું છું. વૅટર્નરી કૉલેજના 'વાયરોલૉજી લૅબ'ના ધાબા પર કેટલાક સમયથી ટિટોડી(Redwattled Lapwing)ની એક જોડની હાજરી સતત રહેતી. આથી ત્યાં માળો હોવાની આશંકા હતી. તા. ૨૭ - ૪ - ૦૩ના રોજ સવારના દસેક વાગ્યે ચાર બચ્ચાં આ બેલડી સાથે અગાસીમાં ફરતાં દેખાયા. આગલા દિવસે બચ્ચાં દેખાયા નહોતા, એટલે વધુમાં વધુ ૨૪ કલાક પહેલાં જ ઈંડાંમાંથી બહાર નીકળ્યા (hatch) હોવા જોઈએ. સાંજના ડૉ. પારાશર્યને જાણ કરતા તેમણે સલાહ આપી કે, ધાબાને જો ઊંચો ધોરો (parapet) હોય તો બચ્ચાંને જમીન પર ઉતારી દેવા હિતાવહ છે. કારણ કે, આટલી ગરમીમાં(ધાબા પર છાંયો બિલકુલ નથી ) માત્ર મા - બાપ વડે થતાં પોષણ (feeding)થી જ ટકી રહે, તે શક્યતા ઓછી છે. આ ધાબાની બે બાજુએ દોઢ ફૂટ અને બીજી બે બાજુએ ઓછામાં ઓછું અડધા ફૂટનું ચણતર છે. આથી બીજા દિવસે સવારે જ બચ્ચાંને તેનાં મા-બાપની નજર સામે નીચે ઉતારી દેવાનું વિચાર્યું. પરંતુ, સોમવારના સવારે બચ્ચાં અને પક્ષી બેલડી ગાયબ! બપોરે આ બેલડી, બચ્ચાંને નીચે 'લૉન'માંથી રસ્તો પસાર કરાવીને, ઘાસચારો વાવવા, તાજા જ તૈયાર કરેલ ખેતર તરફ દોરી જતી દેખાઈ. ટિટોડીએ શું બચ્ચાં ઊંચકીને પાળી કૂદાવી હશે ? ગયા વર્ષે પણ ટિટોડીએ 'બિલ્ડીંગ'ના ધાબા પર ( બીજા માળે) ત્રણ ઈંડાં મુકેલા, જેમાનાં બે બચ્ચાં ધાબા પર મરી જતાં, ત્રીજા બચ્ચાને નીચે ઉતારી દિધેલું.

## વતનની વાત

આ ઉનાળુ વેકેશનમાં મારે મારા વતન રબારીકા, જિ. અમરેલી, જવાનું થયું. મારું ગામ ગીર વિસ્તારનું છેવાડાનું ગામ છે. ઉનાળામાં પીવાના પાણીની પણ અછત, આથી વાવેતર તો ક્યાંથી હોય? ખેતરો ખેડાઈ જવાથી આખો વિસ્તાર સૂકો ભઠ લાગતો હતો. આવા સૂકા અને બળબળતા વિસ્તારમાં મારા ગામ તેમ જ આજુબાજુનાં ગામો, પચપચીયા, બેડીયા વગેરે જગ્યાએ, તા. ૪-૫ અને ૯મી જૂનના રોજ દૂધરાજ (Paradise Flycatcher) જોયા. બેડીયામાં તો એકી સાથે ઘણાં દૂધરાજ હતા. બધાં જ કાટિયા (chestnut) રંગનાં હતાં. રબારીકામાં શોબિગી (Common Iora) પણ જોઈ, પણ તેનો કંઠ સાંભળવા ન મળ્યો. કંસારો (Coppersmith) દરરોજ સાંભળવા મળ્યો. આ પક્ષીઓ ત્યાં આટલાં બધાં સામાન્ય છે ?

વતનમાં ઘરે, ઓસરીમાં બુલબુલને આવતા જોઈ

આશ્ચર્ય થયું. એક બુલબુલ(Redvented Bulbul) ઓસરીમાં થાંભલીથી નેવાને ટેકો આપતા *સળિયાની જોડ* પર માળો બનાવવા પ્રયત્ન કરતું હતું, પણ ચકલીઓ તેમ કરવા દેતી નહોતી. મારા બાપુજીએ જણાવ્યું કે, છેલ્લાં બે વર્ષથી બુલબુલ અહીં માળો કરી બચ્ચાં ઉછેરે છે, પણ આ વર્ષે ચકલીઓ રહેવા દેતી નથી. બુલબુલ, માનવ વસ્તીથી આટલા બધા ટેવાઈ ગયા છે, તે જાણ્યું.

રજાઓમાં આણંદ પરત આવતા, તા. ૧૦જૂનના રોજ, મોગરી (તા.આણંદ) ગામે મારા બાળકોની શાળાએ ગયો. તો શાળાની પરસાળમાં જ બરાબર વચ્ચે લટકતા એક 'ઈલેક્ટ્રીક હોલ્ડર' સાથે શક્કરખોરા(Purple Sunbird)એ માળો ગૂંથ્યો હતો. માદા, માળામાં બેસીને શરૂ થયેલ પ્રવૃત્તિ જોઈ રહી હતી. માળો રજાઓમાં બનાવેલ હતો. (અગાઉ 'વિહંગ'માં શક્કરખોરાએ દુકાનમાં માળો બનાવ્યાની નોંધ વાંચેલ).

ડૉ. ડી. એન. રાંક
*વેટર્નરી કૉલેજ, આણંદ - ૩૮૮૦૦૧.*

## પાંખોવાળી ઊધઈ, સમડીનું ભોજન

આ ઋતુનો પહેલો વરસાદ (તા.૨૦- ૬-૦૩)પડતાં જ ઊભરાઈ આવેલી પાંખોવાળી જીવાતથી વીજળીના થાંભલા છવાઈ ગયા. ચકલી, કાબર, કાગડા, બ્રાહ્મણી મેના, બુલબુલ, લેલા વગેરે બીજા દિવસે સવારે તેની જયાફત ઉડાવતાં હતાં. અમારી સોસાયટીની આસપાસ ખુલ્લા ખેતરમાં અને 'વેટર્નરી કૉલેજ'ના મેદાનમાં આશરે ૧૫ થી ૨૦ જેટલી સમડીઓ ઊતરી આવી. ધ્યાનથી જોયું તો ખ્યાલ આવ્યો કે, આ સમડીઓ ઊડતી ઊધઈને હવામાં ઊડતાં ઊડતાં જ,પગથી પકડીને ખાઈ રહી હતી, તેમજ જમીન પર, તેના દર પાસે બેસીને વીણી રહી હતી. આટલી નાની જીવાતને પણ તે ખોરાકમાં લે છે?

'વેટર્નરી કૉલેજ' ની 'વાયરોલૉજી લૅબ'ના ધાબા પર જ્યાં ટિટોડીએ ૪ બચ્ચાં ઉછેરેલા ( એક અઠવાડિયા પછી આ બચ્ચાં ક્યારેય દેખાયા નથી) તે ધાબાના પાણીના નિકાલ માટેની 'પાઈપ' (વ્યાસ ૬ સે.મી )માં એક બ્રાહ્મણી મેનાએ માળો કરેલ. બચ્ચાંનો અવાજ પણ સંભળાતો (૫ જુલાઈ). હજુ આજ સુધી આ બ્રાહ્મણી મેના પાઈપમાં આવજા કરે છે. ત્યાં માળો છે, પણ બચ્ચાં નથી. અગાઉનાં બચ્ચાં ઊછરી ગયા હોય તેમ બને. તે ફરી ઈંડાં મૂકવાની તૈયારી કરતી હોઈ શકે.

આ 'લૅબ'ની બાજુની 'લૉન'માં તેતરની બે જોડ ઘણા સમયથી ફરતી દેખાતી. હવે એક જ દેખાય છે. આ જોડ સાથે તા. ૧૦મી 'મે'ના રોજ આઠ બચ્ચાં દેખાયા, એકાદ અઠવાડિયા પછી સાત થયાં. જૂનના પહેલા અઠવાડિયામાં પાંચ અને તા. ૧૧મી જુલાઈથી ચાર જ બચ્ચાં દેખાય છે. આજે આ જોડ ૪ બચ્ચાં સાથે ધાબા પર ચઢીને અવાજ કરતી જોઈ. બચ્ચાં હોલાથી થોડા નાના કદનાં થઈ ગયાં હતાં.

**ડૉ.ડી.એન.રાંક, ગૌરવ પંડ્યા**
*'જીનેટીક્સ' વિભાગ, વેટર્નરી કોલેજ, આણંદ*

## ભાવનગરમાં સમડી ક્યાં ?

શિયાળાની ઋતુ ચાલી જતાં અમે સમડી માટે દરેક શક્ય જગ્યાએ તપાસ કરી. 'મટન માર્કેટ' પાસે રોજ સવારે એટલી બધી સમડી બેસતી અને ચકરવા લેતી કે, વખતે હમણાં એક બીજા સાથે અથડાઈ જશે, તેમ લાગતું. 'મટન માર્કેટ' પાસે એક પણ સમડી જોવા ન મળી. એક ૮૦ વરસના દિવાળીબેનને પૂછતાં જણાવ્યું કે, ''દસ બાર વરસથી સમડી નથી આવતી, પણ બગલા ઘણા આવે છે (ઢોરબગલા ઘણા હતા). તમે 'માર્કેટ'નો કચરો નાખે છે, ત્યાં તપાસ કરો.'' અમે તપાસ કરી, ફક્ત એક જ સમડી જોવા મળી.

આ વાંચીને ભાવનગરના જુવાન પક્ષીમિત્રો, ભાવનગર તથા આજુબાજુ ફરીને, તપાસ કરીને 'વિહંગ'ને હકીકત લખી મોકલશે તો સાચું ચિત્ર મળશે.

અમારા મતે, ગીધ તથા સમડીનાં રાતવાસાનાં તથા માળા માટેનાં વૃક્ષો હયાત હોવાં છતાં પક્ષીઓ ગાયબ છે. વળી, સીમમાં દેવચકલી (Indian Robin) પણ માંડ માંડ એકાદ દેખાય છે.

શ્રી ધર્મકુમારસિંહજીએ લખ્યું છે કે, ''કાગડાની

સંખ્યામાં વધારો, આપણી રાંધેલા ખોરાક ને ફેંકી દેવાની જીવનશૈલીને આભારી છે''. પહેલા જમણવાર પછી પતરાવળીઓ ફેંકી હોય ત્યાં કાગડા એકઠા થતાં,પરંતુ જમણવાર લગ્નગાળામાં જ આવતા. હાલમાં દરેક હોટલની બગડી ગયેલ રસોઈ રોજ રોજ અમુક વિસ્તારોમાં ફેંકવામાં આવે છે. રોજનું થયું છે, છતાં કાગડાની સંખ્યા ઘટતી જાય છે.

**મૃદુલા શુક્લ**

*સાગવાડી, કાળિયાબીડ, ભાવનગર-૩૬૪ ૦૦૨*

## પતંગની દોરીથી ઘાયલ

તા. ૬- ૧- ૦૩ના રોજ 'સ્વયંભૂ એપાર્ટમેન્ટ' આઝાદ સોસાયટી પાસેથી રાત્રે ૯.૨૦ની આસપાસ,એક મોસમી શાહિનન(Peregrine Falcon) ને કૂતરાં હેરાન કરતાં હતાં. તેને તેની માદા બચાવવા પ્રયત્ન કરતી હતી. સ્વંયભૂ એપાર્ટમેન્ટમાં રહેતા ભાગ્યેશભાઈ ભટ્ટે તેને બચાવી લીધું અને 'એનીમલ હેલ્પ ફાઉન્ડેશન' વાળા રાહુલભાઈ ને સોપ્યું. શાહિન પતંગની દોરીથી બહુ જ ખરાબ રીતે ઘાયલ હતું.

**કાર્તિક શાસ્ત્રી**

*અશોકવાડી, પંચવટી, અમદાવાદ-૩૮૦ ૦૦૬*

## મરેલું ઘુવડ

૨-૫-૦૩ ના રસ્તે હું, ચીકુ વોરા, ફારૂક ચૌહાણ તથા વિશાલ થોરિયા, ખારવા ગામની સીમમાં ગયા હતા. ત્યાં અમોને એક મોટો ઘુવડ (Great Horned Owl) મરેલો પડેલો મળ્યો હતો. તે અપુખ્ત (juvenile) હતો. આ પક્ષી કદાચ પોષણના અભાવે મર્યું હશે. વનખાતાનો સંપર્ક સાધતા, શ્રી સુરેશભાઈ પટેલે (A C F) આવીને આ ઘુવડને લઈ લીધું હતું.

**યોગેન્દ્ર શાહ, ચિકુ વોરા**

*આનંદ, અજીતનાથ સોસાયટી પાસે, જીન્નાન રોડ/લક્ષ્મીપુરા, દુધરેજ રોડ, સુરેન્દ્રનગર-૩૬૩ ૦૦૨*

## ખોડિયાર જળાશય પર પક્ષીનિરીક્ષણ

અમે બે-ત્રણ મિત્રો, શ્રી સુરેશભાઈ વેગડા અને વનરક્ષક શ્રી ડાંગરભાઈ, ખોડિયાર જળાશય તરફ તા. ૧૨ - ૧૦- ૦૩ના રોજ પક્ષીનિરીક્ષણ માટે ગયા હતા. નીચે મુજબ પક્ષીનિરીક્ષણ નોંધ કરી. *નક્ટા (Comb Duck)* ૨૮, મોટો ચકવો (Great Stone Plover) ૧૫, નાની ડૂબકી (Little Grebe) ૨, મોટી ચોટીલી ડૂબકી (Great Crested Grebe) ૧, કાબરો રાજાલાલ (Whitebellied Minivet) ૩, કુંજ (Common Crane) ૯, કરકરા (Demoiselle Crane) ૬૦, અબાલી (House Swift) ૫, તારોડિયા (Swallow, ક્યા?- સં. ) ૮, ટિલિયા (Ruff and Reeve) ૫, કાશ્મીરી વાબગલી (Whiskered Tern) ૫ વગેરે.

આ ઉપરાંત, બાજુમાં આવેલા ગોરડના જંગલમાં મત્સ્ય ઘુવડ (Brown Fish Owl)ની જોડી જોવા મળી. બપોર પછી, એક બચ્ચું જોવા મળ્યું. સલીમઅલીના પુસ્તકમાં જોતા, પ્રજનનની ઋતુ ડિસેમ્બરથી માર્ચ લખેલ છે. અમે માળા માટે અંદર જઈને તપાસ કરેલ નથી, પરંતુ માળો કદાચ એટલા વિસ્તારમાં જોવા મળે!

તા. ૨૭-૪-૦૩ના રોજ હું અમે ત્રણ મિત્રો વનરક્ષક ડાંગરભાઈ અને સુરેશ વેગડા, હાલ જે ખોડિયાર ડેમ છે, તેની નીચેનો જળસ્રાવીય વિસ્તાર, જે મેં ક્યારેય જોયેલ ન હતો, ત્યાં, અમારા 'બાઈક' પર રવાના થયા. રસ્તામાં ધોળાપગ બીલબટેર(Little Bustard- Quail)નાં બે બચ્ચાં જોયા. આગળ જતા, ડામરનો રસ્તો પૂરો થાય પછી વનખાતાનો વીડી- વિભાગ શરૂ થાય છે. એ વિસ્તાર આખો ગોરડ વન તરીકે પ્રખ્યાત છે. ત્યાંથી શેત્રુંજી ડેમના નીચેના ભાગ તરફ જવાય. અમો ત્રણે ખોડિયારના જળસ્રાવીય ક્ષેત્રમાં પહોંચ્યાં, તો ત્યાં છીપા ઉપર નીલ - જલમુરઘો (Purple Moorhen) બેઠેલ હતો. ત્યાં દૂરથી બેઠા બેઠા જ એક નાનો કજિયો (Little Cormorant) પાણીની વચ્ચેના પથ્થર પર, જાણે સમાધિ લગાવી બેઠો હોય, તેમ જોવા મળ્યો. થોડી વાર પછી એક નાની ડૂબકી (Little Grebe) તરતી જોવા મળી. આ વિસ્તાર સાંજના સમયે ખૂબ જ રમણીય લાગે છે, કારણ કે બન્ને બાજુ મોટી

કોતરો છે અને વચ્ચેથી નદીનો પ્રવાહ વહે છે. થોડી વાર બેઠા પછી અમે રેતીમાં આગળ ચાલવાનું નક્કી કર્યું . કોતરની બખોલમાં ઘુવડ જોવા મળ્યું, તે મત્સ્યઘુવડ (Brown Fish Owl) હતું. આગળ જતાં બીજું પણ એક મત્સ્યઘુવડ બેઠેલ જોયું, કદાચ તેની જોડ હોય.

તા.૪-૫-૦૩ ના રોજ, મારા મકાનથી આગળ જતાં ખેતર છે. તેમાં ૨૦થી ૨૫ ઢોરબગલા (Cattle Egret) તેમના પ્રજનન પોશાકમાં જોવા મળ્યા. શું ઢોરબગલાનો પ્રજનનકાળ આટલો વહેલો હોઈ શકે ? કે પછી ઋતુ પ્રમાણે, વરસાદ વહેલો હોવાના સંકેત છે?

તા.૫-૫-૦૩ના રોજ, અમારા મિત્ર ડાંગરભાઈએ સમાચાર આપ્યા કે, તમારી સોસાયટીની પાછળ જે ગંદા પાણીનો ખાડો છે, તેમાં મેં ગઈ કાલે પાનલવા (Painted Snipe) જોઈ. અમે તરત દૂરબીન અને કેમેરા લઈને મારા ઘરની થોડે જ દૂર ઊપડ્યાં. જોયું તો,ગંદા પાણીમાં ઉગેલ વનસ્પતિમાંથી લાંબી ચાંચ બહાર દેખાતી હતી. અમે એક તરફ શાંતિથી બેઠા. બાજુમાં ખાડો હતો. બે -ત્રણ બહેનો માટી ખોદતી હતી. તેથી, કે અમને જોઈને તેને ખલેલ પહોંચી હોય તેવું લાગ્યું. અમે લગભગ ૧૫ મિનિટ શાંતિથી સુધી નિરીક્ષણ કર્યું.

## મિતિયાળાના જંગલમાં મોટો રાજાલાલ

તા.૧૩-૫-૦૩ ના રોજ મારે મિતિયાળાના જંગલમાં જવાનું થયું. મિતિયાળા, ભાવનગરના મહારાજાના વખતમાં સિંહના શિકાર માટેના સ્થળ તરીકે પસંદ થયેલું. આજે મિતિયાળાનો બંગલો વનખાતા હસ્તક છે અને વનવિભાગની નીચે આખો જંગલ વિસ્તાર આવરી લેવાયો છે.

- રાખોડી રામ ચકલી, છ ની સંખ્યામાં,પાણીની કૂંડી પર પાણી પીવા વારંવાર આવતી હતી. ઊડીને પાછી વૃક્ષ પર બેસતી.
- પીળકના નર,માદા અને એક અપુખ્ત જોવા મળ્યાં. પીળકનું પ્રજનન વહેલું હશે તેમ માની લીધું.
- આગળ એક તળાવ છે. એ વિસ્તારમાં એક ઝાડ પરથી ખેરખટ્ટા (Indian Treepie)નો અવાજ આવતો હતો. તે જોયો. બાજુના આસુંદ્રાના ઝાડ પર બે જોડ નાના રાજાલાલ અને એક જોડ મોટો રાજાલાલ (Scarlet Minivet) જોવા મળ્યાં.
- આગળ જતાં, થોડું જંગલ આવ્યું. તેમાં એક ઝાડ પર બે હરિયલ જોવા મળ્યાં.
- એક વન ચીબરી (Spotted Owlet) નું બચ્ચું જોવા મળ્યું.

## ગીરમાં પક્ષીનિરીક્ષણ

સાપમાર ગરૂડનો માળો

૧૭-૫-૦૩ ના રોજ હું તથા મારા મિત્રો તેમજ વનરક્ષક શ્રી ડાંગરભાઈ તેમના 'બુલેટ' પર બપોરના ત્રણ વાગ્યે કરમદડી બીટમાં પહોચ્યાં. ડાંગરભાઈએ સમાચાર આપેલ કે, ત્યાં સાજડના એક વૃક્ષ પર છેલ્લા ૧૫ દિવસથી તેઓ શકરાના માળાનું નિરીક્ષણ કરી રહ્યા છે. અમે ત્યાં પહોંચ્યા ત્યારે માળા ઉપર પુખ્ત પક્ષી ન હતું, પણ દૂરબીનથી બે બચ્ચાં સ્પષ્ટ જોઈ શકાય તેમ હતાં. ત્યાંથી આગળ, એક કિલોમીટર પછી, નદીમાંથી ચાલીને ડુંગર પર જવાનું હતું. તે 'સાગવાળો માળ' કહેવાય છે. તેની ટોચની બાજુમાં ડુંગરની ભેખડમાં હરમાના ઝાડ પર સાપમાર ગરૂડ (Crested Serpent Eagle)નું એક બચ્ચું, માળામાં જોયું. અમને જોઈને બચ્ચું માળામાં નીચું છૂપાઈ જવાનો પ્રયત્ન કરવા લાગ્યું. ત્યાંથી પરત ફરતા, નીચે નદીની ભેખડમાં એક સફેદછાતી કલકલિયા(Whitebreasted Kingfisher) ને જતાં- આવતા જોયો. અમને લાગ્યું કે, તેણે બખોલમાં માળો શરૂ કર્યા હોવો જોઈએ. ત્યાંથી આગળ વધતા, રસ્તાની એક બાજુ, નાની એવી ભેખડમાં, ઊંડા દરમાં,દેવ ચકલીનાં બે ઈંડાં જોયાં. આજનો દિવસ ખૂબ જ સરસ ગયો. આટલું બધું ગીરમાં જોવા મળશે, તેવી કલ્પના કરી ન હતી!

- દશરથિયાનો માળો:

તા.૨૫/૫/૦૩ ના રોજ ડાંગરભાઈએ સમાચાર આપ્યા કે, કરમદડી બીટની રેવન્યું હદ પૂરી થતા જ્યાંથી જંગલ શરૂ થાય છે, ત્યાં દશરથિયા(Indian Nightjar)નો માળો છે, જેમાં તેનાં ઈંડાં છે. માદા સતત ઈંડાં પર બેસી રહે છે અને નજીક જતાં પણ ઊડી જતી નથી. અમે ત્યાં

પહોચ્યાં. મેં સાદો 'લેન્સ' ચડાવી પાંચ ફૂટ દૂરથી 'ફોટો' પાડ્યો. બિલકુલ ડર વિના માદા બેસી રહી. થોડી વારમાં ત્યાંથી ઢોર ચરાવવાવાળા નીકળ્યાં, તે, ભેંશ અને ગાયોના ચાલવાથી ઊડી. અમે નજીક જઈને જોયું તો, કોઈ પણ જાતનો માળો નહી, સીધા જમીન પર જ, બે લાલ બદામી રંગની છાંટવાળાં ઈંડાં હતાં.

અજીત ભટ્ટ

સરદારનગર-૧, એસ.ટી. ડેપોની બાજુમાં, ધારી

## Pitta in Vadodara

I heard the call of Pitta and rushed out of the house to get a glimpse of this feathered jewel. Several calls Later, I located the bird in the spreading branches of the grand old banyan, which presides over my compound.

The Pitta invariably visits my compound during the months of May/ June, every year. I have never come across its nest in my compound and suspect that my compound is only a stopover for a few days , on its way lahead Hearing Pittas call and seeing it certainly lifts my spirits. (8-6-02)

**Ajitsinh Gaekwad**

*Rajastambh villa, opp. Motibaug Palace, Vadodara - 390 001*

## Some Ornithological Observations in the Kachchh Wildlife Sanctuary (KWS)

During our visit to the KWS during March 1998 we recorded following noteworthy features:

Redvented Bulbuls *(Pycnonotus cafer)* and Whitecheeked Bulbuls *(P.leucogenys)* were very common throughout the sanctuary; however, *P. leucogenys* was uncommon at Kala Dungar area where *P. cafer* was as common as it was in the rest of the sanctuary.

The Rufous-tailed Rock Thrush *(Monticola saxatilis)* was observed at Kala Dungar. It is a migratory bird and this was the first record of *M. saxatilis* in Kachchh.

A flock of 238 common cranes *(Grus grus)* was observed in the saline flats near Karni checkpost. The flock was resting at the foot of the Bhanjado Hill which is three km westward from Karni checkpost. The well known ' Flamingo City' is located about 8 km north-west from the hill. The cranes were in their return migration from the wintering grounds. The area had plenty of underground fleshy roots of *Cyprus* sp., which possibly was attracting the cranes. From this area the cranes might be crossing the international border.

**V.C.Soni & V. J. Bhuva**

*Department of Biosciences, Saurashtra University, RAJKOT 360 005*

## Crow's nest on the girder

This pc is being written while waiting at Jamnagar railway station for Rajkot - 2.45 pm, 17-7-03.

Above me, sited on the girders of the platform shelter is a crow's bukly nest! She is obviously incubating eggs and the male has come once and gone. The crowds of passangers do not desturb the incubating bird in her very unusual nest location, a pity, I do not have a camera handy.

Crows have regularly used electricity and telephone poles to place their nests on and used wire as nesting material. This is perhaps the first record of a nest under shelter and above so much human activity going on. The nest material is of *Prosopis juliflora*, twigs from the large number of trees around.

ps. At least this pair of innovative, house crows will not be raising koel young!

## Brown Rock Chat in Gandhinagar

Even as we are preparing to leave Gandhinagar I have had the great pleasure of having a Brown Rock Chat drop in at 646, Vastunirman, sector 22, Gandhinagar on 22nd August, 2003. Had I not got in to the habit of watching the resident Indian Robins, I might well have missed noticing this visitor. Regular observation of the Indian Robin females helps to immediately notice the difference; the Rock Chat has an all over rich brown as against the robin female's greyish brown, only her ear coverts are rich brown. The chat does not cock the tail, instead very deliberately raises it up and then presses it down. The motion is quite distinct. I believe, there is a record of the Brown Rock Chat in the outskirts of Gandhinagar at Vavol and I saw one last year in summer, at the Udyog Bhavan here.

**Lavkumar Khacher**

*14, Jayant Soc, Rajkot-360004*

## Change in bird population of certain species with changing crop pattern at Thol Bird Sancutary in 2002-03

**Ruff**

Thol bird sanctuary lies in the rich paddy- growing region of Kadi taluka. In 1999-2000, large number of Ruff, at times up to sixty thousand birds, were seen to have used the lake for roosting purposes. But, the important point to be noted here is, that in this year (1999-2000) the paddy cultivation was good. The harvesting of paddy in late November coincides with the height of the gathering of Ruffs at the lake. A BNHS study in 1985 at Pt. Calimere reported that Ruff fed mainly on paddy *in its wintering grounds.* But the same is not true for the other intensively paddy cultivated areas of Kheda and South Gujarat.

In 2002-03, the paddy crop failed due to poor monsoon and in most of the area surrounding the lake farmers either left the fields uncultivated or opted for other crops. One crop that was grown in place of paddy was juwar.

The failure of the paddy and the consequent filling up of the lake with the Narmada water seem to have drastically affected the migrating population of Ruffs in this season. Filling up of the lake up to 8 feet meant that, there was little or no roosting ground left within the lake for the birds to roost. Though Ruffs were present through out the season and were seen in flocks of few hundreds , their number never reached the high that was recorded in 1999-2000.

**Rosy pastor**

The cultivation of juwar in place of paddy seems to have triggered a sudden increase in the population of Rosy Pastors at Thol. Their preference for juwar has been mentioned by Salim Ali. The presence of large number of Peeloo (Slavadora) trees in this region could also be a reason for the high number of these birds, as their fruit is also included in their diet.

Food was not the only factor that seemed to have increased the number of these birds at the lake. The presence of large trees, mostly Acacia, on the island of Hanumanpura, served as an ideal roosting stop for these birds. Large flocks or ' clouds ' of these birds were seen at Hanumanpura just before dusk. At times their numbers were as high as 20,000 to 25,000.

This pattern was seen for a period of about one and a half months. The numbers were varying, but one could still see the large clouds of the birds settling over the vegetated island.

The harvesting of the crop(when-E) led to a sudden fall in the number of these birds and by the end of the season, the number had come down considerably. These birds were still regularly seen in good numbers along the highways which have a large number of Salvadora trees.

**Demoiselle Crane**

These bird are known for their preference for groundnut and hence the large congregations of these birds have been recorded in Saurashtra, which has been traditionally known for its large-scale groundnut cultivation.

This bird is been sighted at Thol in recent years, but in a very few numbers. There is a photographic record of these birds in large flocks at the lake, which was taken in the 1980's.

This year though, large flocks of these birds numbering from a few hundreds to eleven hundred were sighted at Thol. According to Salim Ali, the Demoiselle Crane is known to affect open cultivated country, feeding largely on the tender shoots of gram and wheat.

This year the availability of water for wheat cultivation was in ample. Farmers who had a good harvest of paddy and juwar took up wheat cultivation. As a result, most of the region surrounding Thol, where the Narmada water was fed through canalets from the lake, intensive wheat cultivation was undertaken,

This could have been an important factor responsible for the large number of these birds in this region after so many years.

**IYER MOHAN K.**

*2/Tilak II, Maharashtra Society, Ahmedabad 380006*

## મહુવા દરિયા કિનારે 'બ્લ્યુ-ફૂટેડ બુબી'

તા. ૩-૭-૨૦૦૩ ના રોજ, મહુવાથી આઠેક કિ.મી. દૂર,અરબી સમુદ્રના કિનારે આવેલ પિંગળેશ્વર મંદિર પાસેના ખડકો ઉપર,'સુરખાબ પ્રકૃતિ મંડળ'ના શ્રી ભરત સોલંકીને એક અસામાન્ય લાગતું પક્ષી જોવા મળ્યું. આ પક્ષી નબળું અને ઊડવા માટે અશકિતમાન જણાતા પ્રકૃતિ મંડળના સભ્યો, ચિરાગ કોટડિયા, ભાવેશ ભલાડિયા, સંદિપ વાઘેલા, નૈમિષ ત્રિવેદી તથા હરીશ વિશ્વકર્માએ, આ પક્ષીને મહુવા લાવી સારવારનો પ્રયત્ન કરેલ, પણ બીજા દિવસે આ પક્ષી મરી ગયેલું. આ પક્ષી અસામાન્ય જણાતા કુ. રૂચિ દવેની મદદથી પારેખ કૉલેજની 'બાયોલૉજી લેબ.'માં તેનું શરીર'ફોર્મેલીન'માં જાળવવા રાખેલું. આ પક્ષી જેવું જ ચિત્ર વિદેશી પક્ષીઓની સી.ડી.માં ચિરાગ કોટડિયાને જોવા મળતા, તેની 'પ્રીન્ટ' કાઢી, ઓળખ માટે 'બોમ્બે નેચરલ હિસ્ટ્રી સોસાયટી'ને મોકલેલ. દરમિયાન વિશ્વનાં પક્ષીઓની 'હેમલીન ફોટોગ્રાફિક ગાઈડ'માં જોતાં, આ પક્ષી Bluefooted Booby (*Sula nebouxii*) હોવાનું જણાયેલું. બી.એન એચ. એસ.માંથી પણ આજ તારણ આવતા, પક્ષીને ફરીવાર ફોર્મેલીનમાંથી કાઢી સારી રીતે જોતા, આ પક્ષી Bluefooted Booby હોવાની ખાત્રી થયેલ, છતાં સંપૂર્ણ ખાત્રી કરવા માટે પક્ષીનું શરીર' બી. એન .એચ . એસ ', મુંબઈને મોકલેલ છે.

જો આ પક્ષી Bluefooted Booby હોવાનું નક્કી થાય તો દક્ષિણ અમેરિકા તથા વેસ્ટ ઈન્ડીઝના પ્રદેશોમાં જોવા મળતું આ દરિયા કિનારાનું પક્ષી, ભારતમાં કદાચ આ પ્રથમ વખત નોંધાયું ગણાશે. ખોરાકની તંગી જણાય ત્યારે આ પક્ષી પોતાની સામાન્ય હદ છોડી દૂર સુધી પ્રવાસ ખેડતા હોવાનું 'હેમલીન ફોટોગ્રાફિક ગાઈડ'માં નોંધેલ છે. આ જ કુળના Masked Booby (*Sula dactylatra*), Redfooted Booby (*Sula sula*) અને Brown Booby (*Sula leucogaster*) માલદીવ અને લક્ષદ્વિપમાં પ્રજનન કરતાં હોવાની અને ભારતના દરિયા કિનારાની મુલાકાત લેતા હોવાની નોંધ, ગ્રીમેટ અને ઈન્સ્કિપના પુસ્તકમાં છે. Bluefooted Boobyની ભારતમાં હાજરી અંગે કોઈ નોંધ ક્યાંય નથી. હવે ખાસ જોવાનું રહ્યું કે,આવાં બીજાં પક્ષીઓ આ વિસ્તારમાં જોવા મળે છે કે કેમ ?

**કોટડિયા ચિરાગ , ભલાડિયા ભાવેશ, વાઘેલા સંદિપ, કુ. રૂચિ દવે, પ્રો. પ્રવીણસિંહ ડોડિયા અને જયદેવ ધાધલ**

*મહુવા, જિ. ભાવનગર*

## મુંજિયાસર ડેમ ખાતે પક્ષીગણતરી

વન વિભાગના કર્મચારીઓ અને પક્ષીનિરીક્ષકો દ્વારા તા. ૧-૨- ૦૩ના રોજ અમે મુંજીયાસર ડેમ, બગસરા, જિ. અમરેલી ખાતે પક્ષીગણતરી કરી. નીચેનાં પક્ષીઓની નોંધ કરી.

ગયણો (Shoveller)-૨૩, નાનાં હંજ (Lesser Flamingo) - ૬૪, ગુલાબી પેણ (Rosy Pelican) - ૨૧૩, સીંગપર (Pintail) - ૬૩, ઊલટીચાંચ (Avocet) - ૭, સફેદ કાંકણસાર (White Ibis) - ૨, પીળીચાંચ ઢોંક (Painted Stork) - ૧૭, કરકરા (Demoiselle Crane) - ૧૪૦, કાબરી કારચિયા (Tufted Pochard) -૩૭, ચમચો (Spoonbill) - ૯, કબૂત બગલો(Grey Heron) - ૨, ગજપાંઉ (Blackwinged Stilt) -૧,ગારખોદ (Snipe) - ૧, નાના કાજિયો (Little Cromorant) - ૧, નકટા (Comb Duck) - ૨, કૈંચીપૂંછ વાબગલી (River Tern) - ૪, ચકવો (Stone Curlew) - ૨, મોટો બગલો (Large Egret) - ૨, કાળી કાંકણસાર (Black Ibis) - ૨૪,

## રંગહીન લેલું

તા.૧૬-૩-૨૦૦૩ના રોજ અજિતસિંહ ગોહિલ અને હું બપોરના ૩ વાગ્યે વડી ડેમમાં પક્ષીનિરીક્ષણ માટે ગયા. પક્ષીઓમાં કુંજ (Common Crane) ખૂબ દૂર હતી. ડેમની બાજુમાં બાવળની કાંટમાં લેલાના ટોળા વચ્ચે એક સફેદ પક્ષીએ અમારું ધ્યાન ખેંચ્યું . બરાબર નિરીક્ષણ કરતાં એ સફેદ રંગનું થોરિયું લેલું (Common Babbler) જણાયું. અમે સૌ પ્રથમ વાર રંગહીન (albino) પક્ષી જોતા હતા. લેલાના ટોળામાં પાંચ પક્ષી હતાં. ટોળાનાં પક્ષીઓ સાથે એ સફેદ પક્ષી પણ જોડાયેલું હતું. અમારા નજીકથી કરેલા નિરીક્ષણ પછી ટોળા સાથે ઊડી ગયું.

**સુરેશ ડી. નાકરાણી**

*"નિસર્ગ", નિલકંઠ પાર્ક, જિ. અમરેલી, મું. કુંકાવાવ- ૩૬૫૪૫૦*

## અમદાવાદ નજીક પક્ષીનિરીક્ષણ

તા. ૨૦-૭-૦૩ : અમદાવાદ-નારોલ સુએઝ ફાર્મ ઓક્ટ્રોઈ નાકાથી એક રસ્તો સાબરમતીને સમાંતર બદરખા ગામ તરફ જાય છે. રસ્તાની બાજુએ જૂનાં મોટાં વૃક્ષો છે. પક્ષીનિરીક્ષણ માટે સારું સ્થળ.

કુવા પરના ઝાડની ડાળીઓમાં સુગરી(Baya weaver) ના વીસેક માળા લટકતા હતા. ઘણા અધૂરા પણ હતા. આ અધૂરા માળાનું બાંધકામ ચાલું હતું. સુગરીઓ પાનના તાર લાવી, બાજુમાં આવેલ વીજળીના તાર પર બેસીને માળા તરફ જતી.

બદરખા બસ સ્ટેન્ડ પાસેના લીંબડાના ઝાડ પર ઢોર બગલાના ૨૫ -૩૦ માળા હતા. બચ્ચાં માળામાંથી નીકળવા પ્રયત્ન કરતાં હતાં, પણ તેમનાં માબાપ તેમને પાછા ધકેલી દેતાં હતા.

તા. ૨૭-૭-૦૩ : ખેડાથી ખંભાતના માર્ગ પર આવેલ નારદાનું તળાવ પાણીથી ભરપૂર હતું. તળાવમાં વનસ્પતિ પુષ્કળ હતી. સફેદ, ગુલાબી અને જાંબલી કમળ તળાવમાં ઊગેલ હતાં. તળાવની પાળ પરની ઓરડીમાં રહેતા ભાઈએ હોડીમાં તળાવની સેર કરાવી. નીલ જલમુરઘા (Purple Moorhen) અને શ્વેતપંખ જલમાંજર (Phaesant-tailed Jacana) જોઈ શકાતાં હતાં. જલમાંજરોને ગુલાબી કમળો વચ્ચે, એક પાન પરથી બીજા પર ચાલતા જોવાની મજા આવી. તે એક પાન પર ઊભો રહી ફૂલમાંથી કાંઈક ખાતો હોય ત્યારે, પાન ધીમે ધીમે ડૂબવાનું શરૂ કરે અને ખાવામાં તલ્લીન જલમાંજર પાન સાથે પાણીમાં નીચે જવા લાગે. પણ પગ પાણીમાં ડૂબે એટલે તરત કૂદીને તે બીજા પાન પર ચાલી જતો.

હોડીચાલક ભાઈએ જલમાંજરનો તરાપા જેવો તરતો માળો બતાવ્યો. તેમાં ઘેરા લીલાશ પડતા રંગનાં ભમરડાના આકારનાં, કાચની લખોટી જેવાં ત્રણ ઈંડાં હતાં. આગળ જતાં બીજો તરતો માળો જોયો. તેમાં ચાર ઈંડાં હતાં. પાણીનાં મોજાને કારણે તે માળો બે પાંચ ઈંચ ઊંચો નીચો થતો છતાં ઈંડાં તેની જગાએથી જરા પણ હલતાં ન હતાં.

શેખુપુરાના બસ સ્ટેન્ડ પાસેનાં ૫-૬ લીંબડાનાં ઝાડ પર ધોળા બગલા (Egrets) ના ૧૫૦ માળા હતા. માળા બાંધવાની પ્રવૃત્તિ ચાલુ હતી. પૂરા થઈ ગએલ માળામાં બેઠેલા બગલા, તેમાંનાં ઈંડાં સેવતા હતા.

બન્ને વખતમાં થઈને જોવા મળેલ અન્ય પંખીઓની યાદી : (૧) કંસારો (Coppersmith) - ૫, (૨) ચાતક (Pied Crested Cuckoo) - ૧ (૩) કાળી કાંકણસાર (Black Ibis) - ૪ (૪) સફેદ કાંકણસાર (White Ibis) - ૪૨ (૫) સફેદછાતી જલમુરઘી (Whitebreasted Waterhen) (૬) લોટણ હોલો (Red Turtle Dove) - ૧ (૭) ચાષ (Indian Roller) - ૨ (૮) ચીબરી (Spotted Owlet) - ૪ (૯) સફેદછાતી કલકલિયા (Whitebreasted Kingfisher) -૧૪ (૧૦) કોયલ (Koel) - ૮ (૧૧) થોરિયા લેલા (Common Babbler), ઘણાં (૧૨) ફાટીચાંચ ઢોંક (Openbill Stork) - ૮ (૧૩) કપાસી (Blackwinged Kite)- ૧ (૧૪) નાના કાજિયા (Little Cormorant) - ૮-૧૦ (૧૫) નાની ડૂબકી (Little Grebe) - ૨૦ (૧૬) સારસ - ૨ જોડ (૧૭) મુનિયા (Whitethroated Munia) - ૮ (૧૮) શિયાળુ તારોડિયા (Common Swallow) જુદાં જુદાં સ્થળે (૧૯) કાળો કોશી (Black Drongo)- જુદાં જુદાં સ્થળે

**વિનોદ ગજ્જર અને નાનુ ગુર્જર**
*૨/બી, નિગમ સોસાયટી, વટવા - ૩૮૨૪૪૫*

## Some birding observations

| Date | Area | Species | No. | Remarks |
|---|---|---|---|---|
| 11-6-01 | Devgam, Rajkot | Whitebellied Minivet | 1 | |
| 11-6-01 | Lodhika, Rajkot | Great Horned Owl | 2 | Sitting on a stony hilly slope with sparse grass |
| 7-7-01 | Jessore, Banaskantha | Jungle Owlet | 1 | |
| 21-8-01 | Lala Bustard Sanctuary Kachchh | Redheaded Merlin | 2 | Sitting on a wire |
| 27-9-01 | Gajod, Kachchh | Pied Crested Cuckoo | 1 | Perching on *Acacia nilotica* |
| 28-9-01 | Chundi, Kachchh, | Greynecked Bunting | 1 | Foraging on ground |
| 23-11-01 | Nadappa, Kachchh | Rosy Pastor | 100+. | Flying over agriculture land. |

***Hiren Soni,***
*29, Yogi Swami Soc. Bhalej Road, Anand 388001*

## સારસ વૉચ



✪ તા.૫-૫-૦૩ના રોજ બપોરે ટાઠીવડલી વિસ્તારમાં હું, ચિકુ વોરા, વિશાલ થોરીયા, તથા ફારૂક ચૌહાણ ગયા હતા. ત્યાં અમે સારસની એક જોડી જોઈ હતી.

✪ સુરેન્દ્રનગર ડેમથી ખમીયાણા વિસ્તારમાં જતાં, હિમાંશુભાઈ પરમારની વાડીમાં સારસની જોડી તથા એક બચ્ચું ચરતાં જોયાં હતાં. તેમના કહેવા પ્રમાણે આ ત્રણ પક્ષીઓ છેલ્લા ૧ માસથી સતત રોજ સવાર-સાંજ ત્યાં ચણવા આવે છે. સાથે ચિકુવોરા ફારૂક ચૌહાણ તથા વિશાલ થોરીયા હતા. (ક્યારે ? - સં.)

**યોગેન્દ્ર શાહ**
સુરેન્દ્રનગર

# ગીધ પર જાપતો



## ★ ભાવનગરમાં ગીધની સંપૂર્ણ ગેરહાજરી !

જ્યારે બી.એન.એચ.એસ. તરફથી ગીધ વિષે તપાસ કરવાનું કહેવામાં આવ્યું ત્યારે, જૂના સમયમાં, એટલે કે ૨૫-૩૦ વર્ષ પહેલાં અમે જ્યાં જ્યાં ગીધ જોયેલાં, તે જગ્યાઓ ઉપરાંત, મોટાં ઢોર મરી જાય ત્યારે તેનાં ચામડાં ઊતરડે, તે વિસ્તારમાં તપાસ કરેલી. ક્યાંય એક પણ ગીધ જોવા ન મળ્યું. દરેક જગ્યાએથી એક જ જવાબ સાંભળવા મળ્યો કે,'દસ પંદર વરસ પહેલાં હતાં. આ સામા ઝાડ પર બેસતાં.' એક બંગલામાં મોટું કમળ કાકડીનું ઝાડ છે. વર્ષો પહેલાં તેની પર પાર વિનાનાં ગીધ રાતવાસો કરતાં. બંગલાના માલિક બહેને કહ્યું, ' કોને ખબર શું થયું, ટપોટપ ગીધ નીચે પડતાં પછી મરી જતાં.' એટલે કે ભાવનગર માં એક પણ જાતના એક પણ ગીધ નથી. એક જમાનામાં ખેરા (Scavanger Vulture) ના માળા થતા. શ્રી જેસોલ સાહેબે બાજુના ગામ પાસે આવેલા એક ખૂબ ઊંચા વૃક્ષ પર જાતે ચડીને, ખેરાના માળાની 'ફોટોગ્રાફી' કરી હતી, તેના અમે સાક્ષી છીએ. વૃક્ષો છે ત્યાંના ત્યાં જ છે, પણ ગીધ નથી.

**મૃદુલા શુક્લ**

*સાગવાડી, કાળિયાબીડ, ભાવનગર-૩૬૪ ૦૦૨*

❀ અમારી બાજુમાં નવો ડેમ બની રહ્યો છે. એમાં નદીના વિશાળ પટ પર ૨૦ ગીધ ઊડતાં જોયા. આનંદ થયો.

❀ હમણાં મોરબી ગયો હતો. ત્યાં આકાશમાં ૮ ગીધ ઊડતાં જોયા. (તારીખ ?- સં.)

**ડૉ. પી.પી. મૂછડિયા**

*મૂછડિયા સર્જીકલ હોસ્પિટલ, જાફરાબાદ માર્ગ, રાજુલા ૩૬૫ ૫૬૦*

❀ તા.૧૬-૬-૨૦૦૩ના રોજ સવારના ૧૦-૩૦ કલાકે મહુવા (જિ.ભાવનગર)માં ચાર જૂથમાં કુલ ૬૯ (૨૮+ ૧૮+૯ +૧૪) સફેદપીઠ ગીધ ઊડતાં જોયા. ચારેય જૂથ નજીક નજીક હતાં. આ અગાઉ વધારે માં વધારે ૪૫ ગીધ જોયાં હતાં (જેની નોંધ 'વિહંગ'ને મોકલેલ). આ વર્ષે મહુવામાં ગીધનો માળો જોયો (જેની નોંધ પણ 'વિહંગ' ને મોકલેલ છે). હાલમાં ગીધની સંખ્યા પણ વધી છે, તો ' positive population trend' હોવાનો એ પુરાવો કહી શકાય ખરો? હાલમાં ગીધની સંખ્યામાં થઈ રહેલ ભયજનક ઘટાડા વચ્ચે અહીં વધી રહેલ ગીધની વસ્તી એ સારા સમાચાર કહી શકાય.

**પ્રા. પ્રવીણ ડોડિયા**

*પર, શાસ્ત્રીનગર સોસાયટી, શ્રીજી નગર પાછળ, મહુવા, જિ.ભાવનગર*

## ★ અમદાવાદમાં ગીધની નિરીક્ષણ નોંધ

❀ તા.૧૫ /૧૧/ ૦૨ના રોજ પાલડી ગામ, કોચરબ આશ્રમની બહાર, લીમડા ઉપર, સાંજે ૬ વાગ્યે, માળામાં ૨ ગીધ જોયા.

❀ તા.૨૦/૧૧/૦૨ના રોજ 'સોમા ટેક્ષ્ટાઈલ'ની બહાર સાંજે ૫.૩૦ વાગ્યે, લીમડા ઉપર, ૫ ગીધ. તેમાં ૧ ગીધ માળા પાસે હતું. બાજુમાં આસોપાલવની ટોચ ઉપર ૧ માળો અને તેમાં ૧ ગીધ હતું.

❀ તા.૫/૧૨/૦૨ના રોજ જમાલપુર બાબા બુખારીની મસ્જિદ ઉપર લીમડામાં ઉઘાડો દેખાતો માળો. બપોરે ૪.૩૦ વાગ્યે માળામાં ગીધ હતું. જાન્યુઆરીમાં માળામાં ગીધ કોઈ કારણસર મરી ગયું. ક્યાંય સુધી એમાં પડી રહ્યું હતું.

❀ તા.૧૨/૧/૦૩ ના રોજ સવારે ૧૦.૨૫ વાગ્યે ૨ ખેરા (Scavanger Vulture) ઊડતાં જોયા. એકદમ નીચે ઊડતાં હતાં. સમડી દ્વારા ખૂબ જ હેરાન થતાં જોયા. (ક્યાં ? - સં.)

❀ ડાભલા પાંજરાપોળથી પહેલા, સૂકા ખેતરમાં, નીચે બેઠેલાં ૧૬ ખેરા જોયા. ઝાડ ઉપર ૭ અને ઊડતાં ૪ જોયાં. ડાભલા ખાતે, વડ ઉપર ૮ ગીધ, બાજુના વૃક્ષ ઉપર ૬ ગીધ, એક મોટા ઝાડ ઉપર ૨૭ ગીધ જોયા. એક

સૂકા વૃક્ષ ઉપર ૩ ગીધ સાથે એક મોટું ગરૂડ જોયું તેનું કદ ગીધ જેટલું જ હતું. તેના ફોટા પાડ્યા. વિડિયો ઉતારી. તે પરદેશી ધોળવો ઝુમ્મસ(Steppe Eagle) હતો. પાછળથી ખબર પડી. (કઈ તારીખ ? - સં.)

❋ તા.૧૧/૫/૦૩ના રોજ I.I.M.ની પાણીની ઊંચી ટાંકી ઉપર બહુ વખતે ૩ ગીધ બેઠેલા, સવારે ૮-૧૫ વાગ્યે જોયા.

❋ તા. ૨૧/૫/૦૩ના રોજ ગાંધી આશ્રમ સામે પંચમહાલ ખાદી ભંડારના ફળિયામાં લીમડાના ઝાડ ઉપર, માળામાં ૧ ગીધ હતું.

❋ તા.૨૧/૫/૦૩ના રોજ બપોરે ૩.૪૦ની આસપાસ, બે લીમડાનાં વૃક્ષો ઉપર એક માળામાં બે ગીધ અને બીજા માળામાં ૨ ગીધ અને બચ્ચું હતાં. સાબરમતી સ્ટેશન પાસે તા.૨૨/૧૧/૦૩ના રોજ ૩ લીમડા ઉપર ૩ માળામાં બેઠેલાં ૩ ગીધ.

❋ ચીમનભાઈ બ્રીજની બાજુમાં સાંજે ૫.૧૦ વાગ્યે તા.૧૪/૫/૦૨ના રોજ લીમડા ઉપર બે ગીધ અને બાજુના માળામાં એક બચ્ચું અને એક ગીધ હતાં. માળો લીમડા ઉપર ચોખ્ખો દેખાતો હતો.

❋ તા.૨૭/૩/૦૩ના રોજ લૉ ગાર્ડનમાં નીલગિરિના વૃક્ષ ઉપર માળામાં ૧ ગીધ હતું. તા. ૧૨/૧/૦૩ ના રોજ માળો ખાલી હતો. બાજુમાં સમડીએ માળો કરેલ છે.

❋ તા.૧/૯/૦૩ના રોજ કેમ્પના હનુમાન પાસે બપોરે ૩.૨૫ વાગ્યે સફેદપીઠ ગીધનું એક મોટું ટોળું 'બાઈનોક્યુલર' થી જોયું. ૮૧ ગીધ સામટા ઊડતાં જોયા. આટલું મોટું ટોળું ઘણાં વખતે ઊડતું જોયું.

❋ I.I.Mની બહાર તા.૩/૪/૦૩ ના રોજ બપોરે ૪.૧૦ વાગ્યે લીમડા ઉપર, ૩ ગીધ અને માળામાં ૧ બચ્ચું હતાં.

❋ મણીનગર 'ક્રીશ્ચન ગ્રેવયાર્ડ'માં આંબલી ઉપર માળામાં ૧ બચ્ચું તા.૧૪/૩/૦૩ના રોજ જોયું.

❋ તા. ૧૨/૩/૦૨ના રોજ મીઠાખળી ગામ ઉપર ૧૧ ગીધ ઊડતાં જોયા. સાથે એક ખેરો (Scavanger Vulture) ઊડતો જોયો.

❋ તા. ૬/૭/૦૩ના રોજ ગુજરાત કૉલેજના ધાબેથી એક અરડૂસા ઉપર ૧૨ ગીધ, લીમડા ઉપર ૧ ગીધ તથા બીજા અરડૂસા ઉપર ૧૬ ગીધ નોંધ્યાં. કોલેજની બીજી બાજુ 'ગર્લ્સ હોસ્ટેલ' તરફના લીમડા ઉપર ૫ ગીધ અને બાજુ ઉપર ૨ ગીધ જોયા. કેટલાય વખતે અહી ૩૫ જેટલાં ગીધ જોવા મળ્યાં.

❋ તા.૧૫/૩/૦૩ ના રોજ શાલીમાર બંગલાની સામે પીપળા ઉપર સવારે ૯-૩૦ વાગ્યે ૨૨ ગીધ બેઠેલા જોયા. અતિથિગૃહમાં લીમડા ઉપર ૧૦ ગીધ બેઠેલાં જોયા. શાલીમાર બંગલૉઝમાં, એક ગીધ અને એક બચ્ચું, માળો ટોચમાં, એકદમ ખૂલ્લો, સૂકા ઝાડ ઉપર જોયો.

❋ તા.૨૩/૨/૦૩ ના રોજ ગાંધીઆશ્રમની બહાર એક પણ ગીધ નહીં, 'અંડરબ્રીજ' શાહીબાગ ખાતે ૨૫ ગીધ ઊડતાં જોયાં.

❋ અરૂણ સોસાયટી, પાલડી, લીમડા ઉપર ૧ માળો અને ૧ ગીધને તા.૨૪/૨/૦૩ ના રોજ જોયા. N.I.Dની સામે લીમડા ઉપર ૧ ગીધ અને ૧ માળો જોયા.

❋ 'ફૂટબૉલ ગ્રાઉન્ડ' ઉપર ૨૪/૨/૦૩ના રોજ, ૧૭ ગીધ ઊડતાં નોંધ્યાં. કાંકરિયાની પાછળ, બે આસોપાલવમાં ૨ માળા અને બન્નેમાં એક એક ગીધ નોંધ્યાં.

❋ તા.૧૫/૩/૦૩ બપોરે ૧.૩૦ વાગ્યે રખીયાલ સોમા ટેક્ષટાઈલની બહાર લીમડા ઉપર ૮ ગીધ, માળામાં ૧ બચ્ચુ અને ૧ ગીધ નોંધ્યાં. બાજુમાં આસોપાલવ ઉપર ૧ માળો છે, તેમાં ૧ બચ્ચું અને ૧ ગીધ જોયા.

❋ તા. ૧/૫/૦૩ ના રોજ અતિથિગૃહમાં લીમડા પરનો માળો ખાલી હતો. અને પાસેના શાલીમાર બંગલૉઝમાં સૂકા ઝાડ ઉપરનો માળો ન હતો. ત્યાં પંખીઓ પણ ન હતાં. એ દિવસે શાહીબાગમાં પણ ગીધને ન જોયા. સાંજે, 'એનીમલ હેલ્પ ફાઉન્ડેશન'વાળા રાહુલભાઈનો ફોન આવ્યો. તેમની પાસે એકદમ માંદું ગીધ આવ્યું હતું. તા. ૨/૫/૦૩ ના રોજ સવારે 'ફાઉન્ડેશન' ખાતે રૂબરૂ ગયો.

ગીધ મરી ગયું હતું. ગીધના પગે ફ્રેક્ચર હતું, જેને રાહુલભાઈ શાહીબાગ અતિથિગૃહ ખાતેથી લાવ્યા હતાં. તે ગીધને મેં SACONના ડૉ. મુરલીધરનને મોકલી આપ્યું, જેનો અહેવાલ હાલ આવેલ નથી.

**કાર્તિક શાસ્ત્રી**

*અશોકવાડી, પંચવટી, અમદાવાદ ૩૮૦ ૦૦૬*


❊ આ વર્ષે એપ્રિલમાં બે વાર સાસણગીર ગયો. એમાં બીજી વખતે મને ગીધ જોવા મળ્યાં. ત્યાંના 'ગાઈડ' ઈશાભાઈ તથા લલીતભાઈ સાથે હતાં. તેઓના કહેવા મુજબ છેલ્લા વરસથી ત્યાં ૮ થી ૯ સફેદપીઠ ગીધ દેખાય છે, જે આનંદની વાત છે.

❊ તા. ૦૪/૦૫/૦૩ ના રોજ હું, ચિકુ વોરા, ફારૂક ચૌહાણ તથા વિશાલભાઈ થોરીયાએ, વઢવાણથી પાંચ કિ.મી દૂર,એક નીલગિરિના ઝાડ ઉપર, શકરાનો માળો પણ જોયો હતો, જેમાં માદા ઈંડા સેવતી હોય તેવું લાગે છે. આગળ ખારવાની સીમમાં ત્રણ સફેદપીઠ ગીધ ઊડતાં જોયા હતાં.

**યોગેન્દ્ર શાહ**

*આનંદ, અજીતનાથ સોસાયટી પાસે, જીનતાન રોડ, સુરેન્દ્રનગર-૨*

# પત્ર-સેતુ



## પક્ષીઓની ટપાલટીકીટ

આ એક ખબર કહું કે ખુશખબર! પક્ષીપ્રેમીઓ અને તેમાં પણ ખાસ કરીને ભારતીય વન્ય પ્રાણી - પંખીઓની ટપાલ ટિકિટો ભેગી કરવાના શોખીનો માટે તો આ ચોક્કસપણે ખુશખબર જ હોઈ શકે. ઘણાં ખરાંને તો કદાચ જાણ પણ હશે જ, તેમ છતાં 'વિહંગ' જેવા સબળ માધ્યમ દ્વારા આ માહિતી આપીએ છીએ. 'ઈન્ટરનેટ' પરની વેબસાઈટ www.bird-stamps.org માં આપ અત્યાર સુધી પ્રકાશિત થયેલી પક્ષીઓ વિષેની 'સ્ટેમ્પ્સ' જોઈ શકશો. તેમાં દુનિયાના ઘણા બધા દેશોની 'સ્ટેમ્પ્સ' છે અને ભારતની ૩૪ જેટલી વિવિધ 'સ્ટેમ્પ્સ' છે. આપણા મહાન પક્ષીવિદ્ ડૉ. સલીમઅલીની 'સ્ટેમ્પ'નો સમાવેશ પણ આમાં થાય છે. તદ્ઉપરાંત, નવરંગ (Indian Pitta), દૂધરાજ (Paradise Flycatcher), 'મોનાલ ફેઝંટ', વગેરે જેવાં ચિત્તાકર્ષક પંખીઓ તો ખરાં જ. વળી અમુક 'સ્ટેમ્પ' તો 'જર્ડન્સ કોર્સર', ખડમોર (Lesser Florican), ઘોરડ (Great Indian Bustard), કાળીડોક ઢોંક(Blacknecked Stork) જેવાં દુર્લભ પંખીઓની છે. અને હા, ત્રણ થી ચાર 'સ્ટેમ્પ્સ'માં 'સાઈબીરિયન ક્રેન', સફેદ ઢોંક (White Stork) અને વૈયાં (Rosy Pastor) જેવાં યાયાવર પક્ષીઓ પણ છે. વળી, આપણું રાષ્ટ્રીય પંખી મોર અને BNHSનો 'લોગો' પાઈડ હોર્નબીલ પણ સ્ટેમ્પમાં સોહામણા લાગે છે.

***ધર્મેન્દ્ર શાહ, વિરેન્દ્રસિંહ ઝાલા, પ્રત્યુષ પાટણકર***

*'ડિપાર્ટમેન્ટ ઓફ ઝુઓલૉજી', એમ.એસ.યુનિ., વડોદરા-૨.*

## બાળપણની સ્મૃતિમાંથી....

આ સાથે હું નાનો હતો ત્યારનો સમડીનો અનુભવ જણાવું છું. પોરબંદરમાં હવે તો સમડીઓ જોવા જ નથી મળતી, પણ આ ૪૫ વર્ષ પહેલાંથી વાત છે. તે સમયમાં ઘરકામમાં આવતી બાઈને વાસણ ઘસાઈ જાય પછી ઘેર જાય ત્યારે રસોઈની થાળી પીરસીને આપવામાં આવતી. એમાં ક્યારેક રોટલી કે પૂરી જો બહાર દેખાઈ જાય તો સામેના ઊંચા મકાનની અગાશી ઉપરથી ઊડીને સમડી ગલીમાં 'ડાઈવ' મારે, થાળીમાંથી પૂરી-રોટલી પગેથી ઉપાડી લે અને મકાનની ટોચ ઉપર પાછી પહોંચી જાય અને ખાવા લાગે. ક્યારેક તો ગાંઠિયાનું પડીકું લઈને જતાં હોઈએ તો 'ડાઈવ' મારીને પડીકું હાથમાંથી છોડાવી દે અને ગાંઠિયા વેરાઈ જાય. અમે નીચે ગલીમાંથી હવામાં દડાની જેમ અધ્ધર રોટલી કે પૂરીનો ઘા કરીએ તો સમડી નીચે 'ડાઈવ' મારીને હવામાંથી જ, નીચે પડવા દીધા વગર,

પગના પંજા વડે પકડીને ઊંચી અગાશી ઉપર બેસીને ખાઈ જાય. આમ સમડીને ખવડાવવાની મજા આવતી. તે સમયે રીક્ષા કે સ્કુટર તો હતા નહીં અને ગલીઓમાં 'ટ્રાફિક' પણ બહુ ઓછો રહેતો એટલે 'ડાઈવ' મારે તો વાહનો સાથે અથડાવાનો પ્રસંગ બનતો નહીં.

**મહેશ ડી. વૈષ્ણવ**

*આશાપુરા સોસાયટી, છાયા રોડ, પોરબંદર*

## ✍ ચોમાસામાં તો 'વર્ડીટર' ક્યાંથી હોય?

કેટલીક વાત (વિહંગ વર્ષા ૨૦૦૩ પાના નં. ૨૨)માં પ્રણવ ત્રિવેદીની મારી નોંધ પર ટિપ્પણી વાંચી. મેં જોયેલ નીલવર્ણી માખીમાર (Nilgiri Flycatcher) જ હતું અને ચોમાસા તો હરિતનીલ માખીમાર (Verditer Flycatcher) ક્યાંથી હોય? રંગ પણ હરિતનીલ કરતા ઘણો ઘેરો હતો. અવાજ પણ 'રેકોર્ડ' કરેલ છે, છતાં ધ્યાન દોરવા બદલ પ્રણવભાઈનો આભારી છું. બીજું, Slatyheaded Scimitar Babbler એ ગ્રીમેટની બુક પ્રમાણે નવું નામ છે, બાકી મેં તો Indian Scimiter Babbler જ જોયેલું

**મુકેશ ભટ્ટ**

*સારસ, ૧૦૧, ધરતી એપાર્ટ., ચંદન પાર્ક, સિટી લાઈટ રોડ, સુરત*

## ✍ Nava Talao under pressure

Nava Talao, a vast fresh water marsh in Dasada, Patdi taluka of Surendranagar Dist. attracts thousands of birds including a large number of migrants.

Since last two years, some local people, in the name of an organisation have been selling fishing and lift irrigation rights to commercial fishermen and farmers,for growing pesticide intensive crops, such as cotton and cumen(jira). This organisation or people have no legal rights for granting these contract and are contravening a High Court of Gujarat order and a public order of the District Magistrate, Surendranagar against such acts.

Again, the close by Nal Sarovar Sanctuary is drying out and for the migratory birds Nava Talao is acting as a crucial staging area. Nava Talao is a potential Ramsar Convention site and midwinter bird counts for Asian Wetland Bureau have been conducted since more than ten years. An exhaustive report 'Ecological Study of Wild Ass Sanctuary, 'Little Rann of Kutch' by GEER Foundation (1999),Gandhinagar has extensive mention of Nava Talao which has been compared with other important wetlands of this area.

This is an apeal to all concerned Government Depatments, N.G.O.s and individuals to take necessary action to stop this devastation immediately.

**M. S. Mailk**

*Zainabad, Via Patdi 382 765, Dist. Surendranagar, Gujarat.*

## ✍ Stop birds from making their nests in meter box

In the previous month a pair of Myna (which one ? - E) had started making their nest in the meter box of my house. One day, be cause of high voltage one of them died immediately. So I think it is our responsibility to save life of these bird by preventing them from making their nests in meter boxes.

This month again a pair of Myna started building their nest in the same meter box. When I saw it, I immediately covered it and put up a nest box beside this meter box. Next day, the pair of Myna accepted that nest box as its home. I request all the birdlovers that whenever you see any bird making its nest in meter box, immediatly cover it and put up a

nest box near by. I am sure thet bird will accept it. In this way we can save the life of these innocent creatures.

**Bhaumik P. Shah**

*41, Maniratnam -1 Bunglows, P&T colony Road, Near Prajapati Garden, Vasana, Ahmedabad -7*

## From wild Virgina....

I am lucky to get E-mail address of VIHANG - that lovely bird - newsletter, so dear to birdwatchers of Gujarat.

How are you and all active birdwatcher-friends birding in Gujarat ? I miss VIHANG very much.

It has been about 3 months, I have come here in West Virginia (affectionately called wild & wonderful West Virginia). But, frankly, I have never been able to enjoy USA, as work-pressuer is tremendous...There are always some exams to be passed with high grades and pressing research demands...

Eventhough, I have been finding a lot of beautiful birds on University campus and surrounding areas. Northen cardinal, a rich scarlet-red passerine is a state-bird of W. Virginia and it is plentiful on the campus. It's a good songster too. Blue jay , Woodpeckers, TItmouse, Chickadee, Mockingbird, Grackle etc. are seen daily. House Sparrows are there, but majority of birds are quite different from those, we find in N. India. I have yet to see waterbirds and I will hopefully start doing that from the coming month when my field work on Swans will start in the Chesapeake Bay.

I wish, I could write about birdlife here, at least a note..but I am afraid, it will be beyond the scope of 'VIHANG'. Convey my regards to Sh. Lalsinhbhai.

**Ketan Tatu**

*drketan@rediffmail.com*

## A varied habitat

If you would like a place which gives you such varied habitats as scrubland, forest, fields and wetlands, look no further. Located on the road which joins the highway to Saurashtra, Sindhrot is just 11 kms. from Vadodara.This pristine getaway is a nature lover's delight and is just the place where you can find varied habitats that will provide you with the variety of avifauna you could dream of.

As you approach the area from Gotri, the first halt is Sevasi, which has an ancient vav (stepwell). Look up at the tree to find a flock of Cattle Egrets interspersed with a few White Ibis. As you drive along the undulating landscape, large flocks of Rosy Pastors greet you in winter. In summer, enjoy the sight of the Pied Crested Cuckoo perched atop an electric wire. Of course the call of the Grey Francolin and Common Babbler welcome you any time of the year.

This area has land under cultivation as large portion of scrubland. The Gujarat Nature Conservation Society has built a nature park which provides forest cover. And to add the final topping, the river Mahisagar winds its way through this area in its journey towards the sea. The result, trekking through this area can give a birdwatcher an opportunity to sight birds known to haunt a variety of habitats.

From june 2002 to june 2003, Friends of Gaia have been regularly visiting the area and have sighted some 84 species which inlude in addition to plenty of waterbirds and birds of scrub forest, some birds which are normally found in wooded are, like Tickell's Blue Flycatcher and Purplerumped Sunbird. Blacknaked Stork and Brown Rock Chat are other important species.

**Bhupesh Shah**

*aks@wilnetonline.net*

## ✍ 'વિહંગ' વર્ષા ૨૦૦૩ પર ટિપ્પણી

'વિહંગ' વધુ અને વધુ રસપ્રદ બનતું જાય છે, અભિનંદન! નિષ્ણાત નથી, છતાં મારા પ્રતિભાવની અપેક્ષા રખાય છે અને તે પણ હિંમતસિંહજી તરફથી, તેથી આ નોંધ મોકલું છું.

શિયાળામાં જોયેલો નીલવર્ણી માખીમાર(Nilgiri Fly-catcher) હરિતનીલ માખીમાર હોવાની શક્યતા વધુ છે (પા.૨૩). જો હરિતનીલ માખીમાર (Verditer Flycatcher) જેવું પક્ષી બે મોસમી દેખાયું હોત તો તે શંકાસ્પદ ચોક્કસ બનત. ત્યાં સુધી પ્રશ્નાર્થ ચિહ્ન રાખવો ખૂબ જ અગત્યનો છે. આ બાબતમાં મુકેશે ખાસ તકેદારી રાખવી જરૂરી છે. હોઈ શકે, પણ ઉતાવળ કરવાની કોઈ જરૂર નથી.

હિંમતસિંહજીએ પા.૨૭ ઉપર રણ બુલબુલ (Whitecheeked Bulbul) બાબતે લખેલું છે. આ બુલબુલ દરિયાકિનારે,જ્યાં જ્યાં પિલુ(Salvador)નાં ઝાડ હોય છે, ત્યાં ત્યાં અવશ્ય મળે છે. મુંબઈના વિખરોલીના ચેર (Mangrove) વિસ્તારમાં આ ઝાડ ઊગે છે અને મેં તેને, ત્યાં જોયેલી છે. ગાંધીનગરમાં પણ એક વાર મારે આંગણે આવેલી. હિંમતસિંહજીએ બુલબુલ યુગલનું જે વર્તન દર્શાવ્યું છે, તેમ જ બને છે. એક જ પક્ષી માળા બાંધવાનું અને ઈંડાં સેવવાનું કામ કરે છે, બીજું, જે સાથે ઊડાઉડ કરે છે તે,તેની છટાથી નર હોવાનો ખ્યાલ આપે છે. બચ્ચાં નીકળે એટલે બંને મા-બાપ તેમને ઉછેરવામાં કાર્યરત બની જાય છે.

રાજાલાલ (minivets)માં પણ આવું બને છે. નાના રાજાલાલ (Small Minivet)માં ઘણી વખત બચ્ચાંને ખવડાવવામાં એક બીજો, એકલવાયો નર પણ જોતરાય છે.

વરસો પહેલા, મુંબઈના બોરીવલી રાષ્ટ્રીય ઉદ્યાનમાં, સ્વ. હુમાયું અબ્દુલઅલીએ શ્યામશિર પીળક (Blackheaded Oriole)ની જોડીમાં આવી વર્તણૂક બતાવી હતી. આ પીળકમાં ઊડતી નજરે બંને નરમાદા એક સરખા લાગે, પણ જ્યારે સાથે હોય ત્યારે નરનો રંગ વધારે પીળો દેખાય છે. આવી રીતે, ઝીણવટથી નિરીક્ષણ કર્યા પછી તેની તરત જ નોંધ કરવી જોઈએ. તેનાથી પક્ષીનિરીક્ષકમાંથી પક્ષીવિદ્ બનાય છે. ગમે તે શોખીન વ્યકિત તેના શોખને જ્ઞાન તરફ વાળી શકે છે.

અંતમાં, જ્ઞાની બનતા પહેલા આનંદ લેતા શીખો અને આનંદ લો ત્યારે સાથે સાથે એ બાબતે થોડા ચિંતિત બનો કે, જે આનંદ આપે છે તે જ નષ્ટ થવામાં છે. (૨૯- ૮- ૨૦૦૩)

**લવકુમાર ખાચર**

*૧૪, જયન્ત સોસાયટી, રાજકોટ - ૩૬૦૦૦૪*

## ✍ 'વિહંગ વર્ષ ૨૦૦૩ના અંક ઉપર ટિપ્પણી'

શ્રી લવકુમાર ખાચર, શ્રી હિંમતસિંહજી બાવા કે શ્રી શિવભદ્રસિંહજી બાવાનો ઉછેર એવી રીતે થયો છે કે તેઓ ગુજરાતી કરતાં અંગ્રેજીમાં પોતાની અભિવ્યકિત સહેલાઈથી અને સારી રીતે કરી શકે છે. આવા નિષ્ણાતોનો લાભ 'વિહંગ'ને મળતો રહે તે માટે સંપાદક અને પરામર્શકનો ખાસ આગ્રહ રહે છે. આથી તેઓનાં લખાણોનો અનુવાદ કે ક્વચિત્ અસલ અંગ્રેજી 'વિહંગ'માં આપીએ છીએ.(જો કે, શ્રી હિમતસિંહજી બાવા તો સવ્યસાચી છે. તેઓ બન્ને ભાષામાં સરસ લખી શકે છે અને પોતાના મોટા ભાગના લેખો ગુજરાતીમાં જ મોકલે છે.)

તે જ પ્રમાણે કોઈ બિનગુજરાતી નિરીક્ષકની અંગ્રેજી નોંધ આપણે આપીએ છીએ. પણ ગુજરાતના જ ભાઈઓ અંગ્રેજીમાં લખાણ મોકલે તે જચતું નથી. તેને અંગ્રેજીમાં છાપીએ ત્યારે કેટલાક વાચકો તેનો લાભ લઈ શકતાં નથી. તે બધાનો અનુવાદ કરવા જતાં સંપાદકનું ભારણ ખૂબ વધી જાય છે. સૌ ગુજરાતી મિત્રો પોતાનું લખાણ માતૃભાષામાં જ મોકલે તેવી મારી આગ્રહભરી વિનંતિ છે. ચાલુ અંક(વર્ષ ૨૦૦૩)માં અંગ્રેજી લખાણ ખાસું એવું આવ્યું છે.

**લાલસિંહ રાઓલ**

*સી-૨, હરિઓમ એપાર્ટ, 'ટાઈમ્સ ઓફ ઈન્ડિયા પ્રેસ રોડ'*

*જીવરાજ પાર્ક, અમદાવાદ-૫૧.*

## પક્ષીદર્શન શા માટે ?

ઘણા મિત્રો આવો સવાલ પૂછે. પક્ષીઓ જોવાથી શું મળે ? તાત્કાલિક મનમાં ઊગે કે, 'બસ આનંદ આવે.' પણ આનંદ શા માટે આવે છે ? કારણ કે, પક્ષીઓ જોવા સાથે ઘણું બધું સંકળાય છે. વૃક્ષો તરફ કે ફૂલો સામે તાકી રહેવાનું બને છે, ખુલ્લા આકાશમાં વિહંગોની ઉડાન પાછળ નજરો વડે જાણે ઊડવાનું મળે છે, અવાજ કર્યા વિના, રાહ જોઈ બેસી રહેવાથી શાંતિ પીવાની, અનુભવવાની તક મળે છે. કોઈ પણ બહાને, જ્યારે પ્રકૃતિનું સાન્નિધ્ય અનુભવાય, ત્યારે અંદરથી આંનદનો અનુભવ થાય છે.

૧૯૪૩માં પ્રકાશિત થયેલ એક પુસ્તક 'Lets Watch The Bird'(લે.પર્સીવલ વેસ્ટેલ) વાંચવા મળ્યું.પહેલું જ પ્રકરણ હતું,'પક્ષીદર્શન શા માટે ?' થોડા મુદ્દાઓ સ્પર્શી ગયા. એક વિચારકે લખ્યું છે કે, જીવસૃષ્ટિ (પ્રાણી,પક્ષી વગેરે)ના અભ્યાસ પર હમેશાં માનવસમૂહનો એક વિશેષ લગાવ રહેલો છે અને રહેશે કારણ કે,જાણે આ સૃષ્ટિ મનુષ્યને કહે છે કે,''જો તમે અમારા ઉદ્ભવ, સ્વભાવ અને સંરચનાને સમજી શકશો તો તમારી પોતાની જાતને સમજી શકશો.''

'પક્ષીદર્શન'નો આ સમય, આપણી ભાગદોડની તણાવગ્રસ્ત જિંદગીમાં જરૂરી એવા, એક સાત્વિક(pure) અને સંવેદનશીલ(sensitivel) શોખ તરીકે પણ લઈ શકાય. પક્ષીઓએ હમેશાથી જ દુનિયાના દરેક પ્રદેશમાં ચાહના મેળવી છે. તેનાં દેખીતાં અનેક કારણો છે. જેમ કે, તેમનાં વિવિધ, મનમોહક રંગો ને પીછાંનો કુદરતી શણગાર, તેમના આરોહ અવરોહથી ભરપૂર અવાજો, તેમની આગવી ઘર (માળા,બખોલ વિગેરે) બનાવવાની સ્થાપત્યકલા, તેમની વૈવિધ્યભરી ઊડવાની રીતો અને સ્થળાંતર કરી ફરી ત્યાં જ પહોંચવાની અગમ્ય સૂઝ. આ બધા ઉપરાંત, ખૂબ મહત્ત્વની બાબત છે, પક્ષીઓની ઉપસ્થિતિનું મનુષ્ય જીવનના અસ્તિત્વ માટે મહત્ત્વ અને અનિવાર્યપણું.

શહેરીકરણ અને શહેરોનું ગ્રામ્ય વિસ્તારો પરનું આક્રમણ જેમ વધતું જાય છે તેમ પક્ષીઓને રહેવાની અનુકૂળ જગ્યાઓ ઘટતી જાય છે. માટે, આપણે જો પક્ષીઓના અસ્તિત્વથી ખુશ રહેતા હોઈએ તો આપણી ફરજ બને છે કે, જેમ બને તેમ, ઝાડ, ઝાંખરા, વાડ, વેલા કોઈ પણ સ્વરૂપે વનસ્પતિ સૃષ્ટિને ઉછેરીએ અને સાચવીએ તો આ પંખીઓને આપોઆપ પોતાને જોઈતી જગ્યા અને જોઈતું વાતાવરણ મળી રહેશે.

**દીપાલી એસ. ઘેલાણી**

*'એચ' બ્લોક, તારાબાગ કોલોની, પોલીટેકનીક કેમ્પસ, વડોદરા*

## સૌએ સમજવા જેવું

હું સતત ત્રણ વર્ષથી નિરીક્ષણ કરતો આવ્યો છું. જામજોધપુરમાં ભરચક અવરજવરવાળા વિસ્તારોમાં-કોર્ટ, તાલુકા પંચાયત કચેરીનાં વડનાં વૃક્ષો તથા નીલગિરિનાં વૃક્ષો ઉપર સતત ત્રણ વર્ષથી ઢોરબગલા (CattleEgret) ની માળાવસાહત જોવા મળે છે. આ વર્ષે પણ તે જ સ્થળે વસાહત જોવા મળી છે. આ વર્ષે માળાઓની સંખ્યા ઘટી છે. ગત વર્ષે અંદાજિત ૧૦૦ માળા હતા, આ વર્ષે ૨૫ માળા છે.

આ ઢોરબગલાના માળા સંદર્ભે રસપ્રદ વાત મને જાણવા મળી છે. સતત અવરજવરવાળો વિસ્તાર હોવાથી, માણસો પોતાનાં વાહનો 'કમ્પાઉન્ડ'માં 'પાર્ક' કરતા. વાહનો, બગલાની ચરકથી ખરાબ થઈ જતાં. રસ્તા ઉપર બેસતા મોચી વગેરેને આ ત્રાસદાયક લાગતું. તેથી, ત્યાંના દુકાનદારો વગેરેએ ફટાકડા ફોડી બગલાને ભગાડવાની કોશિશ કરી, પણ ન્યાયધીશની સમયસૂચકતાથી એ બંધ રહ્યું. ન્યાયધીશે જણાવ્યું કે ''આ માળા થોડા દિવસ રહેશે, પછી બગલા અહી નહી રહે. તમો તેમને પ્રાકૃતિક રીતે રહેવા દો''. લોકોને એ વાતની ખાત્રી થઈ પણ ગઈ. આ વર્ષે સહજ રીતે લોકો અનુકૂળ થઈ ગયા છે. ન્યાયાધીશ ને સો સો સલામ અને ગામ લોકોની ઉદારતાને પણ ! (૨૬-૮-૦૩)

**મનીષ ઝાલાવાડિયા**

*બ્લોક ડી ૭/૪, સરકારી વસાહત(બેડેશ્વર), બેડી, જામનગર ૩૬૧૦૦૯*

## પક્ષીઓની નિયમિતતા અને નિર્ભયતા

અંધેરીમાં અમારો જમવાનો સમય ૧૧ વાગ્યાનો હતો. આ જ સમયે બે ચકલીઓ નિયમિત રીતે અમારી જોડે જમવા આવી જતી, કદી વહેલી નહીં અને કદી મોડી પણ નહીં. વળી, આશ્ચર્યની વાત તે એ છે કે, કોઈ પણ પ્રકારના ભય વિના એ અમારી થાળી પાસેથી અન્નના દાણા વીણીને ખાતી હતી, કેમ જાણે એ આપણી સ્વજન ન હોય!

અમે સુરત આવ્યા પછી આ જ પ્રમાણે બે કાગડાઓ પણ નિયમિત આવે છે અને જમવાને સમયે જ આવે છે. એ લોકોને બિલકુલ બીક લાગતી નથી. કાગડાઓની બાબતમાં એ પણ જોયું કે, જમવાનું જરા મોડું થાય તો ''કા..કા..'' કરી મૂકે છે.

જ્યારે આપણે પણ આપણી નિયમિતતા જાળવી શકતા નથી ત્યારે, આ પક્ષીઓને કોઈ વિશેષ દેન હશે?!

**નિપુણ પંડ્યા**

*બેજનવાળા કોમ્પલેક્ષ, H/૧૦૧, તાડવાડી, રાંદેર રોડ, સુરત ૩૯૫ ૦૦૯*

## પક્ષીઓના નામકરણ વિષે વધુ

પક્ષીઓનાં નામમાં ફેરફારોથી દરેકે વાકેફ થવું જરૂરી છે. હમણાં જ એક અનુભવી પક્ષીનિરીક્ષકે જણાવ્યું કે, તેઓએ Southern Grey Shrike જોયો અને 'તે', આ અગાઉ નોંધાયેલો નથી. તરત જ તેઓની રૂબરૂમાં ગ્રિમેટ,ઈન્સ્કીપ અને સલીમઅલીનાં પુસ્તકો તપાસ્યાં. Southern Grey Shrike અને Large Grey Shrike એક જ છે, એ બાબતની તેમને ખાત્રી કરાવી. આવું ઘણા કિસ્સામાં બને છે

હાલની પ્રાપ્ય 'ફીલ્ડ ગાઈડ' માં કેટલીક પ્રજાતિ (subspecies)નો ઉલ્લેખ છે, બધી પ્રજાતિનો નથી. સલીમ અલી તથા રિડલીના 'Handbook of the Birds of India and Pakistan'માં બધી જ પ્રજાતિનો સમાવેશ કરાયેલો છે. આમાંની કેટલીક પ્રજાતિને નવા નામાભિધાન પ્રમાણે જાતિનો (species) દરજ્જો મળ્યો છે. નવું નામકરણ હવે બી.એન.એચ.એસ તરફથી અપનાવાઈ રહ્યું છે.'Book of Indian Birds'ની નવી આવૃત્તિમાં નવાં નામોનો ઉપયોગ થયો છે.

' હેન્ડબુક'માં '*Pomatorhinus*'ની કુલ ૬ જાતિ દર્શાવાયેલી છે; *P. ferruginosus, P. ruficollis, P. horsfieldii, P. ochraceiceps, P. erythrogenys* અને *P. hypoleucos*. ગ્રિમેટ, ઈન્સ્કીપ તથા ઈન્સ્કીપના પુસ્તકમાં તેની કુલ આઠ જાતિઓ દર્શાવાયેલી છે. 'હેન્ડબુક'ની *P. horsfieldii* માંથી જ બે જાતિ બને છે ; *P. horsfieldii* અને *P. Schisticeps*. એટલે આઠ જાતિઓ આ મુજબ છે. *P. hypoleucos, P. erythrocnemis, P. horsfieldii, P. ochraceiceps, P. ferruginosus, P. erythrogenys, P. schisticeps , P. ruficollis.*

નવા પુસ્તકોમાં કેટલાક ગૂંચવાડા પણ છે, કદાચ ક્ષતિ પણ હોય શકે. 'ગ્રિમેટ, ઈન્સ્કીપ તથા ઈન્સ્કીપ'માં 'સલીમઅલી'માં ઉલ્લેખિત *P. erythrogenys, P. erythrocnemis* કરવામાં આવેલું હોવાનું દર્શાવ્યું છે, પણ વ્યાપમાં તે જુદું પડે છે. 'સલીમ અલી'માં *P. erythrogenys* નો જે વ્યાપ દર્શાવાયેલો છે તે જ વ્યાપ ગ્રિમેટ, ઈન્સ્કીપ તથા ઈન્સ્કીપમાં *P. erythrogenys*નો પણ છે. કદાચ મૂળ *P. erythrogenys*માંથી જ *P. erythrogenys* અલગ પડાઈ હોય, તેમ બની શકે . જો કે, પક્ષીનું વર્ણન અને વ્યાપના નકશા સરખાવતાં, આ ગડ બેસતી નથી. આથી , હું એવા તારણ ઉપર આવ્યો છું કે, નામની બાબતમાં વધુ પુસ્તકોના સંદર્ભો જોઈ-તપાસીને પછી જ કોઈ નિર્ણય ઉપર આવવું.

'વિહંગ'માં સમયાંતરે- તબક્કાવાર જો આપણે નામાભિધાનમાં થયેલા ફેરફારોની વિગતો, વૈજ્ઞાનિક નામ સહિત આવરી શકીએ, તો તે ઉપયોગી બને. ગ્રિમેટ, ઈન્સ્કીપ તથા ઈન્સ્કીપનું ' ફીલ્ડ ગાઈડ' ઉપરાંતનું મોટું પુસ્તક 'Birds of Indian Subcontinent' સંદર્ભ પુસ્તક તરીકે વાપરવું વધુ ઉપયોગી થાય તેવું છે. "

**ઉદય વોરા**

*જી-૨, સ્વીટ હોમ સોસાયટી, સેક્ટર-૨૨, ગાંધીનગર ૩૮૨ ૦૨૯*

## નવા નામોની વ્યવહારિકતા કેટલી ?

'ધી બુક ઑફ ઈન્ડીઅન બર્ડ્ઝ'ની ૧૩મી આવૃત્તિમાં પક્ષીઓનાં નવાં નામો આપવામાં આવ્યાં છે. આનાથી બિનઅનુભવી અને શિખાઉ પક્ષીનિરીક્ષકો મૂંઝવણમાં મૂકાઈ જશે, કારણ કે, દરેક વ્યકિત વૈજ્ઞાનિક નામોથી વાકેફ હોય નહીં. બીજી તરફ, આપણા સંદર્ભ ગ્રંથોમાં હજી સુધી નવાં અંગ્રેજી નામ કે વૈજ્ઞાનિક નામ પ્રસિદ્ધ થયા નથી. હા, હાલમાં 'બોમ્બે નેચરલ હિસ્ટરી સોસાયટી' દ્વારા પ્રસિદ્ધ થતાં 'બ્યુસરો' (Buceros) અંક ૬ (૧)માં પંખીઓનાં નવાં અને જૂનાં અંગ્રેજી તથા વૈજ્ઞાનિક નામો પ્રસિદ્ધ થયાં છે, પરંતુ કેટલા સામાન્ય પક્ષીનિરીક્ષકોના હાથમાં તે પહોંચી શકે? આપણાં પંખીઓ વિશેનાં પુસ્તકોમાં નવાં અંગ્રેજી નામો પ્રસિદ્ધ કરવાનો હું વિરોધ કરવા માગતો નથી, પરંતુ હાલના સંજોગોમાં તેની વ્યાવહારિકતા પર પ્રશ્નાર્થ મૂકવા માગું છું. મોડા વહેલાં, આ પરિવર્તન અપનાવ્યા વિના ચાલશે નહીં, પણ શરૂઆતમાં બન્ને નામો સાથે આપવામાં આવે તો તે વધારે વ્યવહારુ સાબિત થશે. જે કિસ્સામાં બન્ને, અંગ્રેજી અને વૈજ્ઞાનિક નામો બદલાયેલાં હોય ત્યાં લવભાઈ અને મારા જેવા 'જૂના જોગીઓ' પણ ક્ષણ વાર માટે મૂંઝવણ અનુભવી શકીએ.

**મ.કુ.હિંમતસિંહજી**

*જ્યુબિલિ ગ્રાઉન્ડ, ભુજ - ૩૭૦ ૦૦૧*

(પંખીઓના વ્યાપમાં...અનુસંધાન પા.૨થી)

આ થઈ ગાજહંસોના ગુજરાતમાં વધતા જતા વ્યાપની વાત. હવે રાજહંસ (Barheadad Goose)ની શું પરિસ્થિતિ છે તે જોઈએ. તે પંખી પહેલેથી જ ગુજરાત માટે વિરલ (rare) રહ્યું છે. સ્વ. સલીમ અલી લખે છે કે, હ્યુમે, બટલરે, કે ત્યાર પછીના કોઈ પક્ષીનિરીક્ષકોએ તેને ગુજરાતમાં જોયાના ઉલ્લેખ નથી. સ્વ.મહારાવ વિજયરાજજીએ તેને કચ્છ માટે 'વિરલ શિયાળુ મુલાકાતી' કહ્યો છે.

સ્વ. ધર્મકુમારસિંહજીએ તેને સૌરાષ્ટ્રમાં જોયેલ નહીં. સન ૧૯૫૧ના શિયાળામાં એકનો શિકાર થયાની વાત તેમણે પોતાના પુસ્તકમાં નોંધી છે. સૌરાષ્ટ્રમાં તેનું નિયમિત આગમન, સુરેન્દ્રનગર જિલ્લાના નાયકા ડેમમાં મૂળીના એક રાજકુમારની નજર ચડવા લાગ્યું. બે - ત્રણ વરસ બાદ તેમણે વ. વા. ફંડ (W.W.F.)ની રાજકોટ ઑફિસમાં સ્વ. નરેન્દ્રસિંહ ઝાલાને તેની જાણ કરી. આથી, '૮૩ના જાન્યુઆરીમાં શ્રી પ્રદીપભાઈ, કિશોરભાઈ, કે.પી.જાદવ અને હું ત્યાં ગયા. અમને ૨૨-૨૩ રાજહંસ જોવા મળ્યા. દર વરસે હજી તે ત્યાં નિયમિત આવે છે.

વીસેક વરસ પહેલાં ધરોઈ બંધમાં, એક ભાઈના જોવામાં રાજહંસ આવતા હતા. તે સમાચાર મળતાં જાન્યુઆરીની ગણતરીમાં અમે થોડા મિત્રો ત્યાં ગયા. અમને પણ ત્યાં રાજહંસ જોવા મળ્યા. ધરોઈ સિવાયના જળાશયોમાં તે ન દેખાતા તેની નવાઈ લાગતી. પણ હવે ઉત્તર ગુજરાતનાં કેટલાંય સ્થળોએ રાજહંસ નિયમિત આવતા થયા છે.

કચ્છમાં શ્રી શાંતિલાલ વરુ અને મિત્રોએ વિજયસાગર ડેમમાં ૨ અને રૂદ્રમાતા ડેમમાં ૩ રાજહંસ તા. ૬-૧૨-૮૭ના રોજ જોયેલા.

હમણાંનાં વરસોમાં ઈન્દ્ર ગઢવી તથા સંદીપ મુંજપરાને, સુખભાદર બંધના જળાશયમાં, ૧૨૦ જેટલા રાજહંસ તા. ૨૩-૧૨-૦૧ના રોજ જોવા મળ્યા. વળી તેમણે તથા તેમના સાથીઓએ તા. ૨૫-૧૨-૦૧ના રોજ નાયકા ડેમમાં ૩૦૦ જેટલા રાજહંસ અને ૧૦૦ જેટલા ગાજહંસ જોયા. તા. ૩-૧-૦૨ના રોજ શ્રી કિશોરચંદ્ર રાવળે ત્યાં ૧૮ રાજહંસ જોયા, તો નાની કઠેચી (નળ સરોવર પાસે)ના તળાવમાં કાસમ સમા અને હેમંત કામતે ૪ રાજહંસ જોયા.

આમ રાજહંસ તથા ગાજહંસ ગુજરાતમાં પોતાનો વ્યાપ વધારાતા જાય છે.

*સી-૨, હરિઓમ એપાર્ટ, 'ટાઈમ્સ ઑફ ઈન્ડિયા પ્રેસ રોડ',*

*જીવરાજ પાર્ક, અમદાવાદ-૫૧.*

# પક્ષીનો બચાવ તથા સંભાળ

લેખક : ડૉ.ગૌવરી મલ્લાપુર
અનુવાદઃ ડૉ.બકુલ ત્રિવેદી

'જંગલી' પશુ-પક્ષી જ્યારે માંદા પડે અથવા ઈજાગ્રસ્ત થાય ત્યારે, 'પાલતુ' પ્રાણીઓની જેમ, તેમની પણ નિષ્ણાત વડે સંભાળ લેવાય, તે જરૂરી બને છે. આપણા શહેરી-જીવનમાં જુદા જુદા પ્રસંગે આપણે એવી પરિસ્થિતિમાં મુકાઈ જઈએ છીએ, જ્યારે ઘવાયેલું પક્ષી અથવા છૂટું પડેલું કે તરછોડાયેલું બચ્ચું આપણી સામે આવી ચડે. શું કરવું? ઘવાયેલા પક્ષીને કઈ રીતે સારામાં સારી મદદ આપવી તે વિષે અહીં થોડી જાણકારી આપવાનો પ્રયત્ન કર્યો છે.

ઉનાળાથી બચ્ચાં આવવાનો સમય શરૂ થઈ જાય છે. આ દરમિયાન, બચ્ચાનું માળામાંથી પડી જવું અથવા તો તેનું માળાની નજીકમાં ક્યાંક પાંખો ફફડાવતું મળી આવવું, એ અસામાન્ય નથી. પીંછાં વિનાનું કે થોડાંક પીંછાંથી ઢંકાયેલું બચ્ચું જો માળામાંથી પડી ગયું હોય તો, તેને માળામાં પાછું મૂકી દેવું સૌથી ઉતમ છે. મોટે ભાગે તેનાં મા-બાપ નજીકમાં જ કયાંક બેઠાં બેઠાં આ જોતાં હશે! જો આખો માળો જ ઝાડ ઉપરથી પડી ગયો હોય તો બચ્ચાં સાથે માળો ઝાડ ઉપર પાછો મૂકી શકાય. 'માણસ'નો હાથ અડવાથી મા-બાપ બચ્ચાંને ત્યાગી નથી દેતાં. જો તમે બચ્ચાને માળામાં પાછું ગોઠવી ન શકો તો નાના ખોખા કે વાડકામાં ઘાસ કે ખરબચડા કાગળ('ટીસ્યુ') જેવું પાથરી તેમાં તેને મૂકો, જેથી તેને હૂંફ મળે અને તે સરકીને પડી ન જાય. બચ્ચું પીંછાથી પૂરું ઢંકાયેલું ન હોવાથી તેને હૂંફ આપવી ખૂબ જ અગત્યનું છે, નહીં તો તે પોતાના શરીરની ગરમી તરત જ ગુમાવી દેશે અને ઠંડું પડી જશે.

પાણી તો નહીં જ આપવાનું. બચ્ચાંની મા તેને પાણી નથી પીવડાવતી! પાણી જો તેનાં નાસિકા છિદ્રો દ્વારા શ્વાસનળીમાં જશે, તો તે ગુંગળાઈને મરી જશે.

ઘણી વાર બચ્ચાને બદલે આપણે તેને ઘાયલ પુખ્ત પક્ષી માની લઈએ છીએ. એટલે શરૂઆતમાં દૂરથી જ તે પક્ષીનું ધ્યાનથી નિરીક્ષણ કરવું જોઈએ. ઊડવાનું શીખતું બચ્ચું, ઘાયલ પક્ષી જેવું લાગે છે. આ દરમિયાન જો મા-બાપ, બચ્ચાને ખવડાવી જતા હોય અને બચ્ચું યોગ્ય પ્રતિભાવ આપતું હોય, તો એમ જ છોડી દેવું. જો બચ્ચું ત્રણ કલાક સુધી તરછોડાયેલું રહે, એટલે કે તેના વાલી તેની પાસે ન આવતાં હોય તો, તેને આપણી પાસે રાખી લેવું જોઈએ. બચ્ચાંને કોરા અને સુંવાળા(એટલે કે પોચા, નહીં કે લીસા) ટુવાલથી પકડવું જોઈએ. તેનાથી પક્ષી અને પકડનાર બંનેને રક્ષણ મળશે. બચ્ચાને કાણાવાળા બંધ ખોખામાંને રાખવું જોઈએ, જેથી તેને હૂંફ અને હવા બંને મળે. ખોખાને કોઈ શાન્ત જગ્યાએ મૂકવું જોઈએ. કોઈ પણ બચ્ચાને પાણી કે દૂધ આપવાં નહીં. પક્ષીઓ દૂધની બનાવટ નથી પચાવી શકતાં. બચ્ચાં, તેમને મળતાં ખોરાકમાંથી જ જરૂરી પાણી મેળવી લે છે. ખોખામાં ઘાસ કે સુંવાળા કાપડની પથારી કરી દેવી જોઈએ. 'નેપકીન' અથવા 'ટૉવેલ'માં રૂંછા હોવાથી તે પક્ષીનાં નહોરમાં ભરાઈ જાય છે અને તેનાથી તેમને ઈજા પહોંચે છે. બચ્ચાનો ખોરાક મેળવી રાખો અને કલાકેક પછી જ તેને હળવેથી આપવાનું શરૂ કરો. કોઈ પણ સંજોગોમાં બળજબરી કરશો નહીં. જીવાતભક્ષી બચ્ચાને થોડા સમય સુધી ,'ડૉગ ફૂડ'ને થોડું ભીનું કરી, તે આપી શકાય. ફળભક્ષી બચ્ચાને ફળનો માવો આપી શકાય.

ઘાયલ પક્ષીઓ ભેટી જવા, એ પણ બહુ સામાન્ય બનાવ છે. આ સંજોગોમાં તેના ઘાને નળના ચોખ્ખા પાણીથી સાફ કરવો જોઈએ. તે ભાગ સૂકો કરી તેના પર 'એન્ટીસૅપ્ટિક' મલમ કે 'પાવડર' મૂકવા જોઈએ. ઘા પર પટ્ટી કે પાટાની જરૂર નથી. દુઃખાવા માટેની કોઈ ગોળી કે દવા પણ આપવાની જરૂર નથી. નજીકના પશુચિકિત્સકનો સહાય માટે સંપર્ક કરવો જોઈએ. જાતે 'ફ્રેક્ચર' સીધું કરવાની અથવા મોટા ઘામાં કાપકૂપ કરવાની જરૂર નથી. તેવા સંજોગોમાં સીધો સ્થાનિક પશુચિકિત્સકનો સંપર્ક કરવો.આપમેળે કોઈ રસાયણ કે દવાનો પ્રયોગ કરવો નહી.

જ્યારે આપણે મદદ કરવા તૈયાર થઈએ છીએ ત્યારે, આપોઆપ આપણે શિરે જવાબદારી લઈએ છીએ. જ્યાં સુધી પક્ષી સંપૂર્ણ સાજું કે સ્વસ્થ ન થાય ત્યાં સુધી તેની યોગ્ય કાળજી લેવાવી જોઈએ. આવા પક્ષીને સાજું કર્યા પછી પાછું, કુદરતી વાતાવરણમાં મોકલવાનો આનંદ અદ્દ્ભુત હોય છે.

**સૌજન્ય** : પાન્ડા બુલેટીન, W.W.F

**પ્રેષક**: દિગબંર ગાડગીલ.

# મારો પક્ષીનિરીક્ષણનો શોખ

*શાંતિલાલ વરૂ*

(શ્રી શાંતિભાઈ વરૂ કચ્છના વતની છે તથા ગુજરાતના અગ્રણી પક્ષીનિરીક્ષકોમાંના એક છે. પક્ષીનિરીક્ષણ અંગેની ચોકસાઈ ભરી નોંધ રાખવી એ તેમની વિશેષતા છે. મારી વિનંતિને માન્ય રાખીને તેઓએ પોતાના આ શોખ વિષે 'લેખ' મોકલાવ્યો છે. - સં)

પક્ષી નિરીક્ષણનો શોખ મને આમ તો નાનપણથી જ હતો. નાનપણમાં મને પક્ષીઓ જોઈને આકર્ષણ રહેતું અને પક્ષીને મેં મારી રીતે ઓળખેલ.

અમારા આંગણામાં આવતા સફેદ દિવાળી ઘોડા (White Wagtail)ને હું 'ખેલાડી ચકલી' તરીકે ઓળખતો. તે પૂંછડી હલાવીને ઘૂમતું હોય છે. તે રીતે, નાનો પતરંગો (Little Green Bee-eater) લીલો રંગ ધરાવે છે, તેથી તેને 'લીલી ચકલી' તરીકે ઓળખતો. માધાપુરની પ્રાથમિક શાળામાં ભણતો ત્યારે, સ્વ. વિજયગુપ્ત મૌર્યનું પુસ્તક 'પ્રકૃતિનાં લાડકવાયા પંખીઓ' વાંચવા મળેલ, તેથી થોડી જાણકારી મળી. વળી, તે વખતે એક બાળકોનું સામયિક 'બાલમિત્ર' આવતું જેમાં પક્ષી અંગે કે કુદરત અંગે હું વાંચતો અને મજા આવતી, સાથે સાથે જાણકારી પણ મળતી. ત્યાર બાદ, જેમ જેમ મોટો થતો ગયો અને જાણકારી થતી ગઈ તેમ આ શોખને વિકસાવ્યો. 'અખંડઆનંદ'માં 'જ્ઞાન ગોષ્ઠી' વિભાગ આવતો, જે સ્વ. વિજયગુપ્ત મૌર્ય ચલાવતા (જે કચ્છના હતા). આ વિભાગમાં વન્ય જીવન અંગેની સંસ્થાની માહિતી આપવા પ્રશ્ન કરેલ, જેના જવાબમાં મને 'બોમ્બે નેચરલ હિસ્ટ્રી સોસાયટી'નું સરનામું મળેલ. ૧૦/૧૯૬૩માં આ સંસ્થા સાથે પત્રવ્યવહાર કરેલ. ત્યારે હું ધોરણ - ૯ માં અભ્યાસ કરતો હતો. આ સંસ્થાનો આવેલ જવાબ હજુ મારી 'ફાઈલ'માં સચવાયેલ પડેલ છે.

અગાઉ રાજકોટમાં પ્રકૃતિ મંડળ ચાલતું, જે પછી 'વિશ્વ પ્રકૃતિનિધિ' સૌરાષ્ટ્ર શાખા, રાજકોટમાં રૂપાંતરિત થયું. તેના મંત્રી શ્રી કિશોરભાઈ ગોહિલનો લેખ 'કુમાર' માસિકમાં આવેલ, જે વાંચીને મારા એક મિત્રે તેમને મારું સરનામું આપેલ, જેના અન્વયે કિશોરભાઈ ગોહિલનો મને જૂન - ૧૯૭૫માં પત્ર આવેલ. એમ હું પ્રકૃતિમંડળ રાજકોટનો સભ્ય બનેલો. ત્યાર બાદ હિંગોળગઢમાં મને પ્રકૃતિશિબિરમાં સપ્ટેમ્બર -૧૯૭૭માં ૧૫ દિવસ માટે 'વોલન્ટીયર' તરીકે બોલાવેલ. આ શિબિરમાં આ ક્ષેત્રના અનેક મહાનુભવોને મળવાનું થયેલ. જેમાં, સ્વ. ડૉ.સલીમઅલી, સ્વ. શિવરાજકુમાર ખાચર, દિગ્વિજયસિંહ ઝાલા, લવકુમાર ખાચર, લાલસિંહભાઈ રાઓલ, ડૉ. આર.ઈ. હૉકીન્સ, કાર્તિકેય સારાભાઈ વિગેરેનો સમાવેશ થાય છે.

મને અશ્મી સંગ્રહનો શોખ હોઈ તેનો અમુક સંગ્રહ હું હિગોળગઢ લઈ ગયો, જે પ્રદર્શન જોઈને સ્વ. ડૉ. સલીમઅલી પણ પ્રભાવિત થયેલ. સ્વ. ડૉ. સલીમઅલી મારી પક્ષીનાં ચિત્રોવાળી નિરીક્ષણ નોંધની નોટબુક જોઈને

પણ રાજી થયેલ. તેઓના હસ્તાક્ષર તે ડાયરીમાં મોજુદ છે.

હિંગોળગઢ શિબિરમાં જુદી - જુદી શાળાના વિદ્યાર્થીઓને પક્ષી ઓળખાવવાનો મોકો મળ્યો અને 'બોમ્બે નેચરલ હિસ્ટ્રી સોસાયટી' તરફથી 'રીગીંગ' અંગેની થોડી જાણકારી પણ મળી. ૧૯૭૪-૭૫માં કચ્છના પક્ષીવિદ્ મ.કુ.શ્રી હિંમતસિંહજી સાથે સંપર્ક થયેલ. તેમની સાથે આ વિષય પર આદાન- પ્રદાન થતું રહેતું. તેમની સાથે બન્નીના પ્રવાસ પણ ખેડ્યા. ત્યારે બન્ની અનોખું હતું, આજ જેવું પરદેશી બાવળથી ભરચક ન હતું. પક્ષીઓ પણ સારાં જોવા મળતાં, જેમાં કચ્છી બટાવડો (Spotted Sandgrouse), પીળચટ્ટો રણગોધલો (Creamcoloured Courser) ખાસ ગણાવી શકાય. મને બરાબર યાદ છે, ૧૯૭૮ની સાલમાં શિયાળામાં ખાવડા રોડ પર થાંભલે - થાંભલે જુદી જુદી ૬-૭ જાતનાં શિકારી પક્ષીઓ જોવા મળેલ,જેમાં ધોતી (Hobby), ધોળવો ઝુમ્મસ (Tawny Eagle), પરદેશી ઝુમ્મસ (Steppe Eagle), શ્વેતનેણ ટીસો (White - eye - Buzzard), શિયાળુ ટીસો (Longlegged Buzzard) વગેરેનો સમાવેશ થાય છે.

'વિશ્વ પ્રકૃતિનિધિ', રાજકોટ શાખા દ્વારા યોજાયેલ ગીર જંગલ પ્રાકૃતિક શિબિર, પીરોટન ટાપુ દરિયાઈ શિબિર તથા મનાલી (હિમાચલ પ્રદેશ) ખાતે પ્રાકૃતિક શિબિરમાં ભાગ લેવાની તક મળેલ. વળી 'સુરત નેચર ક્લબ' દ્વારા યોજાયેલ ડાંગ જિલ્લાની શિબિરમાં પણ ગયેલ. હું પક્ષીનિરીક્ષણની ડાયરી એપ્રિલ - ૧૯૭૩થી નિયમિત રાખું છું, જેમાં પક્ષીનું નામ, સ્થળ, તારીખ, પક્ષીની ઓળખ, તેમની વર્તણૂક, માળા બનાવવાની તથા ખાવાની પ્રવૃત્તિ વિગેરે બાબતની નોંધ ટપકાવું છું.

થોડા વરસથી પક્ષીના પ્રજનન અંગે તથા અલભ્ય પક્ષીઓ અંગે અલગ ડાયરી રાખેલ છે, જેથી આ અંગેની માહિતી તુરત જ મળી શકે. આ માહિતી અનેક રાષ્ટ્રીય, આંતરરાષ્ટ્રીય સંસ્થાઓ તથા રીસર્ચ સ્કોલરને આપેલ છે, જેથી તેમના અભ્યાસમાં મદદરૂપ થઈ શકે. વળી, કચ્છના પક્ષીવિજ્ઞાન અંગે પ્રસિધ્ધ થયેલ લેખો અંગે પણ અલગ ડાયરી રાખેલ છે.

સ્વ. ડૉ. સલીમઅલી ૧૯૭૯ની સાલમાં ભુજ આવેલા ત્યારે તેમને બીજી વાર મળવાનું થયેલ. એક વખત ઉમેદભવનમાં અને ત્યાર બાદ સ્વ. રામસિંહજી રાઠોડના નિવાસ સ્થાને મળેલ. તે વરસે સારો વરસાદ થવાથી સુરખાબનગરની મુલાકાતે આવેલ. અમે ભુજના પ્રકૃતિમિત્રો મ.કુ.શ્રી હિંમતસિંહજીની આગેવાની હેઠળ તેમને મળેલ અને સુરખાબ નગરમાં સુરખાબના 'રીંગીંગ'માં ભાગ લેવાનું જણાવેલ. તેઓએ અમને કઈ રીતે 'રીંગીગ' કરવું તે પણ સમજાવેલ. રણમાં ખૂબ જ પાણી હોવાથી સ્વ. ડૉ. સલીમઅલી સુરખાબનગર જઈ શક્યા નહીં અને 'રીંગીંગ'નો કાર્યક્રમ મુલતવી રહેલ.

'બોમ્બે નેચરલ હિસ્ટ્રી સોસાયટી', 'વિશ્વ પ્રકૃતિનિધિ', 'ગીર ફાઉન્ડેશન' વિગેરે સંસ્થા દ્વારા યોજાયેલ સેમીનારમાં ભાગ લીધેલ. વળી, જંગલખાતા તરફથી નળ સરોવર તથા છારી ઢંઢમાં થયેલ પક્ષીગણતરીમાં ભાગ લીધેલ. કચ્છમાં ૧૯૮૭ના વર્ષથી 'પેલીકન નેચર ક્લબ'ના નેજા હેઠળ અને મ.કુ. શ્રી હિંમતસિંહજીનાં માર્ગદર્શન હેઠળ પાણીનાં પક્ષીની ગણતરીની કામગીરી હજુ અવિરત ચાલુ છે. વળી 'ગીર ફાઉન્ડેશન' તરફથી થયેલી શિકારી પક્ષીઓની મોજણીની કામગીરી કચ્છમાં મેં સંભાળેલ.

'બોમ્બે નેચરલ હિસ્ટ્રી સોસાયટી' તરફથી છારી ઢંઢ તથા ફુલાય ખાતે 'માઈગ્રેશન પ્રોજેક્ટ', ૧૯૯૦-૯૨ દરમિયાન તથા 'ગ્રાસલેન્ડ પ્રોજેકટ' વર્ષ ૧૯૯૩-૯૫ દરમિયાન ચાલતો હતો. અહી પણ અવારનવાર મારે જવાનું થતું અને ત્યાં વૈજ્ઞાનિકો અશદ અસ્રર તથા જે. કે. તિવારી સાથે થોડું પક્ષીસંશોધન કરવાની તક પણ મળેલ.

ગુજરાતના જાણીતા પ્રકૃતિવિદ્ સ્વ. શ્રી હરિનારાયણ આચાર્ય, ઋતુપ્રવાસી પક્ષીઓના નિષ્ણાત સ્વ. શિવરાજકુમાર ખાચર, સૌરાષ્ટ્ર યુનિ. 'બાયો સાયન્સ' વિભાગના ભુતપૂર્વ વડા સ્વ. ડૉ. આર.એમ.નાયક, સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના 'બાયોસાયન્સ' વિભાગના ડૉ. તેજ મુંદકુર,

અમદાવાદ 'ઝુ' ના સ્વ. ડૉ. રુબીન ડેવીડ વિ. સાથે પત્રવ્યવહાર થયેલ અને જાણકારી મળેલ. આ મહાનુભાવોના પત્રો મારી ફાઈલમાં સચવાઈને પડેલ છે.

હાલ 'બોમ્બે નેચરલ હિસ્ટ્રી સોસાયટી' તથા 'વિશ્વ પ્રકૃતિનિધિ', 'ગીર ફાઉન્ડેશન', ગાંધીનગર, 'મેન્ગ્રો સોસાયટી ઑફ ઈન્ડિયા', ગોવા વિગેરે સંસ્થાઓનો આજીવન સભ્ય છું. 'ઓરીએન્ટલ બર્ડ ક્લબ', યુ. કે.નો પણ થોડા વરસથી સામાન્ય સભ્ય છું. 'ન્યુઝલેટર ફૉર બર્ડ વૉચર્સ' સાથે ૧૯૭૫ના વર્ષથી સંકળાયેલ છું. હાલ, 'બર્ડ કન્ઝર્વેશન સોસાયટી', ગુજરાતની કારોબારી સમિતિમાં પણ રહેવાની તક મળી છે.

આમ, મારા પક્ષીનિરીક્ષણ શોખને વિકસાવવા પ્રયત્ન કરી રહ્યો છું.

*જૂના વાસ, મંદિરવાળો ખાંચો, માધાપર, ભુજ ૩૭૦૦૨૦*

# પક્ષીઓમાં શ્રાવ્ય વ્યવહાર

**લેખકઃ અનિલ કુમાર**
અનુવાદઃ ડૉ.બકુલ ત્રિવેદી

સંપર્ક - સંસર્ગ - વ્યવહાર, એ પ્રાણીમાત્રના વર્તનનો મહત્ત્વનો આયામ છે. પક્ષીઓ પ્રાથમિક રીતે, એકબીજા સાથે દૃશ્ય અથવા શ્રાવ્ય સંદેશાથી વ્યવહાર રાખે છે. ભડક રંગોવાળી ખુલ્લી ચામડી, પૂંછડી, ચાંચ, પગ વગેરે શ્રાવ્ય સંદેશાની સાથે અથવા તેના વિના પણ, વ્યવહારિક આપ-લે માટે ઉપયોગમાં લેવાય છે. લાંબા અંતર માટે 'અવાજ', એ વ્યવહાર માટેનું આદર્શ માધ્યમ છે.

ધ્વનિ, પક્ષીઓનાં જીવનમાં અગત્યનો ભાગ ભજવે છે. જીવનનાં જુદાં જુદાં પાસાં, દા.ત. જોડીને જાળવી રાખવી, વાલી - બચ્ચાં વચ્ચેનો સંપર્ક ટકાવી રાખવો, જોખમ ભરેલી પરિસ્થિતિની ટોળાં કે કુટુંબીઓને જાણ કરવી, વગેરેમાં 'અવાજ'નો ફાળો ખૂબ જ મહત્ત્વનો છે.

ધ્વનિનું 'ગ્રાફિક' પ્રમાણ અથવા રેખાંકન, જેને 'સોનોગ્રામ' કે 'સાઉન્ડ સ્પેક્ટ્રોગ્રામ' કહે છે, તેના તરંગોના કંપનનો દર, તેનો વિસ્તાર, તેની સમયમાત્રા વગેરે, કોઈ પણ શ્રાવ્ય સંદેશાનું વિશિષ્ટ મુલ્યાંકન કરી તેને અન્યથી અલગ પાડે છે.

દરેક જાતિના 'ધ્વનિ-સંદેશ'નાં વિશિષ્ટ લક્ષણો તેને અન્ય જાતિથી અલગ પાડે છે અને તે જાતિને, ઉત્ક્રાંતિના વૃક્ષમાં તેના યોગ્ય સ્થાનને નક્કી કરવામાં મદદ કરે છે. નજીકની જાતિઓના 'ધ્વનિ સંકેતો'માં ઘણું સામ્ય હોય છે. કેટલીક જાતિમાં આ'ધ્વનિસંકેતો'નો પક્ષીની ગણતરી માટે ઉપયોગ થઈ શકે છે. ભારતમાં આ વિષય ઉપર ખૂબ ઓછા અભ્યાસ થયા છે. દૈયડ (Magpie Robin), બુલબુલ (Redvented Bulbul) , બ્લેકહેડેડ સ્ટાર્લિંગ (*Sturnus pagodarum*), હીલ મેના *(Gracula religiosa)*, ગ્રીનીશ લીફ વૉર્બલર (*Phylloscopus trochiloides*) વગેરેનો ઝીણવટપૂર્વક અભ્યાસ થયેલો છે.

પક્ષીઓના અવાજને સામાન્ય રીતે 'બોલી' (call) તથા 'ગાયન' (song), એમ બે વિભાગમાં વહેંચવામાં આવે છે. પણ આ ભેદ સ્પષ્ટ નથી અને લેખકો દ્વારા આ સંજ્ઞાઓનો ઉપયોગ ભળતી રીતે કરવામાં આવે છે. જુદા જુદા ગુણધર્મોને આધારે 'બોલી' (call) અને 'ગાયન' (song)નો ભેદ નીચે મુજબ સ્પષ્ટ કરી શકાય.

(૧) ભૌતિક ગુણધર્મોઃ સામાન્યતઃ 'બોલી', સરળ, ટૂંકી અને મહદ્અંશે એક જ ઘટક(element)ની બનેલી હોય છે. નમૂનારૂપ ગાયન, લાંબુ, જટિલ અને ઘટકોના સમૂહથી બનેલું હોય છે.

(૨) જૈવિક ગુણધર્મો : સામાન્ય રીતે ગાયનનો ઉપયોગ,

હદ (territory) નક્કી કર્યા બાદ તેની જાહેરાત કરવામાં તથા જોડી બનાવ્યા પછી કરે છે. બોલીનો ઉપયોગ સંપર્ક (contact) રાખવામાં, પાંખરવામાં (mating), ભય (threat), યાચના (begging) વગેરેની અભિવ્યક્તિમાં, નાસવામાં (flight) તથા જોખમના સંકેત (alarm) તરીકે કરે છે. (અપવાદ રૂપે, પ્રણયચેષ્ટાના તથા હદ વિસ્તાર નક્કી કરતી વખતે વપરાતા કેટલાક ધ્વનિસંકેતો જટિલ હોવા છતાં, બોલી અથવા 'કૉલ્સ' તરીકે ઓળખાય છે.)

(૩) શારીરિક રચનામાં તફાવત : 'સ્વરયંત્ર'ના રચનાત્મક તફાવતોથી પણ ગાયક અને બીન- ગાયક પક્ષીઓને જુદાં પાડી શકાય છે. સ્વરની ઉત્પત્તિ માટે વપરાતાં સ્નાયુઓ સ્વરયંત્રની બહાર (extrinsic) તથા અંદર (intrinsic), એમ બંને બાજુ હોય છે. બીન-ગાયક પક્ષીમાં બહારના સ્નાયુઓની માત્ર બે જોડી હોય છે, જ્યારે ગાયક પક્ષીમાં પાંચથી સાત જોડી હોય છે.

(૪) ચેતાતંત્રમાં તફાવતઃ ગાયક પક્ષીઓમાં, મગજના આગળના ભાગમાં સ્વરોત્પત્તિ માટેનાં ખાસ કેન્દ્રો આવેલાં છે. આવાં નવ કેન્દ્રોમાંથી નીકળતા જ્ઞાનતંતુઓ એક જુદો જટિલ તંતુસમૂહ બનાવે છે, જે 'ગાયન' માટે જરૂરી છે.

હોલા (doves) , કંસારા (barbets), દશરથિયા (nightjars) અને કોયલકુળ (cuckoo family)નાં પક્ષીઓ, ખાસ કરીને પ્રજંનન ઋતુમાં જોડી બનાવતી વખતે, પ્રમાણમાં સાદો પણ એકધારો, પુનરાવર્તિત અવાજ કર્યા કરે છે, જે ગાયન નથી, છતાં તેનો ગાયન તરીકે ઉલ્લેખ થાય છે.

**પક્ષીઓની ગાયકીનું વૈવિધ્ય :**

પક્ષીઓની ગાયકીમાં ભારે વૈવિધ્ય હોય છે. થ્રશ (thrush) તથા પિદ્દા (chat) જેવાં પક્ષીઓ માત્ર પ્રજનનની ઋતુમાં જ બોલે છે, જ્યારે બુલબુલ જેવાં પક્ષીઓ આખું વર્ષ બોલે છે. કેટલીક જાતિઓમાં માત્ર નર પક્ષીઓ જ બોલે છે, તો કેટલીકમાં માદા પણ બોલે છે. માદા પક્ષી એકલું પણ બોલી શકે અથવા નર પક્ષી સાથે યુતિમાં પણ બોલી શકે. માદા પક્ષીઓ સામાન્ય રીતે, પોતાની હદનું રક્ષણ કરવા, તેના જોડીદારના અન્ય માદા પક્ષી સાથેના સમાગમને અટકાવવા, નરને આકર્ષવા તથા પ્રજનન પ્રવૃત્તિને સુમેળભેર નિયંત્રિત કરવા બોલતાં હોય છે.

કેટલાક કિસ્સામાં, નર અને માદા એક સાથે સંયોજિત રીતે બોલતાં હોય છે. ચોક્કસ સમયના ગાળામાં રહીને તેઓ બોલે છે, જેને યુગલગીત (duet singing) કહી શકાય! ઘણું ખરું, તેઓ એકધારા સુનિયોજિત માળખામાં રહીને આવું યુગલ સંગીત ઊભું કરે છે, જે એટલું તો નિયમિત રીતે આવર્તિત થાય છે કે, તે બે પક્ષીની વચ્ચે ઊભા રહ્યા હોઈએ તો જ ખ્યાલ આવે કે, આ અવાજ એક પક્ષીનો નહીં પણ તે જોડીનો સહિયારો છે! આ યુગલગીતોમાં ગાયન પણ હોઈ શકે અથવા સાદા ધ્વનિસંકેતો પણ હોઈ શકે. બીનસ્વરયાંત્રિક (non-vocal) અવાજો જેવા કે, ઢોંકના ચાંચની કકરાટી (chattering) અથવા તો લક્કડખોદની ખોદણી (hammering) પણ આવા યુગલગીતનું ઘટક હોઈ શકે. ઘણી વાર, આવાં યુગલગીતો સાથે દશ્ય પ્રદર્શન (visual display) પણ જોડાયેલું હોય છે. કેટલીક જાતિ સમૂહગાયન પણ કરતી હોય છે, ખાસ કરીને વસાહતમાં માળા કરતી જાતિઓ.

પક્ષીઓ સામાન્ય રીતે સવારે ખૂબ મોટેથી ગાતાં ધ્યાનમાં આવે છે. તેનું કારણ એ છે કે, આ સમયે ધ્વનિનું પ્રસારણ વધુ અસરકારક રીતે થતું હોય છે, બપોરની સરખામણીમાં ૨૦ ગણું વધારે. કેટલીક જાતિઓમાં સવારે ગાવાનું પ્રમાણ ખૂબ વધારે હોય છે. આવી ભિન્ન જાતિઓનાં પક્ષીઓ ક્યારેક સાથે ગાતાં જોવા મળે છે. જેને 'સામૂહિક પ્રભાતિયું' (dawn chorus) કહે છે. આવી જ રીતે, રાતવાસાના સમય પહેલા સાંજના સમયે પણ ગાયનનું પ્રમાણ થોડું વિશેષ હોય છે. આ રાત વેળાના સંગીતમાં ગાયનને બદલે સાદા અવાજ પણ હોઈ શકે.

કાગડા, કાબરો, બુલબુલ, ચકલીઓ, રાતવાસા પહેલાના સામૂહિક સંગીત માટે જાણીતા છે.

એક જ જાતિમાં ઘણી વાર, સ્થાનિક, પ્રાદેશિક કે વ્યક્તિગત સ્તરે પણ બોલીમાં ભિન્નતા જણાય છે. (જેમ 'બાર ગાઉએ બોલી બદલાય', એવું જ ને!) પ્રાદેશિક તફાવતોને dialectsથી સંબોધાય છે. એક જાતિના ગાયનની આંતરિક રચનામાં પણ ભારે વિવિધતા હોય છે.

ચકલી જેવા પક્ષીમાં દરેક નર એક ટૂંકો, સાદો અને એકધારો અવાજ કાઢ્યા કરે છે, જ્યારે અમુક જાતિનાં પક્ષીઓ પાસે બે થી માંડીને સેંકડો ભિન્ન સ્વરસમૂહો તેમનાં સંગ્રહમાં હોય છે. *'Sedge Warbler'* ની બાબતમાં એક પક્ષીવિજ્ઞાનીએ અભિપ્રાય આપ્યો હતો કે, કદાચ તે તેના જીવનમાં કોઈ એક સ્વરસમૂહનું ફરી પુનરાવર્તન કરતું નથી! શા માટે કેટલીક જાતિમાં ગાયનનું આટલું વૈવિધ્ય હોય છે? સાથીદારની શોધમાં, કદાચ પોતાના હરિફ કરતાં ચડિયાતા દેખાવા માટે!

કેટલાંક પક્ષીઓ ગાયનનું વૈવિધ્ય, અન્ય પક્ષીઓના અવાજની નકલ કરીને લાવે છે. કોશી અને હરેવા આ બાબતે પાવરધા હોય છે. શ્રાવ્ય ધ્વનિ સિવાય, ધ્વનિતરંગોનો આગળના અવરોધોનું જ્ઞાન મેળવવા માટે પણ ઉપયોગ થાય છે (echolocation). ઈન્ડોનેશિયાના Cave Swiftlets તથા દક્ષિણ અમેરિકાના Oilbird 'નેવિગેશન' માટે, આ રીતે અશ્રાવ્ય ધ્વનિતરંગોનો ઉપયોગ કરે છે.

**અવાજના અભ્યાસનું મહત્ત્વ :**

પક્ષીઓના અવાજનો અભ્યાસ, તેઓના વર્તન-વ્યવહારમાં અવાજની ઉપયોગિતા વિષે આપણને વધુ માહિતગાર કરે છે. આ વિષય ઉપરનું સંશોધન, 'ન્યુરોબાયોલૉજી', પ્રાણીઓની વર્તણૂક (animal behaviour) તથા પરિસરતંત્ર (ecology) વગેરે વિજ્ઞાનશાખાઓની આપણી સમજમાં વધારો કરે છે. તેમના વર્ગીકરણમાં , નવી જાતિ-પ્રજાતિની ઓળખમાં, તેમના નામકરણમાં તથા તેમની ઉત્ક્રાંતિ વિષયક સમજણમાં, પક્ષીઓની બોલી-ગાયનનો અભ્યાસ મદદરૂપ થાય છે. દેખાવમાં સામ્ય ધરાવતી પક્ષીજાતિઓ (જેમ કે, ફૂત્કીકુળ warbler family તથા કોયલકુળ cuckoo familyનાં પક્ષીઓ) અવાજથી જુદાં પાડી શકાય છે. આમ પક્ષીની ઓળખમાં પણ અવાજ ઉપયોગી છે. દા.ત. કુહૂકંઠ (The Cuckoo, *Cuculus canorus*), તથા ભારતીય કુહૂકંઠ (Indian Cuckoo, *Cuculus microptarus*), દેખાવમાં ઘણી સરખી છે, પણ બંનેની બોલીમાં મોટો તફાવત છે. ભારતીય કુહૂકંઠનો ચાર બોલનો અવાજ (બો...કો...ટા....કો) છે, જ્યારે કૂહુકંઠનો બે બોલવાળો (કકૂ-કૂ) અવાજ છે. બંનેના અવાજની તીવ્રતા (loudness)માં પણ ઘણો ભેદ છે.

પક્ષીની ઘણી નવી જાતિઓની શોધ માત્ર તેમના અવાજની ભિન્નતાને કારણે થઈ છે. દા.ત.૧૯૯૨માં, પૂર્વ માડાગાસ્કરમાં Cryptic Warbler (*Cryptosylvicola randrianosoloni*) ની શોધ તેના અવાજથી થઈ હતી. કેટલાંક કિસ્સામાં, અવાજના ગુણધર્મોના આધારે 'પ્રજાતિ' (subspicies) ને 'જાતિ' (species)નો દરજ્જો મળ્યો છે. દા.ત. North American Western Grebe (*Aechmophorus occidentalis*) અને Clark's Grebe (*A. clarkii*) ને પહેલા રંગભેદને આધારે એક જાતિની બે પ્રજાતિ ગણવાંમાં આવતી. Willow Flycatcher (*Empidonay traillii*) તથા Alder Flycatcher (*E. elnorum*) ને પહેલા એક જ જાતિનાં ગણવામાં આવતાં, પણ પાછળથી શોધાયું કે, તેમના અવાજમાં ભેદ છે, એટલું જ નહીં પણ જો એક જાતિની બોલીને કૃત્રિમ રીતે વગાડવામાં આવતી (playback), તો બીજી જાતિનું પક્ષી કોઈ પ્રતિભાવ આપતું ન હતું. સામાન્ય રીતે, નર

પક્ષીઓમાં જોવા મળ્યું છે કે જો 'પ્લેબેક' વગાડવામાં આવે અને તે પોતાની જાતિનો સૂર હોય તો તેઓ વેગીલો પ્રતિભાવ આપે છે, અન્ય જાતિના અવાજને એવો પ્રતિભાવ આપતા નથી. જો કે, આ 'પ્લેબેક' તે જ કુળની અન્ય જાતિનો હોય તો કેટલીક જાતિમાં આંતરજાતિય પ્રતિભાવ જોવા મળે છે.

પક્ષીઓના અવાજને 'રેકર્ડ' કરી તેના 'પ્લેબેક'નો ઉપયોગ તેમને આકર્ષવામાં થાય છે. પક્ષીઓના અભ્યાસ માટે તથા તેમને કડી પહેરાવવા માટે જ્યારે નાયલોનની ઝીણી જાળી (mistnet)નો ઉપયોગ તેમને પકડવા માટે કરાય છે ત્યારે, આ રીતે અવાજના 'પ્લેબેક'નો ઉપયોગ થાય છે. પક્ષીગણતરી વખતે તેમની સંખ્યા જાણવામાં સુવિધા રહે તે માટે અથવા તો ઘુવડ (owls), અને દશરથિયા (nightjars) જેવાં નિશાચર (nocturnal) પક્ષીઓના સર્વેક્ષણ માટે પણ જે - તે જાતિના પક્ષીના 'રેકોર્ડેડ' અવાજના 'પ્લેબેક'નો ઉપયોગ થાય છે. રાત્રિ દરમિયાન થતાં યાયાવર પક્ષીઓના સ્થાળાંતર વખતે તેઓના અવાજનું પૃથક્કરણ (analysis) કરી તેમની ઓળખ તથા સંખ્યા વિશે માહિતી મેળવી શકાય છે.

હાલમાં 'અવાજના પ્રદૂષણ'ને લીધે કેટલાંક પક્ષીઓના અવાજનાં લક્ષણોમાં ફેરફાર નોંધવામાં આવ્યા છે. તેમના અવાજની મૂળ લઢણમાં તફાવત દેખાય છે. સારાં ગાયક પક્ષીઓનો અવાજ, ધ્વનિ પ્રદૂષિત વિસ્તારમાં વધુ કર્કશ બની જતો નોંધવામાં આવ્યો છે. આ કર્કશ અવાજને લીધે તેમને જોડી શોધવામાં તથા હદ (territory) નક્કી કરવામાં મુશ્કેલી પડે છે. બ્રિટનમાં કરાયેલાં સંશોધનોમાં, પ્રદૂષણને લીધે સૌથી વધુ અસરગ્રસ્ત પક્ષીઓમાં, પીળક (Golden Oriole, *Oriolus oriolus*), વુડ વૉર્બલર (*Phylloscopus sibilatri*), અને હૉફીન્ચ (*Coccothrarlsters coccothrautes*)નો સમાવેશ થાય છે.

આમ પક્ષીના ગાયન અને બોલીનો અભ્યાસ રસપ્રદ છે. કમનસીબે ભારતીય ઉપખંડમાં આ વિષયમાં ખૂબ ઓછાં સંશોધનો થયાં છે. આ કમી હવે પૂરી કરવાની જરૂર છે.

**સૌજન્ય :** 'રેઝોનન્સ' જૂન ૨૦૦૩, અનિલકુમાર , *વાઈલ્ડલાઈફ ઈન્સ્ટીયુટ ઓફ ઈન્ડિયા, પી.ઓ. ૧૮, ચંદ્રબાની, દહેરાદૂન - ૨૪૮૦૦૧*

**પ્રેષક :** ભરત પાઠક

## આભાર સ્વીકાર

| | | | | | |
|---|---|---|---|---|---|
| બકુલભાઈ શુક્લ, ભાવનગર | ૧૧૦૦-૦૦ | વિનોદભાઈ ગજ્જર, જસદણ | ૨૦૦-૦૦ | એ.કે.દેસાઈ, અમદાવાદ | ૧૦૦-૦૦ |
| કમલ મંગલદાસ, અમદાવાદ | ૧૦૦૦-૦૦ | જયંતિભાઈ મોવલિયા, જસદણ | ૨૦૦-૦૦ | બી.એલ.જાવિયા, વેરાવળ | ૧૦૦-૦૦ |
| વિનોદભાઈ નિમાવત, જુનાગઢ | ૧૦૦૦-૦૦ | શરદ દેસાઈ, મુંબઈ | ૨૦૦-૦૦ | ભરત રૂઘાણી, પોરબંદર | ૧૦૧-૦૦ |
| બિંદુબેન કાપડિયા, મુંબઈ | ૧૦૦૦-૦૦ | નાનુભાઈ ગુર્જર, અમદાવાદ | ૧૫૧-૦૦ | એચ.કે.પોલડિયા, મુંબઈ | ૧૦૦-૦૦ |
| જ્યોતલ ઠક્કર, અમદાવાદ | ૧૦૦૦-૦૦ | ક્યુ ફાર્મા પ્રા.લિ, વઢવાણ | ૧૦૦-૦૦ | એસ.કે.વસાવડા, જામનગર | ૧૦૦-૦૦ |
| જે.કે.તિવારી, કચ્છ | ૫૦૦-૦૦ | ગીરીશકુમાર દવે, ઉપલેટા, જિ.રાજકોટ | ૧૦૦-૦૦ | ટી.પી.ત્રિવેદી, ધાનેરા, જિ.બ.કાં | ૧૦૦-૦૦ |
| ધરમશી ટાંક, આણંદ | ૫૦૦-૦૦ | ડી.કે.દદાણી, ઉપલેટા, જિ.રાજકોટ | ૧૦૦-૦૦ | આર.ડી.રાજગોર,ધાનેરા, જિ.બ.કાં | ૧૦૦-૦૦ |
| સુનીલ પુવાર, ગોધરા | ૫૦૦-૦૦ | મનસુખભાઈ ગોહિલ, ઉપલેટા, જિ.રાજકોટ | ૧૦૦-૦૦ | અક્ષય જોષી, સુરત | ૧૦૦-૦૦ |
| યોગેન્દ્ર શાહ, ચિકુ વોરા ફારૂક ચૌહાણ, સુરેન્દ્રનગર | ૫૦૦-૦૦ | અશોકભાઈ મશરૂ, રાજકોટ | ૧૦૦-૦૦ | અરૂણ જોસેફ, અમદાવાદ | ૧૦૦-૦૦ |
| અમીત જેઠવા, મહુવા | ૨૫૧-૦૦ | પ્રવીણ પટેલ, રાજકોટ | ૧૦૦-૦૦ | વિભુપ્રકાશ, પિંજોર, હરિયાણા | ૧૦૦-૦૦ |
| નિરંજન દવે, ગોંડલ | ૨૫૧-૦૦ | નટુભાઈ ખાચર, જસદણ | ૧૦૦-૦૦ | શીતલ ઘેલાણી, વડોદરા | ૧૦૦-૦૦ |
| દિપક મારૂ, અમદાવાદ | ૨૫૧-૦૦ | | | અનિલ મુલચંદાની, અમદાવાદ | ૧૦૦-૦૦ |
| હેમંત સુથાર, ગાંધીનગર | ૨૫૦-૦૦ | | | એન.પી.ભટ્ટ, અમલેશ્વર | ૧૦૦-૦૦ |
| ડૉ.વી.સી. સોની, રાજકોટ | ૨૫૦-૦૦ | | | કિરણ આશર, અંજાર | ૧૦૦-૦૦ |
| પ્રદીપ નાયક, અમદાવાદ | ૨૦૧-૦૦ | | | હિરેન સોની, આણંદ | ૧૦૦-૦૦ |

# મ.કુ.હિંમતસિંહજીની કલમે



## ✦ વર્ષાઋતુનાં વિશિષ્ટ પક્ષી-અવલોકનોનો આછો ચિતાર (વિશેષ કચ્છના સંદર્ભમાં)

આ લેખ લખવા માટેની પ્રેરણા મને એક **નાની સિસોટી બતક** (Lesser Whisting Teal) ને જોવાથી મળી. બે ત્રણ દિવસ અગાઉ હું મારા મકાનની પરસાળમાં ઊભો હતો ત્યારે, આ બતક નીચું ઉડ્ડયન કરી પસાર થઈ. તે પરથી મને વિચાર સ્ફુર્યો કે, વર્ષાઋતુમાં કચ્છસહિત, સૌરાષ્ટ્ર અને મુખ્યત્વે ઉત્તર ગુજરાતમાં આવતાં પંખીઓ વિશે કંઈક લખું.

૧. **નાની સિસોટી બતકથી** શરૂઆત કરું તો, આ બતક ચોમાસાની મોસમમાં આપણે ત્યાં આવે છે.જ્યારે સારા પ્રમાણમાં વરસાદ થયો હોય અને જળાશયો ભરેલાં હોય ત્યારે, સિસોટી બતક સારી સંખ્યામાં જોવા મળે છે. આ બતકની જાત, ઝાડ પર માળો બનાવે છે. જ્યાં ઝાડ ન હોય ત્યાં, તે કોઈ વાર, જમીન પર, પાણીની વનસ્પતિમાં માળા બનાવતી નોંધાયેલ છે. મારા બંગલા પાસે એક વોંકળો છે. તેમાં એકાદ જોડી આવે છે અને લીબડાના ઝાડ પર ઈંડાં મૂકે છે. મેં બે વાર બચ્ચાં જોયા છે. તેઓ ઊંચેથી જમીન પર પડતું મૂકે છે અને ત્યાર બાદ, તેની મા તેને વોંકળા પર દોરી જાય છે. વચ્ચે એક નાની દિવાલ છે. તેને તે કેવી રીતે ઓળંગી શકે છે, તે હું જોઈ શક્યો નથી. એક વર્ષે બચ્ચાં નીચે પડ્યાં ત્યારે હું તેમને જોવા માટે ગયો. બતક, પાંખમાં ઈજા થયાનો ઢોંગ કરી, નીચું ઉડ્ડયન કરવા (broken wing trick) લાગી. જ્યારે માદા ઈંડાં સેવતી હોય ત્યારે તેનો નર, માળા પાસેની એક ડાળ પર બેસી ચોકી કરતો હોય છે. કુદરતની કેવી કરામત છે કે, પાણીમાં રહેતું પંખી દૂર ઝાડ પર ઈંડાં મૂકે અને બચ્ચાં જ્યારે ઊંચેથી નીચે પડે ત્યારે તેને કોઈ પ્રકારની ઈજા થતી નથી. વળી, જળાશય દૂર હોય તો ત્યાં પણ તે પહોંચી શકે છે.

૨. **ગિરજા બતક** (Cotton Teal)પણ કોઈક વખતે ચોમાસામાં આવે છે અને તે પણ ઝાડ પર ઈંડાં મૂકે છે. બનતા સુધી તે તળાવની પાળ પર યા નજીકનાં વૃક્ષો પર માળાની જગા પસંદ કરે છે. તે ઝાડની ડાળમાં, બખોલ યા બે ડાળો વચ્ચે ખાંચો હોય તેમાં ઈંડાં મૂકે છે.પીછા અને ઘાસની સળી કોઈક વખત માળામાં ગોઠવે છે.

૩. **ચોમાસુ બટેર** (Rain Quail) પણ વર્ષાઋતુમાં આપણી પાસે પ્રજનન કરવા આવે છે. તેનો નર, સવારે તથા સાંજે અને કોઈ વાર વાદળછાયું આકાશ હોય તો આખો દિવસ, ઉપરાંત, રાત્રે *પણ મોટા ભાગે ચંદ્રનું અજવાળું હોય ત્યારે*, સતત 'પીપ..પીપ' યા 'ચીપ..ચીપ', મોટેથી સિસોટી જેવો અવાજ કરે છે. હાલ આ પંખીની સંખ્યા પણ ઘટી ગઈ છે. મારા અભિપ્રાય પ્રમાણે, એ ઘટાડા માટેનાં કારણો વિશે સંશોધન કરવું આવશ્યક બન્યું છે. હું આશા રાખું છે કે, આ સંશોધનનું કાર્ય વહેલી તકે હાથ ધરાય.

૪. વર્ષાઋતુમાં તેનું પ્રજનન થતું નથી, પરંતુ ઓગસ્ટ માસમાં કચ્છમાં જોવામાં આવ્યું છે તેથી અને ડૉ. સલીમ અલીનું માનવું છે કે, કચ્છમાં કોઈક વખતે તે બચ્ચાં ઉછેરતું હશે, એટલે **મોટી બટેર** (Common or Grey Quail)નો અત્રે ઉલ્લેખ કરું છું. શિયાળુ મુલાકાતી તરીકે અગાઉ આ બટેર કચ્છમાં મોટી સંખ્યામાં આવતી. સિંધમાં પણ તેનું પ્રજનન નોંધાયું છે. હાલનાં વર્ષોમાં તેની પણ સંખ્યા ઘટી ગઈ છે અને તે જવલ્લે જ દ્રષ્ટિગોચર થાય છે. આ પંખી વિશે એક બીજો પણ રસપ્રદ ઉલ્લેખ કરું અને તે એ કે, તે એના કુળ(Galliformes)નું એક જ પંખી છે, જે યાયાવર છે અને લાંબુ ઉડ્ડયન કરવાની ક્ષમતા ધરાવે છે.

૫. **ખડમોર** (Lesser Florican) તો ઘણું જ જાણીતું પંખી છે, જે ચોમાસામાં તેનું પ્રજનન કરવા આપણી ઘાસિયા જમીનમાં આવે છે. લુપ્ત થવાના જોખમને વહોરતા આપણાં પંખીઓમાંનું તે એક છે. તેને અને તેનાં રહેઠાણોને બચાવવા માટે કોશિશ ચાલુ છે. ડૉ. રવિશંકરને ખડમોરનો ઊંડો અભ્યાસ કર્યો છે. તેમના તૈયાર કરેલ અહેવાલો વાંચવા જોઈએ જેથી એ પક્ષીના બચાવ કાર્યમાં, જ્યાં શક્ય હોય

અને જેમ શક્ય હોય તે પ્રમાણે યોગદાન આપી શકાય.

૬. સામાન્ય રીતે કચ્છ અને ઉત્તર ગુજરાતના સૂકા ઈલાકાઓમાં ત્રણ પ્રકારના હોલા જોવા મળે છે, તે પૈકી **લોટણ હોલો** (Red Turtle Dove) અમુક નાની સંખ્યામાં સ્થાનિક નિવાસી છે, પરંતુ ચોમાસાની ઋતુમાં તેની સંખ્યા અનેકગણી વધે છે. તેનું પ્રજનન વ્યાપક પ્રમાણમાં થતું હોય છે. એટલે એ હોલો, સ્થાનિક નિવાસી કરતાં યાયાવર વધું છે. શરદ ઋતુમાં તેના મોટા સમૂહ જોવા મળે છે. મોટે ભાગે, લોટણ હોલા ટેલિફોન અથવા વીજળીના તાર પર હારબંધ બેસતાં હોય છે, જ્યાંથી તે નીચે ખેતર યા ખુલ્લી જમીન પર ઊતરી અને ખોરાક મેળવતાં હોય છે. તે બીકણ સ્વભાવના હોવાથી વારે ઘડીએ સમૂહમાં ઊડી અને તાર પર બેસી જાય છે અને ફરી વાર નીચે ચણવા માંડે છે. આ રીતે તે અમુક દિવસો માટે જોવા મળે અને ત્યાર બાદ અદૃશ્ય થઈ જતાં હોય છે. આવાં ટોળાં કે સમૂહ મેં તેમના આગમન સમયે જોયા નથી. આ હોલો પણ ઉપખંડમાંની કઈ જગ્યાએથી આવે છે, તે એક સંશોધનનો વિષય છે. જ્યારે તે સમૂહમાં એકઠા થાય છે ત્યારે, તેને પકડીને તેના પગમાં કડી પહેરાવવામાં આવે, તો તે પરથી આ બાબત માહિતી મળી શકે. પક્ષીઓ વિશેના આપણાં પુસ્તકોમાં તેની પ્રજનન ઋતુ વિશે ચોકકસ માહિતી આપવામાં આવી નથી. ડૉ. ટી. જે. રૉબર્ટ્સ તેમના 'પાકિસ્તાનનાં પક્ષીઓ' (The Birds of Pakistan) માં જણાવે છે કે, ત્યાં લોટણ હોલા એપ્રિલ-મેમાં બચ્ચાં ઉછેરે છે. કચ્છમાં મેં તેમને જુલાઈ-ઓગસ્ટમાં માળા કરતાં જોયા છે. તે સિવાયની ઋતુમાં મેં તેનું પ્રજનન નોંધ્યું નથી. આની સરખામણીમાં, હોલો(Ring Dove) અને હોલી(Little Brown Dove) માર્ચથી મેં સુધી માળા કરે છે, પરંતુ તેમાંનાં ઘણાં પક્ષીઓ સારાએ વર્ષ દરમિયાન પ્રજનન કરતાં હોય છે.

૭. **ચાતક** (Pied Crested Cuckoo) દર વર્ષા ઋતુમાં આપણા વગડામાં આવે છે. સ્વ. શિવરાજકુમાર ખાચર (જસદણ દરબાર સાહેબ) તેને વરસાદનો છડીદાર કહેતા. આ પંખી, કોયલના કુળનું છે અને તે મોટા ભાગે લેલાં જેવાં પક્ષીઓના માળામાં ઈંડાં મૂકે છે. તેનાં બચ્ચાંને બીજા પંખીઓ ખવડાવીને ઉછેરે છે. ચાતક બચ્ચું પીછાં પૂરા ઊગી ગયા બાદ, માળામાંથી નીકળે છે ત્યારે, તેનાથી તેને ઉછેરનાર પક્ષી અડધા યા તેથી પણ નાના કદનું લાગે છે અને બચ્ચાંને ખવડાવે ત્યારે એક વિચિત્ર રમૂજી દૃશ્ય ખડું થાય છે.

આપણે ત્યાં અને પાકિસ્તાનમાં આવતા ચાતક પૂર્વ આફ્રિકાની ઉપજાતિ (race) છે. ઈંડાં મૂક્યા બાદ આ પંખી પૂર્વ આફ્રિકામાં શિયાળો ગાળવા ઉડ્ડયન કરી જાય છે બચ્ચાં પણ મોટાં થઈ ત્યાં જ પહોંચી જતાં હોય છે.

૮. **કૂહુકંઠ** (The Cuckoo), કચ્છ અને પાડોશના પ્રદેશોમાં લગભગ ઑગસ્ટના અંતથી ઑક્ટોબરની શરૂઆત સુધી જોવા મળે છે. આ પંખી પણ પૂર્વ આફ્રિકા સુધી જાય છે. તેનું પ્રજનન હિમાલયની તળેટીના ભાગોમાં ઉનાળાના મહિનાઓ દરમિયાન અને ખાસ ચોમાસામાં થાય છે. આપણે ત્યાં તે પ્રવાસી મુલાકાતી (passage migrant) છે. કોઈ કારણોસર ડૉ. સલીમઅલી તેમના 'કચ્છનાં પંખીઓ'(The Birds of Kutch) માં જણાવે છે કે, તે અહી પ્રજનન કરે છે, પરંતુ મેં તેને બોલતા સાંભળ્યું નથી, તેમ તેની ઈંડાં મૂકવાની પ્રવૃત્તિ પણ જોઈ નથી. તાજી પ્રસિદ્ધ થયેલી 'હિંદના પક્ષીઓ' (The Book of Indian Birds) ની ૧૩મી આવૃત્તિમાં, આપણે ત્યાં ગુજરાતમાં તેના બચ્ચાંઉછેર વિશે કોઈ ઉલ્લેખ નથી.

૯. **મોટો પતરંગો** (Bluecheeked Bee-eater) પણ જો વરસાદ સારા પ્રમાણમાં થયો હોય અને પાણી ભરાયાં હોય તો તેવાં વર્ષોમાં પ્રજનન કરે છે. લગભગ મે મહિનામાં તેનું આગમન થાય છે અને જૂનથી ઑગસ્ટ દરમિયાન માળા માટે તે ભેખડો અને માટીબંધ પર દર ખોદવાનું ચાલુ કરે છે, જેમાં તે સમૂહમાં બચ્ચાં ઉછેરે છે. કચ્છમાં સૌ પ્રથમ આ પંખીવસાહતની શોધ કચ્છમમાં શ્રી શિવરાજકુમાર ખાચર અને શ્રી લવકુમાર ખાચરે કરેલ હતી. ત્યાર બાદ, ભુજ નજીક દેવીસર તળાવ પાસે અને બન્નીમાં, ભુજથી પચ્છમ તરફ જતાં રસ્તાની બાજુમાં આવેલ ટેલિફોનના તાર પર તેમનાં બચ્ચાંને ખવડાવતાં નોંધાયા છે.

૧૦. **તારોડિયા** (Wiretailed Swallow)નું પ્રજનન પણ મોટે ભાગે ચોમાસામાં થતું હોય છે. આમ સામાન્ય રીતે નાની સંખ્યામાં તે સ્થાનિક નિવાસી છે, પરંતુ વર્ષાઋતુમાં

તેની સંખ્યા વધવા પામે છે. મકાનોનાં છતની નીચે, પૂલ નીચે, ક્યાંક ભેખડ નીચે, તે તેના ઊંડી રકાબીના આકારના માટીના માળા બનાવે છે. મહદ્ અંશે પાણી પાસે રહેવાનું પસંદ કરે છે. સારા પ્રમાણમાં વરસાદ થાય, ખાડા, ખાબોચિયાં, સીમતળાવો વગેરે ભરેલાં હોય, તેવાં વરસોમાં આ તારોડિયાને તેના માળા બનાવવા માટે માટી ઉપલબ્ધ થાય, એટલે તે વ્યાપક પ્રમાણમાં હાજરી નોંધાવે છે. સામાન્ય રીતે, મારા મકાનની આસપાસ આ પંખીને હું જોતો નથી, પરંતુ આ સાલ, બાજુમાં વોંકળામાં પાણી ભરેલું છે ત્યારે, હું બે જોડીને આમતેમ ઊડતાં જોઉં છું.

૧૧. સામાન્ય રીતે શિયાળામાં મુલાકાતી પંખી તરીકે પીળક (Golden Oriole), કચ્છમાં નોંધાયું છે, પરંતુ જવલ્લે તે ઉનાળાના અંતમાં અને ચોમાસાની શરૂઆતમાં કચ્છમાં પ્રજનન કરતું નોંધાયું છે. તે ભુજમાં, ઉધાનોમાં અને માંડવીમાં,વાડીઓમાં પોતાની હાજરી પૂરાવે છે. આપણે ત્યાં આવતાં આ પંખીમાં બે ઉપજાતિ (subspecies) છે ; તેમાં એક યાયાવર છે, જે મધ્યએશિયા વગેરે સ્થળોથી આવજા કરે છે. ભારતની સ્થાનિક નિવાસી એક જ ઉપજાતિ 'Kundoo' છે, જેનું આપણે ત્યાં પ્રજનન થાય છે.ભારતની સ્થાનિક નિવાસી ઉપજાતિ (race)માં આંખ પરની કાળી લીટી, તેની આંખની પાછળ સુધી હોય છે.

નોંધ :- મેં કૂહુકંઠ વિશે લખતાં ઉપર જણાવ્યું છે કે, ડૉ. સલીમ અલીના અભિપ્રાય પ્રમાણે, આ પક્ષીનું કચ્છમાં પ્રજનન થાય છે. 'ધ બર્ડ્સ ઑફ કચ્છ'માં તેઓ જણાવે છે કે, તેમણે જે બે નમૂના મેળવ્યાં તેમના પ્રજનન અવયવો તપાસવાથી માલુમ થયું કે, તેમનું પ્રજનન કાર્ય ચાલું હતું. ત્યાર બાદ, તેમણે આ પંખીઓને ચંડૂલ(Lark) અને ધાનચીડી (Pipit)ના માળા શોધતાં જોયા હતાં અને તે બન્ને જાતનાં પંખીઓ મોટા અવાજ કરીને કૂહુકંઠ પર આક્રમણ કરી રહ્યાં હતાં. એ સિવાય, બીજા કોઈએ એ પંખીને બોલતાં સાંભળ્યા નથી, તેમજ તેમને બીજાં પંખીઓના માળામાં ઈંડાં મૂકી જતાં નોંધ્યાં નથી.

**મ.કુ.હિંમતસિંહજી**
*જ્યુબિલિ ગ્રાઉન્ડ, ભુજ - ૩૭૦૦૦૧*

✵

જાણીતા સામયિક 'સફારી'ના અંક નં. ૧૧૦માં ભારતનાં રાજ્યપક્ષીઓ અંગે માહિતી આપી છે, એ મુજબ.

ગુજરાત - હંજ Flamingo, પ. બંગાળ - સફેદ છાતી કલકલિયો Whitebreasted Kingfisher, આંધ્ર પ્રદેશ- ચાસ Indian Roller , બિહાર-ચાસ Indian Roller , કર્ણાટક-ચાસ Indian Roller, મહારાષ્ટ્ર - ગ્રીન ઈમ્પીરિયલ પીજીયન Green Imperial Pigeon, ત્રિપુરા - ગ્રીન ઈમ્પીરિયલ પીજીયન Green Imperial Pigeon , મધ્ય પ્રદેશ- દૂધરાજ Paradise Flycatcher, હિમાચલ પ્રદેશ- મોનાલ Himalayan Monal ઉત્તરાંચલ- મોનાલ Himalayan Monal, અરૂણાચલ પ્રદેશ- ચિલોત્રો Great Pied Hornbill , કેરળ- ચિલોત્રો Great Pied Hornbill, હરિયાણા- કાળો તેતર Black Francolin, પંજાબ-શકરો Goshawk, છત્તીસગઢ - પહાડી મેના Hill Myna, મેઘાલય- પહાડી મેના Hill Myna, ગોવા - કાળી કલગીવાળું બુલબુલ Blackcrested Bulbul, નાગાલેન્ડ- બ્લિથનો વનમોર Blyth's Tragopan, મણીપુર-હ્યુમનો વનમોર Mrs. Hume's Pheasant, મિઝોરમ-હ્યુમનો વનમોર Mrs. Hume's Pheasant, તામિલનાડુ - નીલમ હોલી Emerald Dove , રાજસ્થાન- ઘોરાડ Great Indian Bustard, સિક્કિમ- લાલ વનમોર Blood Pheasant, ઝારખંડ - કોયલ Koel , જમ્મુ કાશ્મીર- કાળી ડોકવાળું કુંજ Blacknecked Crane, ઉત્તરપ્રદેશ- સારસ Sarus, લક્ષદ્વિપ- વાબગલી Tern,

દિલ્હી, આસામ, આંદામાન-નિકોબાર, ચંદીગઢ, દાદરાનગર હવેલી, દમણ-દીવ તથા પાંડીચેરીને પોતાનાં રાજ્યપક્ષીઓ નથી.

**પ્રેષક :** સુરેશ નાકરાણી, કુંકાવાવ
**સૌજન્ય :** 'સફારી' અંક - ૧૧૦